સૌરાષ્ટ્ર આવૃત્તિ

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 59 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 March 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૧૧ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર ૨.૦: પ્રથમ બજેટ

## બજેટનું કદ સાત લાખ કરોડઃ મહેસૂલી ખાધ બમણી થઈઃ દેવું નવ લાખ કરોડથી વધી જવાની શક્યતા



**હમ સાથ સાથ હૈઃ** રાજ્યનું બજેટ રજૂ કરવા પહેલા નાયબ મુખ્ય પ્રધાન અને રાજ્યના નાણાપ્રધાન અજિત પવાર સાથે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અન્ય વિધાનસભ્યો. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વધતા મહેસૂલી ખર્ચ અને દેવાના બોજ હેઠળ દબાયેલું, મૂડી ખર્ચમાં નજીવા વધારા સાથેનું મહારાષ્ટ્રનું બજેટ-૨૦૨૫ નાણાં પ્રધાન અજિત પવારે સોમવારે રજૂ કર્યું હતું જેનું કદ રૂ. સાત લાખ કરોડનું હતું, બજેટમાં કોઈ નવી મહત્ત્વપૂર્ણ યોજના જાહેર કરવામાં આવી નહોતી, પરંતુ ૨૦૨૪માં વિધાનસભા ચૂંટણી દરમિયાન શાસક ગઠબંધન દ્વારા તેના મેનિફેસ્ટોમાં આપવામાં આવેલાં ઘણાં વચનો પૂરાં કરવામાં પણ મૌન સેવવામાં આવ્યું હતું, જેમ કે લાડકી બહેન યોજના માટે માસિક ખર્ચમાં વધારો અને કૃષિ લોન માફી વગેરે.

અગાઉની મહાયુતિ સરકારે જાહેર કરેલા ચૂંટણીના વર્ષની રાહતો અને વર્ષના મધ્યમાં તેના અમલથી મહારાષ્ટ્રનાં નાણાકીય સ્વાસ્થ્ય પર અસર પડી હતી, જેનાં પરિણામે ૨૦૨૪-૨૫ના બજેટ અંદાજ કરતાં મહેસૂલ ખર્ચમાં રૂ. ૮૭,૩૪૧.૧૫ કરોડનો વધારો થયો હતો. દરમિયાન, ૨૦૨૫-૨૬ માટેના મૂડી ખર્ચમાં વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટ અંદાજ કરતાં રૂ. ૯૨,૭૭૯ કરોડનો વધારો જોવા મળ્યો છે. 'મહારાષ્ટ્રનું બજેટ કદ રૂ. સાત લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, જે ઉત્તર પ્રદેશ પછી દેશનું સૌથી મોટું બજેટ છે. પરિણામે,

(જુઓ પાનું ૨) ⏩

## મણિપુરમાં ૧૨ આતંકીઓની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરમાં સુરક્ષા દળોએ છેલ્લા બે દિવસમાં વિવિધ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા ઓછામાં ઓછા ૧૨ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ જાણકારી પોલીસે સોમવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર શનિવારે ભારત-મ્યાનમાર સરહદ પર ટેંગનોપાલ જિલ્લાના ઇમ્ફાલ પશ્ચિમના લેંગોલ ટાઇપ-૨ વિસ્તારમાંથી પ્રતિબંધિત યુનાઇટેડ પીપલ્સ પાર્ટી ઓફ કાંગલેઇપાક(યુપીપીકે)ના ત્રણ સક્રિય કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. તેમજ કાંગલેઇ યાઓલ કન્ના લુપ (કેવાયકેએલ)ના સભ્યની પણ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે રવિવારે પ્રતિબંધિત નેશનલ રિવોલ્યુશનરી ફ્રન્ટ ઓફ મણિપુરની એક મહિલા કાર્યકર્તાની ઇમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે રવિવારે ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના ખોંગમન નાંદેઇબામ

(જુઓ પાનું ૨) ⏩

## ઝારખંડમાં ફટાકડાની દુકાનમાં આગ લાગવાથી ત્રણ બાળક સહિત પાંચનાં મોત

ગઢવાઃ ઝારખંડના ગઢવામાં ફટાકડાની દુકાનમાં આગ લાગવાથી ત્રણ બાળક સહિત ઓછામાં ઓછા પાંચ લોકો દાઝીને મરણ પામ્યાં હતાં, એમ એક પોલીસ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

આ ઘટના રાંકા પોલીસ સ્ટેશન વિસ્તારના ગોદરમાના બજારમાં બની હતી. ગઢવાના એસપી દીપક પાંડેએ જણાવ્યું હતું કે, ''અહીં એક ફટાકડાની દુકાનમાં આગ ફાટી નીકળતાં પાંચ લોકોના મોત થયાં હતાં. આમાંથી ત્રણ બાળક હતાં. અમે ઘટનાની તપાસ કરી રહ્યા છીએ.''

પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. દરમિયાન મુખ્ય પ્રધાન હેમંત સોરેને આ ઘટનામાં

(જુઓ પાનું ૨) ⏩

## ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ એમપીમાં હિંસાઃ ૧૩ની ધરપકડ



**બબાલ અને આગઃ** ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડને ભારતે હરાવ્યા પછી ઉત્તર પ્રદેશના મહુમાં કાઢવામાં આવેલા વિજયી સરઘસને પગલે અથડામણ ફાટી નીકળી હતી. જોકે પોલીસોએ તરત જ તેનાં પર કાબૂ મેળવી લીધો હતો. (એજન્સી)

મહુ/ઇન્દોરઃ મધ્ય પ્રદેશના મહુ શહેરમાં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતીય ક્રિકેટ ટીમની જીતની ઉજવણી કરતી રેલી પર પથ્થરમારો કર્યા બાદ અથડામણના સંબંધમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

ઈન્દોરના કલેક્ટર આશિષ સિંહે પત્રકારોને જણાવ્યું હતું કે રવિવારે મોડી રાત્રે બનેલી આ ઘટનામાં ચાર વ્યક્તિને ઈજા થઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, ઈન્દોર જિલ્લામાં

(જુઓ પાનું ૨) ⏩

## ભોપાલમાં સ્ટેજ તૂટી પડતાં કૉંગ્રેસના સાત નેતા ઘાયલ

ભોપાલઃ સોમવારે કૉંગ્રેસ પાર્ટીના ઓછામાં ઓછા સાત નેતાઓ ઘાયલ થયા જ્યારે તેઓ સંબોધન કરી રહ્યા હતા તે મંચ ભોપાલમાં તૂટી પડવાથી, એમ એક ધારાસભ્યએ જણાવ્યું હતું.

કોંગ્રેસના ધારાસભ્ય જયવર્ધન સિંહે જણાવ્યું હતું કે, આ ઘટના ત્યારે બની જ્યારે પાર્ટીના નેતાઓ મધ્ય પ્રદેશ વિધાનસભા તરફ કૂચ કરતા પહેલા રંગમહેલ સ્ક્વેર નજીક વિરોધ કરનારાઓને સંબોધિત કરી રહ્યા હતા.

તેમણે કહ્યું કે જ્યારે આ ઘટના બની ત્યારે રાજ્ય સરકારની ''ખેડૂત વિરોધી'' નીતિઓ સામે વિરોધ કરવામાં આવી રહ્યો હતો.

કૉંગ્રેસ કાર્યકર્તાઓ, જોકે, આયોજન મુજબ વિધાનસભા તરફ કૂચ કરી રહ્યા હતા, પણ પોલીસ દ્વારા વોટર કેનનનો ઉપયોગ કરતા અટકાવવામાં આવ્યા હતા. ભોપાલ ઝોન ૧ના એડિશનલ ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ, રશ્મિ અગ્રવાલ દુબેએ જણાવ્યું હતું કે, ''અમે વિસ્તારને બેરિકેડ કરી દીધો છે અને અમારું કામ કરી રહ્યા છીએ.'' ■

## છત્તીસગઢ દારૂ કૌભાંડઃ ભૂપેશ બઘેલના પુત્ર અને અન્યોને ત્યાં ઈડીના દરોડા

રાયપુરઃ છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને કૉંગ્રેસ નેતા ભૂપેશ બઘેલના પુત્ર વિરુદ્ધ દારૂ કૌભાંડ કેસમાં મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ સોમવારે તેમના પરિસરમાં દરોડા પાડ્યા હતા. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલના ભિલાઇ(દુર્ગ જિલ્લો) સ્થિત પરિસરો, ચૈતન્ય બઘેલના નજીકના સહયોગી લક્ષ્મી નારાયણ બંસલ ઉર્ફે પપ્પુ બંસલ અને કેટલાક અન્ય લોકોના પરિસરો પર મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (પીએમએલએ)ની જોગવાઇઓ હેઠળ શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

ચૈતન્ય બઘેલ તેના પિતા સાથે ભિલાઇમાં રહે છે અને તેથી આ પરિસરને પણ આવરી લેવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે તે(ચૈતન્ય બઘેલ) દારૂ કૌભાંડની આવકનો પ્રાપ્તકર્તા હોવાની શંકા છે. રાજ્યમાં લગભગ ૧૪-૧૫ પરિસરો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ અગાઉ કહ્યું હતું કે છત્તીસગઢ દારૂ કૌભાંડથી રાજ્યની તિજોરીને ભારે નુકસાન થયું છે. આ અપરાધની આવકથી ૨૧૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ દારૂ સિન્ડિકેટના લાભાર્થીઓના ખિસ્સામાં ગઇ છે. ઇડીએ આ કેસમાં જાન્યુઆરીમાં ભૂતપૂર્વ પ્રધાન અને કૉંગ્રેસ નેતા કવાસી લખમા ઉપરાંત રાયપુરના મેયર અને કોંગ્રેસ નેતા એજાઝ ઢેબરના મોટા ભાઇ અનવર ઢેબર, ભૂતપૂર્વ આઇએએસ અધિકારી અનિલ તુટેજા, ભારતીય ટેલિકોમ સેવા(આઇટીએસ) અધિકારી અરુણપતિ ત્રિપાઠી અને કેટલાક અન્ય લોકોની પણ ધરપકડ કરી હતી. ઇડી અનુસાર રાજ્યમાં કથિત દારૂ કૌભાંડ ૨૦૧૯ અને ૨૦૨૨ની વચ્ચે થયું હતું, જ્યારે છત્તીસગઢમાં સીએમ બઘેલના નેતૃત્વમાં કૉંગ્રેસની સરકાર હતી. આ તપાસ હેઠળ અત્યાર સુધીમાં એજન્સી દ્વારા વિવિધ આરોપીઓની લગભગ રૂ. ૨૦૫ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી છે.




## ફિલ્મ 'લાપતા લેડીઝ'એ આઇફામાં મચાવી ધૂમ, ફિલ્મે જીત્યા ૧૦ ઍવૉર્ડ

### પહેલી વાર 'આઈફા'માં બે ગુજરાતીને ઍવૉર્ડઃ જાનકી બોડીવાલાને 'વશ' માટે અને સ્નેહા દેસાઈને 'લાપતા લેડીઝ' માટે

જયપુરઃ છેલ્લાં ૨૫ વર્ષથી યોજાઈ રહેલા 'આઈફા'માં પહેલી જ વાર બે ગુજરાતીઓને ઍવૉર્ડસથી નવાજવામાં આવ્યા છે. તેમાં 'વશ'ની કલાકાર જાનકી બોડીવાલા અને 'લાપતા લેડીઝ'ની લેખિકા સ્નેહા દેસાઈનો સમાવેશ થાય છે.

રાજસ્થાનના જયપુરમાં આયોજિત ૨૦૨૫ ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ ઍકેડેમી' (આઈફા) ઍવૉર્ડ્સમાં કિરણ રાવની ફિલ્મ 'લાપતા લેડીઝ'એ ધૂમ મચાવી અને સર્વશ્રેષ્ઠ ફિલ્મ અને સર્વશ્રેષ્ઠ ડિરેક્શન સહિત કુલ ૧૦ ઍવૉર્ડ જીત્યા હતા.

ઓસ્કાર માટે પસંદ થયેલી ભારતીય ફિલ્મ 'લાપતા લેડીઝ' એ બધી મુખ્ય કેટેગરીઓમાં ઍવૉર્ડ જીત્યા હતા. કિરણ રાવે શ્રેષ્ઠ દિગ્દર્શકનો ઍવૉર્ડ જીત્યો જ્યારે નિતાંશી ગોયલે બેસ્ટ એક્ટ્રેસનો (મુખ્ય ભૂમિકા)નો ઍવૉર્ડ જીત્યો હતો.



જાનકી બોડીવાલા



સ્નેહા દેસાઈ

કિરણ રાવે કહ્યું હતું કે, 'લાપતા લેડીઝ' જેવી ફિલ્મ માટે ઍવૉર્ડ જીતવો એ એક સૌભાગ્ય છે. આ એક શાનદાર રાત રહી હતી. આ પ્રકારની ફિલ્મ બનાવવી એ પોતાનામાં એક ખાસ અનુભવ છે. લોકો અમારી ફિલ્મ વારંવાર જોઈ રહ્યા છે તેનાથી મોટી ખુશી બીજી કોઈ હોઈ શકે નહીં. અભિનેતા કાર્તિક આર્યનને 'ભૂલ ભૂલૈયા ૩' માટે સર્વશ્રેષ્ઠ અભિનેતા (મુખ્ય ભૂમિકા)નો

(જુઓ પાનું ૨) ⏩

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ન્યૂ ઝીલેન્ડ સામે હારનો સિલસિલો અંતે તૂટ્યો

**ભારતે** અંતે ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને બે વર્ષમાં બીજો વર્લ્ડકપ પોતાના નામે કર્યો. દુબઈમાં દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડે ટીમ ઈન્ડિયાને બસો બાવન રનનો ટાર્ગેટ આપ્યો હતો ને થોડા ચડાવઉતાર પછી ભારતે ૪૯ ઓવરના અંતે ૬ વિકેટે આ સ્કોર ચેઝ કરીને ચેમ્પિયન્સ ટ્રોફી પોતાના નામે કરી. આ પહેલાં ભારત ૨૦૧૩માં ઈંગ્લેન્ડ સામે ફાઈનલમાં જીતીને ચેમ્પિયન્સ ટ્રોફીનું ચેમ્પિયન બનેલું એ જોતાં ૧૨ વર્ષ પછી ફરી ચેમ્પિયન્સ ટ્રોફી પર ભારતનો કબજો થયો છે.

ભારત છેલ્લે રમાયેલી ૨૦૧૭ની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પણ પહોંચેલું પણ પાકિસ્તાન સામે ભારતના ક્રિકેટ ઈતિહાસનો સૌથી ખરાબ પરાજય મેળવીને આપણે ધોયેલા મૂળા જેવા પાછા આવેલા. રોહિત શર્માની ટીમે આ વખતે એ ઈતિહાસનું પુનરાવર્તન ના થવા દીધું. સામાન્ય રીતે આવી મોટી મેચ હોય ત્યારે રોહિત શર્માનું ઘોડું દોડતું નથી પણ રોહિત શર્માએ આ વખતે એ ઈતિહાસનું પુનરાવર્તન પણ ના થવા દીધું અને ટીમ વતી હાઈએસ્ટ ૭૬ રન ફટકારીને ભારતની જીતનો પાયો નાખ્યો.

અલબત્ત રોહિતે બેજવાબદારીભર્યા શોટ ફટકારીને આઉટ થવાની પરંપરા જાળવી. રોહિત શર્મા ૮૩ બોલમાં ૭૬ રન બનાવીને જામી ગયેલો હતો ત્યારે જ રચિન રવીન્દ્રના બોલ પર આગળ વધીને સિક્સ મારવા ગયો પણ બોલ ચૂકી જતાં વિકેટકીપર લાથમે તેનું સ્ટમ્પિંગ કરીને આઉટ કર્યો. આ હીરોગીરી બતાવવાની જરાય જરૂર નહોતી કેમ કે શુભમન ગિલ ૩૧ રન બનાવીને અને વિરાટ કોહલી ૧ રન બનાવીને આઉટ થઈ ગયેલા તેથી ભારત દબાણમાં હતું જ. રોહિત શર્મા આઉટ થયો પછી શ્રેયસ અય્યર અને અક્ષર પટેલ દબાણમાં આવી જ ગયેલા. એ વખતે રન રેટ ધીમો પડી જ ગયેલો પણ છેલ્લે કે. એલ. રાહુલે ધમાધમી કરીને એ દબાણ ઘટાડી દીધું તેમાં આપણે જીતી ગયા.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત ચેમ્પિયનની જેમ રમ્યું એ સ્વીકારવું પડ્યું. ફાઈનલમાં વિરાટ કોહલી એક રન બનાવીને આઉટ થયો પણ એ સિવાય કોહલી શાનદાર રમ્યો. પાકિસ્તાન સામે સદી અને ઓસ્ટ્રેલિયા સામેની સેમી ફાઈનલમાં ચેઝ કરતી વખતે ૮૪ રન કરીને કોહલીએ પોતે સાવ પતી ગયો નથી એ સાબિત કર્યું. ફાઈનલમાં કોહલીને માઈકલ બ્રેસવેલે એલબડીડબલ્યુ આઉટ કર્યો પછી વિરાટે ડીઆરએસ લીધો હતો. તેમાં વિરાટને શંકાનો લાભ મળી શકે તેમ હતો પણ થર્ડ અમ્પાયરે નિર્ણય બદલ્યો નહીં તેથી વિરાટ માટે ફાઈનલ નિરાશાજનક રહી પણ એકંદરે વિરાટ માટે ટૂર્નામેન્ટ સંતોષકારક છે. જો કે સરપ્રાઈઝ પેકેજ કે. એલ. રાહુલ છે. રાહુલને વારંવાર ઓપનિંગમાં મોકલાયેલો પણ માથે પડેલો. હવે તેની પાસે વિકેટકીપિંગ કરીને છઠ્ઠા નંબરે બેટિંગ કરવા ઉતારાય છે તો રાહુલ ખિલ્યો છે. ભવિષ્યમાં ફરી તેને ઓપનિંગમાં મોકલવાની લાલચ રાખવાના બદલે આ જ રીતે રમવા દેવાય તો સારું છે.

ક્રિકેટમાં જીતનો યશ બેટ્સમેનને વધારે અપાય છે તેથી રોહિત શર્મા, વિરાટ કોહલી, રાહુલ વગેરેની બેટિંગની વધારે ચર્ચા છે પણ ભારત ચેમ્પિયન બન્યું તેનો અસલી યશ બોલરોને જાય છે. વધારે મહત્ત્વની વાત એ છે કે, જસપ્રિત બૂમરાહની ગેરહાજરીમાં આપણે જીત્યા છીએ. મોહમ્મદ શમીએ જબરદસ્ત કમબેક કર્યું અને હાર્દિક પંડ્યાએ પોતાની મર્યાદિત ક્ષમતાનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને ટુ હંડ્રેડ પર્સન્ટ યોગદાન આપ્યું. દુબઈની સ્પિનરોને મદદ કરતી પિચો પર વરૂણ ચક્રવર્તી, કુલદીપ યાદવ, અક્ષર પટેલ અને રવિન્દ્ર જાડેજાએ કમાલ કરી દીધી. અક્ષર, હાર્દિક અને જાડેજા એ ત્રણ ગુજરાતી તો બોલિંગ અને બેટિંગ બંનેમાં ચાલે છે એ મોટો ફાયદો છે.

ભારતે આ જીત સાથે આઈસીસી ટૂર્નામેન્ટ્સમાં ન્યૂ ઝીલેન્ડ સામે હારનો સિલસિલો પણ રોક્યો છે. બાકી અત્યાર સુધી ન્યૂ ઝીલેન્ડ જ ભારતને ભારે પડતું હતું. ભારત અને ન્યૂ ઝીલેન્ડ વન ડે મેચોના વર્લ્ડ કપ, ટી-૨૦ વર્લ્ડ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ટકરાયાં તેમાં ન્યૂ ઝીલેન્ડ જ જીતતું રહ્યું છે. ભારત અને ન્યૂ ઝીલેન્ડ વન ડે વર્લ્ડ કપમાં દસ વખત ટકરાયાં છે ને તેમાંથી ન્યૂ ઝીલેન્ડે પાંચ મેચ જીતી છે જ્યારે ભારતે ચાર જીત મેળવી છે. એક મેચનું કોઈ પરિણામ આવ્યું ન હતું. ભારતે મેળવેલી જીતમાંથી બે જીત તો ૧૯૮૭ના વર્લ્ડકપની છે તેથી છેલ્લાં કેટલાંક વરસોમાં તો ન્યૂ ઝીલેન્ડ જ આપણા પર હાવી રહ્યું છે.

ન્યૂ ઝીલેન્ડે ૨૦૧૯ ની સેમિફાઇનલમાં ભારતને ૧૮ રનથી હરાવ્યું હતું એ તો એવી હાર છે કે જેને ક્રિકેટ ચાહકો કદી નહીં ભૂલે કેમ કે આપણે ૨૩૧ રનનો સાવ સામાન્ય સ્કોર ચેઝ નહોતા કરી શક્યા. ટી ૨૦ વર્લ્ડ કપમાં ભારત અને ન્યૂ ઝીલેન્ડની ટીમ ત્રણ વખત ટકરાઈ છે અને ન્યૂ ઝીલેન્ડે ત્રણેય મુકાબલા જીત્યા છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત અને ન્યૂ ઝીલેન્ડે પાંચ મેચ રમી છે ને તેમાંથી ન્યૂ ઝીલેન્ડે ત્રણ વખત જીત મેળવી છે જ્યારે ભારતે એક જીત મેળવી હતી અને એક મેચ ડ્રોમાં સમાપ્ત થઈ હતી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં ૨૦૨૧ની ફાઇનલમાં કેન વિલિયમસનની જબરદસ્ત બેટિંગના કારણે આપણે હારી ગયેલા.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને ન્યૂ ઝીલેન્ડ ૨૦૦૦ની ફાઈનલમાં ટકરાયાં હતાં. ભારતે ૫૦ ઓવરમાં ૨૬૪ રનનો એ જમાના પ્રમાણે જબરદસ્ત સ્કોર ખડકેલો ને સૌરવ ગાંગુલીએ તોફાની બેટિંગ કરીને ૧૧૭ રન ફટકારેલા. સચિને પણ ૬૯ રન કરેલા ને બંનેએ ૧૪૧ રનની પાર્ટનરશિપ કરીને જોરદાર શરૂઆત કરેલી. ન્યૂ ઝીલેન્ડે ૧૩૨ રનમાં પાંચ વિકેટ ગુમાવી ત્યારે તેમની હાર નિશ્ચિત લાગતી હતી પણ ક્રિસ કેઈન્સે તોફાની બેટિંગ કરીને ૧૧૩ બોલમાં અણનમ ૧૦૨ રન કર્યા અને ક્રિસ હેરિસે ૪૬ રન કરીને મક્કમ બેટિંગ કરીને તેને સાથ આપીને ભારત પાસેથી મેચ આંચકી લીધેલી. આ રીયલ થ્રીલર મેચમાં બે બોલ બાકી હતા ત્યારે ન્યૂ ઝીલેન્ડ જીતીને ચેમ્પિયન બન્યું.

યોગાનુયોગ ૨૦૨૫ની ચેમ્પિયન ટ્રોફી ફાઈનલ પણ તેના રી-રન જેવી જ થઈ. સારી શરૂઆત પછી ન્યૂ ઝીલેન્ડ જબરદસ્ત સ્કોર ના બનાવી શક્યું ને ભારત પણ વચ્ચેના ગાળામાં ઉપરાછાપરી વિકેટો ગુમાવ્યા પછી શ્રેયસ અય્યર, અક્ષર પટેલ, કે.એલ. રાહુલ, હાર્દિક પંડ્યાની જોરદાર બેટિંગના કારણે જીતી ગયું. ન્યૂ ઝીલેન્ડ પણ ૪ વિકેટે જીત્યું હતું ને ભારત પણ ૪ વિકેટે જીત્યું છે. ન્યૂ ઝીલેન્ડ ૨ બોલ બાકી હતા ને જીતેલું, ભારત ૬ બોલ બાકી હતા ત્યારે જીત્યું છે.

ભારતે ૨૦૧૩ની ચેમ્પિયન્સ ટ્રોફીની જીત પછી લાંબો સમય મોટી ટૂર્નામેન્ટ જીતવા માટે રાહ જોવી પડેલી ને હવે જીત મળી ત્યારે એક સાથે બે ટૂર્નામેન્ટ ભારતે જીતી છે. ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડકપ અને હવે ચેમ્પિયન્સ ટ્રોફીમાં જીતના કારણે ભારતના દિવસો ફરી રહ્યા હોય એવું લાગી રહ્યું છે.

આશા રાખીએ કે, ટીમ ઈન્ડિયા આ ટેમ્પો જાળવે ને હવે પછીનાં વરસોમાં દરેક મોટી સ્પર્ધા જીતે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૧૧-૩-૨૦૨૫, ભોમપ્રદોષ

- ભારતીય દિનાંક ૨૦, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૪ સુધી, પછી મઘા.
- ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૪ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૩૧, રાત્રે ક. ૨૩-૧૧
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૩ (તા. ૧૨મી)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ – દ્વાદશી. ભોમપ્રદોષ
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, આશ્લેષા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, પ્રદોષ શિવ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવપૂજા, ભક્તિ. મંગળ, બુધ ગ્રહ દેવતાનું પૂજન, સર્પ પૂજા, ઔષધ ઉપચાર, માલ વેચવો, ખેતીવાડી.
- આચમનઃ શુક્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ ઈર્ષાળુ સ્વભાવ
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ
- ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સરકારે હાલના નાણાકીય વર્ષમાં ૫૧,૪૬૩ કરોડ રૂપિયા વધારે વાપરવા સંસદની મંજૂરી માગી

નવી દિલ્હી : સરકારે માર્ચમાં પૂરા થતા હાલના નાણાકીય વર્ષમાં વધારાના ખર્ચ તરીકે રૂ. ૫૧,૪૬૨.૮૬ કરોડ ખર્ચવા સંસદની મંજૂરી માગી છે. આમાંનો મોટો ભાગ પેન્શન અને ખાતરની સબસિડી પેટે ચુકવવામાં જશે.

સરકારે કુલ અતિરિક્ત ખર્ચ તરીકે ૬.૭૮ લાખ કરોડ રૂપિયા માગ્યા છે જેમાંથી ૬.૨૭ લાખ કરોડ બચત અને રિસિપ્ટમાંથી મળશે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે લોકસભામાં મંજૂરી માટે મૂકેલી બીજી પૂરક માગણી પ્રમાણે હાલના નાણાકીય વર્ષમાં સરકાર ચોખ્ખા અતિરિક્ત ખર્ચ તરીકે ૫૧,૪૬૨.૮૬ કરોડ રૂપિયા વાપરશે.

અતિરિક્ત ખર્ચમાં ખાતર વિભાગના ૧૪,૧૦૦ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. આમાં યુરિયા અને પી એન્ડ કે ખાતરની સબસિડીનો સમાવેશ થાય છે.

૧૩,૪૪૯ કરોડ રૂપિયાની ફાળવણી સરકાર સરકારી કર્મચારીને પેન્શન આપવા માટે કરશે. આમાં યુનિફાઈડ પેન્શન સ્કીમના ૭,૦૦૦ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

કુલ ખર્ચમાં સંરક્ષણ ખાતાના પેન્શનના ૮,૪૭૬ કરોડ રૂપિયા અને ટેલિકોમ્યુનિકેશનના ખાતાના ૫,૩૨૨ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

વધારાના રૂ. ૨,૧૮૬ કરોડનું ફંડ કૃષિ વિભાગને અને રૂ. ૩,૭૨૨ કરોડનું ફંડ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશને સંસાધનોની પૂર્તિ કરવા માટેના વધારાના ખર્ચ તરીકે આપવામાં આવી રહ્યું છે. (એજન્સી)

## રશિયાની મોટી કાર્યવાહી, જાસૂસીના આરોપમાં બે બ્રિટિશ ડિપ્લોમેટને દેશ છોડવા આપ્યો આદેશ

મોસ્કોઃ રશિયાએ સોમવારે જણાવ્યું હતું કે તે જાસૂસીના આરોપસર મોસ્કોમાં આવેલા બ્રિટિશ દૂતાવાસમાં કામ કરતા બે બ્રિટિશ રાજદ્વારીઓને દેશમાંથી બહાર કાઢવા જઇ રહ્યો છે. રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ (એફએસબી) એ રાજ્ય સમાચાર એજન્સી આરઆઇએ નોવોસ્તીને દ્વારા ટાંકવામાં આવેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને રાજદ્વારીઓએ દેશમાં પ્રવેશવાની પરવાનગી માગતી વખતે ખોટી વ્યક્તિગત માહિતી આપી હતી અને કથિત રીતે જાસૂસી ગતિવિધિઓમાં સામેલ હતા જેનાથી રશિયાની સુરક્ષા પર ખતરો ઊભો થયો છે. જોકે કોઇ પુરાવાઓ આપવામાં આવ્યા નથી.

આરઆઈએ નોવોસ્તીના જણાવ્યા અનુસાર, રાજદ્વારીઓની માન્યતા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેમને બે અઠવાડિયામાં રશિયા છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. રશિયન વિદેશ મંત્રાલયે એક અલગ નિવેદનમાં કહ્યું કે તેણે બ્રિટિશ દૂતાવાસના એક અધિકારીને સમન્સ પાઠવ્યા છે.

તેમાં કહેવામાં આવ્યું હતુંઃ ''મોસ્કો રશિયન ક્ષેત્ર પર અઘોષિત બ્રિટિશ ગુપ્તચર અધિકારીઓની પ્રવૃત્તિઓને સહન કરશે નહીં.'' બ્રિટિશ અધિકારીઓ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

ગયા વર્ષે એફએસબીએ સાત બ્રિટિશ રાજદ્વારીઓ પર જાસૂસીનો આરોપ લગાવ્યો હતો. સપ્ટેમ્બરમાં છ અને નવેમ્બરમાં એક રાજદ્વારીની હકાલપટ્ટીની જાહેરાત કરવામાં આવી હતી. તે સમયે બ્રિટને આ પગલાંને 'પાયાવિહોણા' ગણાવ્યા હતા.

## તેલંગાણા ટનલ દુર્ઘટનાઃ ટીબીએમ ઓપરેટરના મૃતદેહને પંજાબ મોકલાયો, બચાવ કામગીરી ચાલુ

નાગરકુર્નૂલઃ તેલંગાણામાં આંશિક રીતે તૂટી પડેલી એસએલબીસી ટનલમાંથી મળેલા ગુરપ્રીત સિંહના મૃતદેહને પંજાબમાં તેમના વતન મોકલવામાં આવ્યો છે. જ્યારે બાકીના સાત લોકોની શોધખોળ માટે સોમવારે બચાવ કામગીરી ચાલુ રહી હતી.

રોબિન્સ કંપની માટે ટનલ બોરિંગ મશીન(ટીબીએમ) ઓપરેટર તરીકે કામ કરતાં ગુરપ્રીત સિંહ ૨૨ ફેબ્રુઆરીના રોજ ટનલ આંશિક રીતે તૂટી પડ્યા બાદ અંદર ફસાયેલા આઠ લોકો પૈકીના એક હતા. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ મૃતદેહને નાગરકુર્નૂલ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અને અન્ય પ્રક્રિયાઓ બાદ ખાસ એમ્બ્યુલન્સમાં લઇ જવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન એ. રેવંત રેડ્ડીએ તેમના પરિવારને ૨૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર ૪૮ કલાકથી વધુ સમય સુધી ખૂબ જ કાળજીપૂર્વક ખોદકામ અને અન્ય પ્રયાસો બાદ મૃતદેહને બહાર કાઢી શકાયો હતો. મૃતદેહ લગભગ ૧૦ ફૂટની ઊંડાઇએ કાંપ નીચે દટાયેલો હતો. સિંહની ઓળખ તેમના ડાબા કાનની બુટ્ટી અને જમણા હાથ પરના ટેટૂના આધારે કરવામાં આવી હતી. જ્યારે બાકીના લોકોની શોધખોળ ચાલુ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

નોંધનીય છે કે શ્રીશૈલમ લેફ્ટ બેંક કેનાલ(એસએલબીસી) પ્રોજેક્ટ ટનલનો એક ભાગ ૨૨ ફેબ્રુઆરીના રોજ તૂટી પડતાં એન્જિનિયરો અને મજૂરો સહિત આઠ લોકો ફસાયા હતા. એનડીઆરએફ, ભારતીય સેના, નૌકાદળ અને અન્ય એજન્સીઓના નિષ્ણાતો તેમને સુરક્ષિત રીતે બચાવવા માટે અથાક મહેનત કરી રહ્યા છે.

પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર

રાજ્યની લોન મેળવવાની ક્ષમતામાં પણ વધારો થયો છે. બજેટ રાજકોષીય ખાધને ૨.૭ ટકા રાખવામાં સફળ રહ્યું છે જે ૨.૯ ટકા થઈ ગયું હતું. રાજ્ય પાંચ મુદ્દાના એજન્ડાને આગળ રાખીને પ્રગતિ કરશે,' એમ મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું.

મહારાષ્ટ્રનું કુલ દેવું પણ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વધીને રૂ. ૮,૩૯,૨૭૫ કરોડ (સુધારેલ અંદાજ) થયું, જે પાછલા નાણાકીય વર્ષના રૂ. ૭,૧૮,૫૦૭ કરોડ હતું. ૨૦૨૫-૨૬ માટેના બજેટ અંદાજમાં કુલ દેવું રૂ. ૯,૩૨,૨૪૨ કરોડ થયું છે, જે રાજ્યના કુલ ઘરેલુ ઉત્પાદન (જીએસડીપી)ના ૧૮.૮૭ ટકા છે, જે છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધુ છે.

અજિત પવારે રૂ. ૭,૦૦,૦૨૦.૨૦ કરોડનું રેકોર્ડ ૧૧મું બજેટ રજૂ કર્યું, જેમાં રાજ્યમાં ચાલી રહેલી માળખાકીય સુવિધાઓ તેમજ અન્ય પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને કોઈપણ નવી જાહેરાત કરવાનું ટાળ્યું હતું. પાલઘર જિલ્લામાં આગામી વાઢવણ બંદર નજીક ત્રીજા એરપોર્ટની સ્થાપના, કૃષિ ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાની અને 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' માટે રૂ. ૩૬,૦૦૦ કરોડનો પ્રસ્તાવ મુખ્ય છે.

વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન, મહાયુતિએ લાડકી બહેન યોજના હેઠળ માસિક ખર્ચ રૂ. ૧,૫૦૦ થી વધારીને રૂ. ૨૧૦૦ કરવાની જાહેરાત કરી હતી. તેણે કૃષિ લોન માફીનું પણ વચન આપ્યું હતું. બે અઠવાડિયા પહેલા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પીએમ કિસાન સન્માન નિધિમાં રાજ્યના હિસ્સામાં રૂ. ૩,૦૦૦ નો વધારો કરવાની જાહેરાત કરી હતી. રાજ્યની બેલેન્સ શીટને જાળવી રાખવાના પ્રયાસમાં, અજિત પવારે બજેટમાં આની જાહેરાત કરવાનું ટાળ્યું હતું.

રાજ્યના મહેસૂલ વિકલ્પો શોધવાના પ્રયાસમાં, રાજ્યએ રૂ. ૩૦ લાખથી વધુ કિંમતના ઇલેક્ટ્રિક વાહનો પર છ ટકાના દરે મોટર વાહન કર વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો. રાજ્યમાં બાંધકામ માટે વપરાતાં વાહનો જેમ કે ક્રેન, કોમ્પ્રેસર, પ્રોજેક્ટર અને ખોદકામ કરનારાં વાહનો તેમજ ૭,૫૦૦ કિલોગ્રામ સુધીના માલનું વહન કરતાં હળવાં માલવાહક વાહનો (એલએમવી)ની કિંમત પર ફરજિયાતપણે સાત ટકાના દરે મોટર વાહન કર વસૂલવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકારને અપેક્ષા છે કે આ કરવેરાથી તેને લગભગ રૂ. ૧,૦૦૦ કરોડની વધારાની આવક થશે.

૨૦૨૫-૨૬માં રાજ્યનો મહેસૂલ ખર્ચ ૨૦૨૪-૨૫ રૂ. ૫,૧૯,૫૧૩.૫૩ કરોડથી વધીને રૂ. ૬,૦૬,૮૫૪.૬૮ કરોડ થયો છે. રાજ્યની કુલ મહેસૂલી ખાધ વધીને રૂ. ૪૫,૮૯૦.૮૬ કરોડ થઈ ગઈ છે, જે ૨૦૨૫-૨૬ના રૂ. ૨૦,૦૫૦.૬૯ કરોડથી બમણી છે. રાજ્ય ૨૦૨૪-૨૫ (અંદાજે અંદાજપત્ર)ના રૂ. ૧,૧૦,૩૫૫.૨૨ની સરખામણીમાં રૂ. ૧,૩૬,૨૩૪.૬૨ કરોડની રાજકોષી ખાધનો સામનો કરી રહ્યું છે.

જોકે, રાજ્યના મૂડી ખર્ચમાં નજીવો વધારો જોવા મળ્યો છે. ૨૦૨૫-૨૬ (અંદાજે અંદાજપત્ર)માં મૂડી ખર્ચ રૂ. ૯૩,૧૬૫.૫૨ કરોડ છે, જ્યારે ૨૦૨૪-૨૫ (અંદાજે અંદાજપત્ર)માં તે રૂ. ૯૨,૭૭૯.૬૩ કરોડ હતો. વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ મુજબ, મૂડી ખર્ચ રૂ. ૧,૦૯,૦૩૧.૪૮ કરોડ રહેવાનો અંદાજ છે.

### ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી

સ્થિત નગરના વિવિધ વિસ્તારોમાં હિંસાની પાંચ ઘટનાઓ બની હતી અને ત્રણ કાર અને અનેક ટુ-વ્હિલર પર હુમલો કરીને આગ ચાંપી દેવામાં આવી હતી.

કલેક્ટરે જણાવ્યું હતું કે પોલીસે અત્યાર સુધીમાં મહુ શહેરમાં આગચંપી અને હિંસામાં સામેલ થવાના આરોપમાં ૧૩ લોકોની ધરપકડ કરી છે, જ્યાં પરિસ્થિતિ હાલમાં નિયંત્રણમાં છે.

હિંસાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને અશાંત વિસ્તારમાં શાંતિ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો કર્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

પોલીસ પાંચેય - તાલ મોહલ્લા, સેવા માર્ગ, પટ્ટી બજાર, માણેક ચોક અને જામા મસ્જિદ વિસ્તારોમાં ઘટનાઓની તપાસ કરી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું. આ મામલે અત્યાર સુધીમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને એફઆઇઆર નોંધવામાં આવી છે. તેમાંથી કેટલાક સામે કડક રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

### મણિપુરમાં ૧૨ આતંકીઓની

લેઇકાઇ અને ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાના હેનપોક ખાતે બે અલગ-અલગ અભિયાનોમાં પીપલ્સ રિવોલ્યુશનરી પાર્ટી ઓફ કાંગલેઇપાક પીઆરઇપીએકે(પ્રો)ના પાંચ સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે પ્રતિબંધિત કાંગલેઇપાક કોમ્યુનિસ્ટ પાર્ટી(પીડબ્લ્યુજી)ના બે સક્રિય કાર્યકરોની ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લામ્ફેલ અને સમુરોમાંથી ધરપકડ કરવામાં આવી છે. તપાસ ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

### ઝારખંડમાં ફટાકડાની દુકાનમાં

જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો. સોરેને એક્સ પર પોસ્ટ કર્યું હતું કે ''ગઢવાના રાંકા બ્લોકમાં એક ફટાકડાની દુકાનમાં આગ લાગવાને કારણે પાંચ લોકોનાં મૃત્યુ અંગેના દુઃખદ સમાચાર મળ્યા. 'મરંગ બુરુ' (સર્વ આદિવાસી દેવતા) દિવંગત આત્માઓને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારના સભ્યોને આ નુકસાન સહન કરવાની શક્તિ આપે.''

તેમણે કહ્યું કે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કેસની તપાસ કરવામાં આવી રહી છે.

### ફિલ્મ 'લાપતા લેડીઝ'

ઍવૉર્ડ મળ્યો હતો. કાર્તિક આર્યને કહ્યું હતું કે, 'ભૂલ ભૂલૈયા' મારા માટે પડકારોથી ભરેલી સફર રહી છે. જ્યારે મને 'ભૂલ ભૂલૈયા ૨' માટે પસંદ કરવામાં આવ્યો ત્યારે પણ ઘણા સવાલો ઊઠી રહ્યા હતા કે શું હું આ ફિલ્મ કરી શકીશ. 'ભૂલ ભૂલૈયા ૩' દરમિયાન પણ આ જ પરિસ્થિતિ રહી હતી.

એક્ટ્રેસ નિતાંશી ગોયલ ભાવુક થઈ ગઈ અને કહ્યું હતું કે તે બાળપણમાં ટેલિવિઝન પર આઇફા ઍવૉર્ડ્સ જોતી હતી અને તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે તે પોતે આ સ્ટેજ પર ઊભી રહેશે.

તેમણે કહ્યું હતું કે, આમીર ખાન પ્રોડક્શન્સની ફિલ્મનો ભાગ બનવું એ કોઈપણ કલાકાર માટે સ્વપ્ન જેવું હોય છે. આ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. લોકો ફૂલ (ફિલ્મમાં પાત્રનું નામ) ને ઘણો પ્રેમ આપી રહ્યા છે. ગોયલે ઊભરતા કલાકારોને મોટાં સપનાં જોવાની સલાહ આપી હતી.

તેણીએ કહ્યું હતું કે, જો હું અહીં ઊભી રહી શકું, તો તમે પણ અહીં પહોંચી શકો છો. સપનાં જુઓ, તે સાકાર થાય છે. ફિલ્મના સહ કલાકારો રવિ કિશન અને પ્રતિભા રાંટાને અનુક્રમે બેસ્ટ સપોર્ટિંગ રોલ (પુરુષ) અને બેસ્ટ ડેબ્યૂ (મહિલા)ના પુરસ્કારો મળ્યા હતા.

'લાપતા લેડીઝ' એ ટેકનિકલ કેટેગરીમાં પણ જીત મેળવી હતી. બિપ્લબ ગોસ્વામીને બેસ્ટ સ્ટોરી (ઓરીજનલ) અને સ્નેહા દેસાઈને બેસ્ટ સ્ક્રીન પ્લે અને જબીન મર્ચન્ટને બેસ્ટ એડિટિંગનો ઍવૉર્ડ મળ્યો હતો.

મ્યૂઝિક કેટેગરીમાં પ્રશાંત પાંડેને 'સજની' ગીત માટે શ્રેષ્ઠ ગીતકારનો ઍવૉર્ડ મળ્યો અને રામ સંપતે શ્રેષ્ઠ સંગીત નિર્દેશકનો ઍવૉર્ડ જીત્યો હતો. ફિલ્મ 'શૈતાન' માટે જાનકી બોડીવાલાને બેસ્ટ સપોર્ટિંગ રોલ (મહિલા)નો ઍવૉર્ડ અને 'કિલ'માં નેગેટિવ રોલ માટે રાઘવ જુયાલને શ્રેષ્ઠ ખલનાયકનો ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ડેબ્યૂ કેટેગરીમાં કુણાલ ખેમુને 'મડગાંવ એક્સપ્રેસ' માટે સર્વશ્રેષ્ઠ ડેબ્યૂ ડિરેક્ટર અને લક્ષ્ય લાલવાનીને 'કિલ' માટે શ્રેષ્ઠ ડેબ્યૂ અભિનેતા તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. બેસ્ટ સ્ટોરી (એડેપ્ટેડ)નો ઍવૉર્ડ 'મેરી ક્રિસમસ' ના લેખકો શ્રીરામ રાઘવન, અરિજિત બિશ્વાસ, પૂજા સુરતી અને અનુકૃતિ પાંડેને મળ્યો હતો. 'આર્ટિકલ ૩૭૦' માટે અર્જુન ધવન, આદિત્ય ધર, આદિત્ય સુહાસ જાંભલે અને મોનલ ઠાકરને બેસ્ટ ડાયલોગનો ઍવૉર્ડ મળ્યો હતો.

ટેકનિકલ કેટેગરીમાં રાફે મહમૂદને 'કિલ' માટે બેસ્ટ સિનેમેટોગ્રાફી અને સુભાષ સાહુ, બોલોય કુમાર ડોલોઈ અને રાહુલ કાર્પેને બેસ્ટ સાઉન્ડ ડિઝાઇનનો ઍવૉર્ડ આપવામાં આવ્યો હતો.

વિક્કી કૌશલની ફિલ્મ 'બેડ ન્યૂઝ'ના ગીત 'તૌબા તૌબા' માટે બોસ્કો-સીઝરને શ્રેષ્ઠ કોરિયોગ્રાફીનો ઍવૉર્ડ મળ્યો હતો. 'ભૂલ ભૂલૈયા ૩' માટે રેડ ચિલીઝ ટ્રાક્સ ને બેસ્ટ વિઝ્યુઅલ ઇફેક્ટ્સનો ઍવૉર્ડ મળ્યો હતો.

મ્યૂઝિક કેટેગરીમાં જુબિન નૌટિયાલને 'આર્ટિકલ ૩૭૦' ના 'દુઆ' ગીત માટે બેસ્ટ સિંગર (મેલ) અને શ્રેયા ઘોષાલને 'ભૂલ ભૂલૈયા ૩' ના 'આમી જે તોમાર ૩.૦' ગીત માટે બેસ્ટ સિંગર (ફિમેલ)નો ઍવૉર્ડ આપવામાં આવ્યો હતો.

આ સમારોહમાં પીઢ ફિલ્મ નિર્માતા રાકેશ રોશનને ભારતીય સિનેમામાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઍવૉર્ડ તેમને પીઢ અભિનેત્રી રેખા દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.

## કેનેડાના નવા વડા પ્રધાન માર્ક કાર્નીનો હુંકાર : કેનેડા ટ્રેડવોર માટે તૈયાર

ટોરન્ટોઃ 'બેન્ક ઓફ કેનેડા'ના પૂર્વ પ્રમુખ માર્ક કાર્ની કેનેડાના આગામી નવા વડા પ્રધાન બન્યા હતા. તેઓ જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે. માર્ક કાર્નીને અગાઉ પણ કટોકટીમાં બે ગ્રૂપ ઓફ સેવન અર્થતંત્રોને ચલાવવામાં મદદ કરી છે અને હવે તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ચલાવવામાં આવી રહેલા ટ્રેડ વોર, વિલયની ધમકી અને અપેક્ષિત ફેડરલ ચૂંટણીના માધ્યમથી કેનેડાને આગળ વધારવાનો પ્રયાસ કરશે. ભૂતપૂર્વ સેન્ટ્રલ બેન્કર માર્ક કાર્ની રવિવારે સત્તાધારી લિબરલ પાર્ટી દ્વારા ૮૫.૯ ટકા સમર્થન સાથે વડા પ્રધાન બન્યા હતા.

૫૯ વર્ષીય કાર્ની વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે, જેમણે જાન્યુઆરીમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી, પરંતુ આગામી દિવસોમાં તેમના અનુગામી શપથ ન લે ત્યાં સુધી વડા પ્રધાન રહેશે. ટ્રમ્પની વ્યાપક ટેરિફ ધમકીઓ વચ્ચે કાર્ની દ્વારા આગામી દિવસો કે અઠવાડિયામાં ચૂંટણી કરાવવામાં આવે તેવી સંભાવના છે. કાર્નીએ કહ્યું કે કેનેડાએ આ લડાઇ (ટ્રેડ વોર) માટે કહ્યું નહોતું. પરંતુ કેનેડાના લોકો કોઇ લડાઇ શરૂ કરે છે ત્યારે લડવા માટે હંમેશાં તૈયાર હોય છે. કાર્નીએ કહ્યું હતું કે અમેરિકન લોકોએ કોઇ ભૂલ કરવી જોઇએ નહીં. ટ્રેડમાં હોકીની જેમ કેનેડા જીતશે. કાર્નીએ કહ્યું કે કેનેડા પ્રારંભિક વળતા ટેરિફને ત્યાં સુધી લાગુ રાખશે જ્યાં સુધી અમેરિકાના લોકો અમને સન્માન આપતા નથી. જ્યારે તેઓ બેન્ક ઓફ કેનેડાના પ્રમુખ હતા ત્યારે કાર્નીએ સંકટનો સામનો કર્યો હતો. જ્યારે ૨૦૧૩માં તેઓ બેન્ક ઓફ ઇંગ્લેન્ડના પ્રમુખ બન્યા ત્યારે પણ સંકટનો સામનો કર્યો હતો.

૨૦૦૮ના નાણાકીય કટોકટીમાંથી કેનેડા ઘણા અન્ય દેશો કરતા ઝડપથી બહાર આવ્યું તે પછી તેમની નિમણૂકને યુકેમાં દ્વિપક્ષીય પ્રશંસા મળી હતી. તેમણે યુકેમાં બ્રેક્ઝિટના સૌથી ખરાબ પ્રભાવોને સંચાલિત કરવામાં મદદ કરી હતી.

ટ્રમ્પના ટ્રેડ વોર અને કેનેડાને ૫૧મું અમેરિકાનું રાજ્ય બનાવવાની તેમની વાતોએ કેનેડિયનોને ગુસ્સે કર્યા છે. કેટલાક લોકો સરહદમાં દક્ષિણમાં પ્રવાસો રદ કરી રહ્યા છે અને ઘણા જ્યારે શક્ય હોય ત્યારે અમેરિકન ચીજવસ્તુઓ ખરીદવાનું ટાળી રહ્યા છે.

# ઉદ્યોગોને ગ્રીન એનર્જી પૂરી પાડવા સરકાર કટિબદ્ધઃ ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગ્રીન એનર્જીને વેગ આપવા રાજયમાં ઉદ્યોગોને ગ્રીન એનર્જી પૂરી પાડવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારે એગ્રિકલ્ચર સેક્ટરમાં ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપ્યું છે, તેવી જ રીતે હવે ઈન્ડસ્ટ્રિયલ સેક્ટરમાં પણ વધુને વધુ ઉદ્યોગોને ગ્રીન એનર્જીના ઉપયોગ તરફ વાળવામાં આવશે.સી.આઈ.આઈ. ગુજરાત આયોજિત એન્યુઅલ મિટ-૨૦૨૫માં ઉપસ્થિત રહેલા મુખ્ય પ્રધાને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે આ તકે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રીન એનર્જી ઉત્પાદન અને વિનિયોગને પ્રોત્સાહિત કરવાનો અભિગમ અપનાવ્યો છે. ગુજરાત વડા પ્રધાનના આ અભિગમને સાકાર કરવા સંકલ્પબદ્ધ છે. ગત વાયબ્રન્ટ સમિટમાં ગ્રીન એનર્જીને પ્રાધાન્ય આપીને કુલ એમ.ઓ.યુ.માંથી અડધો અડધ એમ.ઓ.યુ. આ ક્ષેત્ર માટે કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગ્રીન એનર્જીથી ગ્રીન ગ્રોથનો સંકલ્પ પાર પાડવા રાજ્યની કોઈ એક ઔદ્યોગિક વસાહત જી.આઈ.ડી.સી.ને સંપૂર્ણપણે ગ્રીન એનર્જી આધારિત ઉદ્યોગો ધરાવતી જી.આઈ.ડી.સી. બનાવવાની દિશામાં સરકાર આગળ વધવા માગે છે. વિકાસના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતમાં પણ ક્વોલિટી પ્રોડક્ટ, એમ.એસ.એમ.ઈ.ને પેકેજિંગ માટે સહાય અને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર તત્પર છે. ઉદ્યોગજગત પણ રાજ્ય સરકાર સાથે સહયોગી બને તો આપણી પ્રોડક્ટ ગ્લોબલ કોમ્પિટીટિવ માર્કેટમાં ક્વોલિટી પ્રોડક્ટ તરીકે પ્રસ્થાપિત કરી શકાશે એવો વિશ્વાસ મુખ્ય પ્રધાને વ્યક્ત કર્યો હતો.

તેમણે ગિફ્ટ સિટી, ધોલેરા એસ.આઇ.આર અને પીએ મિત્ર પાર્ક, રાજ્યમાં રોકાણ માટે એક આકર્ષક સ્થળ તરીકે ઊભરી આવ્યા છે તેમ જણાવ્યું હતું. આ સંસ્થા રાજ્યના વિકાસ થકી ઔદ્યોગિક વિકાસ માટે કટિબદ્ધ છે તેમ જણાવી ગુજરાત સરકાર અને સીઆઇઆઇના સહયોગ દ્વારા વિકસિત ગુજરાતની દિશામાં આ વાર્ષિક સભા ખાસ કદમ બની રહેશે તેવી અપેક્ષા દર્શાવી હતી.

આ સમારોહમાં સી.આઇ.આઇ.ના ચેરમેન કુલીન લાલભાઇએ જણાવ્યું હતુ કે, દેશના પ્રધાનમંત્રીની વિઝનરી લિડરશીપમાં રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ સાથે રાજ્યનો પણ વિકાસ થઇ રહ્યો છે. સરકાર હંમેશાં ઉદ્યોગોની સમસ્યા ઉકેલવા માટે કટિબદ્ધ છે તેમ જણાવી ગુજરાત ભારતના આર્થિક વિકાસનું મજબૂત કેન્દ્ર બની રહ્યું છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રોના વિવિધ એકમોમાં પ્રગતિ કરી નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે તેના પાયામાં ઉદ્યોગોને પ્રોત્સાહન અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસનો સરકારનો અભિગમ રહ્યો છે. આ વાર્ષિક બેઠકમાં રાજ્યના ઔદ્યોગિક વિકાસની વિવિધ કાર્યક્રમો, યોજનાઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# ટીમ ઈન્ડિયાની જીત બાદ ગાંધીનગરના દહેગામમાં હિંસા ફાટી નીકળીઃ ૧૧ લોકોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય ક્રિકેટ ટીમે દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચમાં ન્યૂ ઝીલેન્ડની ટીમને હારવી ઐતિહાસિક જીત મેળવી હતી. ટીમ ઈન્ડિયાની ભવ્ય જીતની સમગ્ર ગુજરાતમાં ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના દહેગામમાં પણ વિજયની ઉજવણી કરવા માટે મોડી રાત્રે બાઇક રેલી નીકળી હતી. આ દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. વિજય સરઘસ પર પથ્થરમારો થયો હતો. જેમાં ૧૫થી વધુ વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. માર્ગ પર ઊભેલી કેટલીક ગાડીઓને પણ નુકસાન પહોંચાડાયું હતું. આ ઘટનાને પગલે વિસ્તારના વેપારીઓએ દુકાનો બંધ કરી દીધી હતી, અને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

ભયાનક હિંસાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દહેગામ પહોંચ્યા હતા અને મોટી સંખ્યામાં પોલીસ દળોની તૈનાતી કરવામાં આવી હતી. પોલીસે ટોળાને વિખેરવા પ્રયત્નો કર્યા અને વધતા તણાવને કારણે અશાંત વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું હતું. આ મામલે પોલીસે ઓછામાં ઓછા ૧૧ લોકોની અટકાયત કરી હતી.

મળતી માહિતી મુજબ, રેલી રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ લઘુમતી બહુમતીવાળા વિસ્તારમાં એક મસ્જિદ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે કેટલાક બાઈક સવારોએ હોર્ન વગાડ્યા હતા અને ટુ-વ્હીલરની રેસ લગાવી હતી. આ દરમિયાન મસ્જિદમાં બેઠેલા લગભગ ૧૫ લોકોએ આનો વિરોધ કર્યો હતો, અપશબ્દો કહ્યા હતા અને બાઇકર્સ પર લાકડીઓ વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો જ્યારે તેઓ ભાગી ગયા હતા.

આ મામલે ડીએસપી પી.એન. વંદાએ જણાવ્યું હતું કે, બાઈક રેલીના અવાજ સામે વાંધો ઉઠાવનારા લોકો દ્વારા હુમલો કર્યા બાદ મોટાભાગના બાઇક સવારો ચાલ્યા ગયા હતા. કેટલાક પાંચથી છ વ્યક્તિઓ તેમની મોટરસાઇકલ પાછળ છોડીને ભાગી ગયા હતા. આરોપીઓએ પાછળ રહી ગયેલા ટુ-વ્હીલર્સને નુકસાન પહોંચાડ્યું હતું. અમે પૂછપરછ માટે ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી છે, અને વધુ તપાસ ચાલી રહી છે.

# હોળી- વૅકેશનના પગલે પશ્ચિમ રેલવે ૨૯ જૂન સુધી ૫૦ હોલિડે સ્પેશિયલ ટ્રેન દોડાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હોળી-ધુળેટી અને વૅકેશનના પગલે મોટી સંખ્યામાં વતન જતાં લોકો માટે પશ્ચિમ રેલવે દ્વારા ૫૦ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સ્પેશિયલ ટ્રેનો ઉનાળુ વેકેશન સુધી દોડાવાશે. પશ્ચિમ રેલવે દ્વારા ગુજરાત થઇ અલગ અલગ રાજ્યોમાં જનારી ૬ સ્પેશિયલ ટ્રેનોનું વાર અને સમય સાથેનું શેડ્યુલ બહાર પાડવામાં આવ્યું હતું. આ સાથે જ અલગ અલગ જગ્યાઓ પર હેલ્પ ડેસ્ક પણ શરૂ કરવામાં આવ્યા છે.

હોળીના પર્વે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, રાજસ્થાન તરફની ટ્રેનોમાં ભીડ ઊમટી પડશે.

આ ભીડને કાબૂમાં રાખવા માટે રેલવે તંત્રએ તડામાર તૈયારીઓ કરી દીધી છે. આરપીએફના ૭૦ જવાનની એક ટુકડી તહેનાત કરી દેવામાં આવી છે.

આ સાથે જ ઉધના રેલવે સ્ટેશને પર આરપીએફ જવાનની અલગ-અલગ ટીમ અને સુરત રેલવે સ્ટેશને ૮૬ જવાનની અલગ-અલગ ટીમો તહેનાત કરી દેવાઈ છે. પશ્ચિમ રેલવે દ્વારા ૫૦ હોલિડે સ્પેશિયલ ટ્રેનની કુલ ૬૯૪ ટ્રિપ દોડાવવામાં આવશે. આ સ્પેશિયલ ટ્રેનો ૯ માર્ચથી ૨૯ જૂન સુધી ચલાવાશે.

# રાજયના ૧૩ જિલ્લામાં ૧૩ માર્ચ સુધી યલો ઍલર્ટ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હવામાન વિભાગે રાજ્યમાં તીવ્ર ગરમીની આગાહી કરી છે. રાજ્યના ૧૩ જિલ્લાઓ માટે હિટવેવ ઍલર્ટ જાહેર કર્યું હતું. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાન રહેશે, જે ગરમીની અસરોને વધુ વધારી શકે છે. આવી પરિસ્થિતિમાં ૧૦, ૧૧ અને ૧૨ માર્ચના રોજ રાજ્યના કયા જિલ્લાઓ માટે હિટવેવ ઍલર્ટ જારી કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૩-૪ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના આંતરિક ભાગો અને ઉત્તર ગુજરાતના નજીકના ભાગો અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. આને કારણે, આ ભાગોમાં ગરમીનું મોજું પ્રવર્તવાની સંભાવના છે.

આ વર્ષનો ઉનાળો અસહ્ય ગરમીવાળો અને તાપમાનવાળો રહેશે. ખાસ કરીને કચ્છમાં ભૂજ, ભચાઉ અને રાપરમાં, સૌરાષ્ટ્રમાં જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, જૂનાગઢ અને અમરેલીમાં, ઉત્તર ગુજરાતના પાટણ, હિંમતનગર અને ઈડરમાં તો મધ્ય ગુજરાતમાં પણ અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર અને નડિયાદમાં ૪૦ ડિગ્રીને પાર તાપમાન જાય એવી પૂરેપૂરી શક્યતાઓ છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ રાજ્યના લઘુતમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની શક્યતાઓ નહિવત્ છે, પરંતુ ત્યારબાદ મહત્તમ અને લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતાઓ છે. હાલમાં ઉત્તર પશ્ચિમ રાજસ્થાનના ભાગ ઉપર એન્ટી સાઇક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ પસાર થઈ રહ્યું છે જેને કારણે તાપમાનનું પ્રમાણ વધ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના સમુદ્ર કાંઠામાં પવનની ગતિમાં વધારો થતા ૧૩ માર્ચ સુધી લોકો ગરમી અને ઉકળાટનો અનુભવ કરશે.

# સુરતમાં હીરા ઉદ્યોગની મંદીમાં બેરોજગાર બનેલા રત્નકલાકારોએ સરકાર પાસે આર્થિક મદદ માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં હીરા ઉદ્યોગની મંદીમાં હજારો રત્નકલાકારો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. મંદીને કારણે કારખાના બંધ થવાની નોબત આવતા અનેક કર્મચારીઓ બેરોજગાર બન્યા છે. જેથી સુરતના રત્નકલાકારોએ કલેક્ટર કચેરી ખાતે પહોંચીને સૂત્રોચ્ચાર કર્યા હતા અને સરકાર પાસે આર્થિક મદદની માગ કરી હતી.

સુરતનો હીરા ઉદ્યોગ હાલમાં ભારે મંદીનો સામનો કરી રહ્યો છે. આ મંદીને કારણે કારખાનાઓ બંધ કરવાની સ્થિતિ ઉભી થઈ રહી છે. કેટલાક કારખાના ચાલુ છે પણ તે કામ નહીં આપતા હોવાથી રત્નકલાકારોની સ્થિતિ કફોડી બની ગઈ છે. સોમવારે મોટી સંખ્યામાં રત્નકલાકારોએ સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચીને વિરોધ નોંધાવ્યો હતો. હાથમાં પ્લે કાર્ડ સાથે સરકાર પાસે આર્થિક સહાયની માગ કરી હતી.

આર્થિક સંકળામણથી રત્નકલાકારોના આપઘાતના બનાવો વધતાં સરકાર પાસે આર્થિક મદદની માગ કરાઈ રહી છે. રત્ન કલાકારોએ માગ નહીં સંતોષાય તો ૩૦ માર્ચે હડતાળ કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. સુરતમાં હીરાના ઘણા કારખાના ચાલુ છે પણ પૂરતું કામ આપતા નથી. તે ઉપરાંત રત્નકલાકારોના પગારમાં ૫૦ ટકાનો કાપ મુકાયો છે. જેથી હવે તેમણે સરકાર પાસે આર્થિક મદદની માગ કરી છે.

# નર્મદા કેનાલોનું નેટવર્ક સ્થાપવામાં સરકાર ઊણી ઊતરીઃ ૬૦૦૦ કિ.મી. કેનાલનું કામ બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદાના નીર છેવાડાના ગામ સુધી પહોંચ્યા છે તેવી વાતો કરવામાં આવી રહી છે, પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે, આજે પણ હજારો ખેડૂતો સિંચાઈના પાણીથી વંચિત છે. કારણ કે, ગુજરાત સરકાર આટલા વર્ષો પછી પણ કેનાલો બનાવી નથી શકી. ખૂદ સરકારે સ્વીકાર્યું હતું કે, ૫,૯૨૧ કિ.મી. કેનાલ બનાવવાની બાકી છે.

ગુજરાતમાં કેનાલોનું નેટવર્ક સ્થાપવામાં સરકાર ઊણી ઊતરી છે. જો કેનાલોનો પુરતી નેટવર્ક હોય તો, ગુજરાતના ખેડૂતોનો સિંચાઈના પાણીનો પ્રશ્ન હલ થઈ શકે તેમ છે કારણ કે નર્મદાની મુખ્ય શાખા નહેર મોટાભાગે પૂર્ણ થઈ છે. માત્ર ૪૬.૧૩ કિ.મી. કેનાલ બનાવવાનું બાકી છે, પરંતુ ૧૦૫૨ કિ.મી. પ્રશાખા અને ૪૬૬૩ કિ.મી પ્રશાખા હજુ સુધી બનાવવામાં નથી આવી. કુલ ૬૯૮૨૯ કિ.મી. નર્મદા કેનાલ બનાવવાનું નક્કી કરાયું છે, પરંતુ અત્યાર સુધી માત્ર ૫૩૯૦૮ કિ.મી. કેનાલ જ બની શકી છે. હજુ ૫૯૨૧ કિ.મી. કેનાલ બનાવવાનું બાકી છે. નિષ્ણાતો અનુસાર, જો કેનાલ નેટવર્ક બની જાય તો ખેતરો સુધી સિંચાઈનું પાણી પહોંચી શકે અને ખેડૂતોને લાભ મળી શકે.

# ઉત્તર ગુજરાતમાં સૂજલામ સૂફલામ યોજના હેઠળ ૪૮૦૪ કરોડના ખર્ચે કુલ ૧૩ ઉદ્વહન પાઈપલાઇનનું કામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉનાળાના પ્રારંભે જ આગઝરતી ગરમીની શરૂઆત થતાં જ પાણીની કોઈ તકલીફો ના રહે તે માટે સરકારે પ્રયાસો હાથ ધર્યાં છે. વિધાનસભામાં પાણી અંગેની ચર્ચામાં સરકારે કહ્યું હતું કે, દરિયામાં વહી જતું નર્મદા નદીનું વધારાનું પાણી રાજ્યના ગામડાઓમાં પહોંચ્યું છે. સૌની યોજના અને સૂજલામ સૂફલામ જેવી યોજનાઓથી રાજ્ય પાણીદાર બન્યું છે.

વિધાનસભામાં ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં રાજ્ય પ્રધાન મુકેશ પટેલે જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતના દરેક ગામો સુધી નર્મદાનું પાણી પહોંચાડવા માટે સૂજલામ સૂફલામ યોજના હેઠળ ૪,૮૦૪ કરોડના ખર્ચે કુલ ૧૩ ઉદ્વહન પાઈપલાઇનની કામગીરી પૂર્ણ થઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં દિયોદર, લાખાણી પાઇપલાઇન યોજના અંતર્ગત રૂ. ૯૨૩ કરોડના ખર્ચે આશરે ૩૦૦ ક્યૂસેક વહન ક્ષમતા ધરાવતી ૫૩.૭૦ કિમી લાંબી પાઇપલાઇન નાખવામાં આવશે.

આ પાઇપલાઇનના માધ્યમથી દિયોદર તાલુકાના ૪૬ ગામ, લાખણી તાલુકાના ૪૩ ગામ, ડિસા તાલુકાના ૨૩ ગામ અને થરાદ તાલુકાના ૧૨ ગામને મળીને કુલ ૧૨૪ ગામના ૧૯૪ તળાવને જોડવામાં આવશે.

તેવી જ રીતે, થરાદ, ધાનેરા પાઇપલાઇન યોજના અંતર્ગત ૧,૧૫૦ કરોડના ખર્ચે આશરે ૨૦૦ ક્યૂસેક વહન ક્ષમતા ધરાવતી ૬૩.૮૬ કિમી. લાંબી પાઇપલાઇન નાખવામાં આવશે, જેના માધ્યમથી થરાદ તાલુકાના ૫૪ અને ધાનેરા તાલુકાના ૫૫ ગામોને કુલ ૧૦૯ ગામના ૧૧૭ તળાવોને પાઈપલાઈન સાથે જોડવામાં આવશે, આ બન્ને પાઇપલાઇનની કામગીરી આગામી બે વર્ષમાં પૂર્ણ થશે.

# અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨નું ૭૮.૩૩ ટકા અને સુરતમાં ૫૭.૨૦ ટકા કામ પૂર્ણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં મેટ્રો ટ્રેન પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે અને લોકોને મેટ્રોની સફર સસ્તી અને સુવિધાજનક લાગી રહી છે. આ અંગે વિધાનસભામાં કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨નું લગભગ ૭૮.૩૩ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને પ્રોજેક્ટ જૂન-૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનું લગભગ ૫૭.૨૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને પ્રોજેક્ટ ઓક્ટોબર ૨૦૨૫માં પૂર્ણ કરવાનું આયોજન છે.સાબરમતી નદીના કિનારે ભારતના સૌથી લાંબા રિવરફ્રન્ટનો વિકાસ ફેઝ-૦૩ થી ફેઝ-૦૭ માટે આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવા વર્ષ ૨૦૨૫-૨૬ માટે માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે.

વિધાનસભામાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની રૂ. ૨૫,૩૯૯ કરોડની માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર થઇ હતી. શહેરી વિભાગનું બજેટ ગત વર્ષની સરખામણીએ ૪૦% જેટલું વધારીને રૂ.૩૦,૩૨૫ કરોડ કરવામાં આવ્યું છે.

# છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ અને આણંદ જિલ્લાના ૭૪૩૪ લાભાર્થીઓને વીજ જોડાણ અપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળમાં ચર્ચાઓ દરમિયાન ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપતાં ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ૪,૧૬૭ અને આણંદ જિલ્લાના ૩,૨૬૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા અનુક્રમે રૂ. ૨૧૫.૫૧ લાખ અને રૂ. ૩૪૬.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

તેમણે તાલુકા પ્રમાણે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાના અમદાવાદ સિટી, બાવળા, દસ્ક્રોઇ, દેત્રોજરામપુરા, ધંધુકા, ધોલેરા, ધોળકા, માંડલ, સાણંદ અને વિરમગામ એમ ૧૦ તાલુકાના કુલ ૪,૧૬૭ લાભાર્થીઓ અને આણંદ જિલ્લામાં આણંદ, આંકલાવ, બોરસદ, ખંભાત, પેટલાદ, સોજીત્રા, તારાપુર અને ઉમરેઠ એમ ૮ તાલુકાઓના કુલ ૩,૨૬૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં છે. આ યોજના અંતર્ગત અમદાવાદ અને આણંદ જિલ્લામાં એક પણ અરજી પડતર નથી.

ઊર્જા પ્રધાને આ યોજના વિશે વિગતો આપતા કહ્યું કે રાજ્યના તમામ વિસ્તારના કોઈ પણ જ્ઞાતિના ગરીબ લાભાર્થીઓ પૈકી શહેરી વિસ્તારના રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા તથા ગ્રામીણ વિસ્તારના રૂ. ૧, ૨૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીઓ આ યોજના હેઠળ ઘર વપરાશનું વીજ જોડાણ મેળવી શકે છે.

આ ઉપરાંત ખેડા, સુરેન્દ્રનગર, વડોદરા, ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પણ ઝૂંપડાં વીજળીકરણ યોજના અંતર્ગત લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ આપ્યાં હતાં.

# ગુજરાતના ૨૫ હજાર આરોગ્ય કર્મીએ સરકાર સામે બાંયો ચઢાવીઃ ૧૭મી માર્ચથી અચોક્કસ મુદતની હડતાળ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એક વખત રાજ્ય આરોગ્ય કર્મચારીઓ સરકાર સામે બાયો ચઢાવી છે. રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ આરોગ્યકર્મીઓના પડતર પ્રશ્નો મુદ્દે મેદાનમાં આવ્યું છે. મહાસંઘે પડતર પ્રશ્નોના નિરાકરણ માટે અચોક્કસ મુદતની હડતાલનું રણશીંગુ ફૂંકવા તારીખ જાહેર કરી હતી. ગુજરાત રાજ્ય પંચાયત સેવાના વર્ગ૩ના આરોગ્ય વર્કર, જિલ્લા કક્ષાના સુપરવાઈઝર સહિતના ૨૫ હજાર કર્મચારીઓ આગામી ૧૭મી માર્ચથી અચોક્કસ મુદ્દતની હડતાળ ઉપર ઊતરશે. આરોગ્ય કર્મચારીઓ પગાર વધારા સહિતની માગણીઓને લઈને છેલ્લા કેટલાક સમયથી હેલ્થ કર્મચારીઓ લડત ચલાવી રહ્યા છે. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘે નાણાકીય અને વહીવટી પડતર પ્રશ્નો નહીં ઉકેલતા આ એલાન આપ્યું હતું, આમ તારીખ ૧૭ મી માર્ચથી ગ્રામીણ ક્ષેત્રની આરોગ્ય સેવાને પણ ગંભીર અસર થશે. આરોગ્ય કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરીએ જણાવ્યું હતું કે, સ્ટાફ વહીવટી અને નાણાકીય પ્રશ્નોના ઉકેલ માટે અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ તેનો ઉકેલ આવ્યો નથી.પંચાયત સેવાના હેલ્થ વર્કર કેડરને મળતો ૧૯૦૦ ગ્રેડ પેને બદલે ૨૮૦૦ ગ્રેડ પે તેમજ સુપરવાઈઝર વગેરેમાં ૨૪૦૦ ને બદલે ૪૨૦૦ ગ્રેડ પે લાગુ કરવાની માગણી કરાઈ હતી, બીજી તરફ ખાતાકીય પરીક્ષા કેડર રદ સહિતના મુદ્દે આંદોલન શરૂ કરાશે.

રાજ્યના લગભગ ૨૫,૦૦૦ જેટલા કર્મચારીઓ આ લડતમાં સામેલ થવા જઈ રહ્યા છે પગાર વધારા સહિતની ૧૭ જેટલી માગણીઓ માટે અનેક વખત રજૂઆત પછી નિર્ણય નહીં લેવાતા અચોક્કસ મુદતની હડતાલનું એલાન અપાયું હતું. ૩૩ જિલ્લામાં આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખોને તેમજ લાગતા વળગતા હોદ્દેદારોને પણ મહાસંઘના આ નિર્ણય અંગે જાણ કરવામાં આવી છે.

# રાજયના પોલીસ કર્મચારી-અધિકારીઓને સાયબર કમાન્ડોની તાલીમ અપાશેઃ સાયબર નિષ્ણાતો તાલીમ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ડિજિટલ એરેસ્ટથી માંડીને સાયબર ક્રાઇમના ગુનાઓનું પ્રમાણ તબક્કાવાર વધતું જાય છે. આ ગુનાઓને ડામવાની સાથોસાથ આગામી દિવસોમાં આવનારા પડકારોને પહોંચી વળવા માટે રાજયની પોલીસને સાયબર કમાન્ડોની તાલીમ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યના આઇ.ટી., બી.ઇ., બી.સી.એ જેવા પ્રોફેશનલ ડિગ્રી ધરાવતાં પોલીસ અધિકારીથી માંડીને કર્મચારીઓને પ્રથમ તબક્કામાં તાલીમ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની કચેરીના કોન્ફરન્સ રૂમમાં તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાયોગિક ધોરણે પાંચ બેન્ચને તાલીમ આપવામાં આવશે. દરેક બેચમાં ૮૦ જેટલાં પોલીસ અધિકારીથી લઇને કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તાલીમ ત્રણ દિવસની રહેશે. અમદાવાદ શહેરના પોલીસ અધિકારીથી માંડીને કર્મચારીઓને આપવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં પોલીસ કોન્સ્ટેબલથી પોલીસ ઇન્સ્પેકટરને આ તાલીમ આપવાનું ચાલુ કરવામાં આવ્યું છે.

સાયબર એક્સપર્ટ દ્વારા તાલીમાર્થીઓને સાયબર ક્રાઇમના ગુનાઓની મોડેસ ઓપરેન્ડી, ૧૯૩૦ હેલ્પ લાઇનનું ઇન્ટ્રોડકશન, નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ, ડિજિટલ એરેસ્ટની મોડેસ ઓપરેન્ડી, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ - કોમન ક્રિમિનલ એકિટવીટી, હેરેસમેન્ટ કેસો, ડિજિટલ પુરાવા કેવી રીતે મેળવવા વગેરે પ્રકારની તાલીમ આપવામાં આવશે. તે જ રીતે આર્થિક ગુનાઓ, ઓનલાઇન બેંકિંગ ફ્રોડ, બેંક એકાઉન્ટ ટ્રેકિંગ, ટ્રાન્ઝેકશન વગેરે કેસ સ્ટડી અંગે જાણકારી આપવામાં આવશે. જયારે બીજા દિવસે કોલ ડીટેઇલ રેકોર્ડસ એન્ડ ઇન્ટરનેટ પ્રોટોકોલ ડીટેઇલ રેકોર્ડસનો ઉપયોગ, સાયબર ક્રાઇમની તપાસના મહત્ત્વના મુદ્દા, વગેરે પ્રકારની જાણકારી આપવામાં આવશે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનું આગમનઃ ૧૦ કિલોના એક બોક્સનો મહત્તમ ભાવ ૩૧૦૦ બોલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેસર કેરીના રસિયાઓ ઉનાળાના આરંભથી જ તેમની પ્રિય કેરીના આગમનની કાગડોળે રાહ જોતા હોય છે. આ દરમિયાન ગોંડલના માર્કેટ યાર્ડમાં ફળોની રાણી ગણાતી કેસર કેરીનું આગમન થયું હતું. ગોંડલ ફ્રૂટ માર્કેટિંગ યાર્ડ કેસર કેરીનું હબ ગણવામાં આવે છે. કેસરની સાથે રત્નાગિરિ હાફૂસ પણ ગોંડલ માર્કેટમાં જોવા મળી હતી. પ્રથમ દિવસે ગોંડલ માર્કેટ યાર્ડમાં કેસર કેરીના ૨૨ બોક્સ ઊતર્યા હતા. આ સાથે કેરીની સિઝનનો પ્રારંભ થયો હતો. યાર્ડમાં ગીરગઢડા તાલુકાના નિતલી,ગીર કોઠારિયા અને સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામેથી કેસર કેરી આવી પહોંચી હતી. ગોંડલ એપીએમસી ફ્રૂટ માર્કેટિંગ જૂના યાર્ડમાં ઉનાળાની સિઝનની કેસર કેરીની પ્રથમ આવક થવા પામી હતી, જેમાં ગીર કોઠારિયા અને વિજપરી ગામના ખેડૂતોની ગીરની કેસર કેરીના ૧૦ કિલોના ૨૨ બોક્સની આવક થવા પામી હતી. યાર્ડમાં કેસર કેરીની હરાજી કરવામાં આવી હતી. જેમાં ૧૦ કિલોના એક બોક્સનો ઊંચો ભાવ રૂ. ૩૧૦૦ તથા નીચો ભાવ રૂ. ૨૫૦૦ બોલાયો હતો. કેસર કેરીના ભાવ સારા મળતા આનંદની લાગણી ફેલાઈ હતી.

# છોટાઉદેપુરમાં ભૂવાએ બાળકીની બલી ચડાવી દેતા ચકચારઃ આરોપીની પોલીસે ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટાઉદેપુરમાં હચમચાવી નાખે તેવો બનાવ બહાર આવ્યો હતો. છોટાઉદેપુરના બોડેલીના પાણેજ ગામમાં તાંત્રિક વિધિમાં બાળકીની બલી ચડાવી દેવાઈ હતી. આધેડ ભૂવાએ ૫ વર્ષની બાળકની બલીના નામે હત્યા કરી હતી. અંધશ્રદ્ધામાં બાળકીની બલી ચડાવી દેવાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

મળતી વિગત મુજબ, આધેડ ભૂવા લાલુ હિંમત તડવીએ બાળકીને ઘરમાં લઈ જઈ તાંત્રિક વિધિ કરી કુહાડીથી ગળું કાપી નાખ્યું હતું. બાળકી બાદ એના નાના ભાઈની પણ બલી માટે લઈ જતા ગ્રામજનો જોઈ ગયા હતા. ગામલોકોએ બાળકને બચાવી લઈ પોલીસને ઘટના અંગે જાણ કરી હતી. ઘટનાના પગલે મામલતદાર સાથે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો, જ્યારે આરોપી લાલુની પોલીસે ધરપકડ કરી હતી.

આ મામલે સ્થાનિકોએ જણાવ્યું હતું કે, પાણેજ ગામના તડવી લાલાભાઈ હિંમતભાઈએ રાજુભાઈની પાંચ વર્ષની દીકરીને ઊંચકીને લઈ જઈને તેના ઘરમાં તાંત્રિક વિધિ કરતો હોય તેવું અમારું માનવું છે. તેણે ઘરમાં માતાનું મંદિર બનાવેલું છે, ત્યાં લઈ જઈ કુહાડીનો ઘા મારી એની કરુણ હત્યા કરવામાં આવી છે. સવારે પોણા નવે મને આ ઘટના અંગે જાણ થઈ હતી. તેણે બાળકીની બલી જ આપી છે. છોકરી રમતી હતી, એને ખેંચી લઈ જઈને અંદર કાપી નાખી હતી.

# ગુજરાતમાં હેલ્મેટનું કડક અમલીકરણ કરાશેઃ સીસીટીવીના માધ્યમથી કાર્યવાહી કરવા સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે હેલ્મેટના નિયમોનું કડક અમલીકરણ કરવા માટે રાજ્ય સરકાર અને પોલીસ તંત્રને સૂચના આપી હતી. ત્યાર બાદ રાજ્યમાં લોકો ફરજિયાત હેલ્મેટનો અમલ કરે તે માટે ઝૂંબેશ હાથ ધરાઈ હતી. પરંતુ અનેક લોકો આ નિયમ નહીં પાળતા હોવાથી પોલીસ તંત્રએ તેમની સામે કાર્યવાહી હાથ ધરવા કામગીરી શરૂ કરી છે. હવે રાજ્યમાં હેલ્મેટ ફરજિયાત કરવા માટે કવાયત તેજ કરવામાં આવી છે.

રાજ્યના શહેરી વિસ્તારોમાં હેલ્મેટનો કડક અમલ કરાવવા માટે પોલીસ અને તંત્રને આદેશ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત હાઈવે પર પણ ટ્રાફિકના જવાનોને સાથે રાખીને હેલ્મેટ ડ્રાઈવ ચલાવવા અને સીસીટીવીના માધ્યમથી કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. શહેરી વિસ્તાર સિવાય નગરોમાં પણ ટૂ વ્હિલર ચાલકો માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે.

તાજેતરમાં રાજ્યમાં તમામ સરકારી કર્મચારીઓને ટૂ વ્હિલર પર હેલ્મેટ ફરજિયાત પહેરવાનો આદેશ અપાયો હતો. સોમવારથી દ્વિચક્રી વાહનો પર હેલ્મેટ ફરજિયાત કરાયા છે.

## જાહેરમાં અશ્લીલ ચાળા કરનારા હૉટેલના મૅનેજરની ધરપકડ

નાગપુરઃ નાગપુરમાં જાહેરમાં કથિત અશ્લીલ ચાળા કરનારા હૉટેલના મૅનેજરની પોલીસે ધરપકડ કરી હતી. આરોપીના કરતૂતનો વીડિયો બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપી શાંત કુમાર (૩૦) કર્ણાટકનો રહેવાસી છે અને નાગપુરની એક હૉટેલમાં મૅનેજર તરીકે કામ કરે છે.

વર્ધા રોડ પરની સેન્ટ્રલ જેલ નજીક જૉગિંગ ટ્રેક પાસેની બૅન્ચ પર એક મહિલા બેઠી હતી. ફોન પર વાત કરતાં કરતાં મહિલાને જોઈ આરોપીએ અશ્લીલ કૃત્ય કર્યું હતું. આવું શરમજનક કૃત્ય બદલ મહિલાએ પૂછતાં આરોપી નાસી ગયો હતો. આ પ્રકરણે મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપી જે કારમાં રફુચક્કર થયો હતો તેને ધનતોલી પોલીસે ટ્રેસ કરીને આરોપીને તાબામાં લીધો હતો. કુમાર વિરુદ્ધ બજાજ નગર પોલીસે ગુનો નોંધ્યો હતો. તેના મોબાઈલ ફોનમાંથી કેટલીક વાંધાજનક ક્લિપ્સ પણ મળી આવી હતી. (પીટીઆઈ)

## એશિયા પેસિફિક રિજનમાં મુંબઈ એરપોર્ટ શ્રેષ્ઠ જાહેર થયું

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ (અઈઈ) ના એરપોર્ટ સર્વિસ ક્વોલિટી (અજ્ય) એવોર્ડ્સ દ્વારા એશિયા પેસિફિક ક્ષેત્રમાં '૪૦ મિલિયનથી વધુ મુસાફરોને હેન્ડલ કરનાર શ્રેષ્ઠ એરપોર્ટ' તરીકે જાહેર કરવામાં આવ્યું છે. એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે, એરપોર્ટને સતત સાતમેં વર્ષે 'શ્રેષ્ઠ એરપોર્ટ' ના આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. અઈઈ વર્લ્ડના ડિરેક્ટર જનરલ લુઈસ ફેલિપ ડી ઓલિવેરાએ જણાવ્યું હતું કે એરપોર્ટ સર્વિસ ક્વોલિટી (અજ્ય) એવોર્ડ્સ ઉત્કૃષ્ટ ગ્રાહક અનુભવની ઉજવણી કરે છે; તે તમારી સમગ્ર એરપોર્ટ ટીમની નવીનતા અને સમર્પણને બિરદાવે છે. 'એશિયા-પેસિફિકમાં ૪૦ મિલિયનથી વધુ મુસાફરો માટે શ્રેષ્ઠ એરપોર્ટ' શ્રેણી માટે અમને ફરી એકવાર ૨૦૨૩ અજ્ય એવોર્ડ મળ્યો તે ખૂબ જ ગર્વની વાત છે. આ નોંધપાત્ર સિદ્ધિ ઈજ્મઈઅની ટીમના અતૂટ સમર્પણ અને અથાક પ્રયાસોને આભારી છે. તેઓ અપેક્ષાઓ કરતાં વધુ સારી કામગીરી બજાવે છે અને ખાતરી કરે છે કે દરેક મુસાફરની મુસાફરી ફક્ત સરળ જ નહીં, પણ યાદગાર હોય.

અજ્ય એવોર્ડ્સ મુસાફરોના પ્રતિસાદ પર આધારિત છે અને તેમને ઉત્કૃષ્ટ ગ્રાહક અનુભવ પ્રદાન કરવા માટે એરપોર્ટની પ્રતિબદ્ધતાનો પુરાવો માનવામાં આવતો હોવાથી એરપોર્ટ ઉદ્યોગમાં તેને ખૂબ જ માન આપવામાં આવે છે.

## ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના પીએમ મોદીના વિઝનને મજબૂત બનાવવા માટે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું બજેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વચન આપ્યું છે. આ પ્રતિબદ્ધતાને મજબૂત બનાવતાં, નાયબ મુખ્યપ્રધાન અને નાણાપ્રધાન અજિત પવારે આજે વિધાનસભામાં ૨૦૨૫-૨૬ માટે રાજ્યનું બજેટ રજૂ કર્યું હતું.

'મહારાષ્ટ્ર હવે અટકશે નહીં... વિકાસમાં હવે વિલંબ થશે નહીં...' એવી જાહેરાત કરતાં પવારે ભાર મૂક્યો કે આ બજેટમાં કૃષિ, ઉદ્યોગ, વેપાર, શિક્ષણ, આરોગ્યસંભાળ, પર્યટન, માળખાગત સુવિધાઓ અને સામાજિક વિકાસ માટે નોંધપાત્ર જોગવાઈઓ સામેલ છે. બજેટનો ઉદ્દેશ સ્થાનિક અને વિદેશી રોકાણ આકર્ષવાનો, રોજગાર અને સ્વરોજગારીની તકો ઊભી કરવાનો અને વિધાનસભા ચૂંટણી દરમિયાન મતદારો દ્વારા વ્યક્ત કરાયેલા વિશ્વાસને પૂર્ણ કરવાનો છે.

પોતાનું અગિયારમું રાજ્ય બજેટ રજૂ કરતી વખતે, અજિત પવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તે મહારાષ્ટ્રના લોકોની અપેક્ષાઓ પર સફળતાપૂર્વક પૂર્ણ કરશે.

બજેટ ભાષણની શરૂઆતમાં, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે છત્રપતિ શિવાજી મહારાજ, છત્રપતિ સંભાજી મહારાજ, રાજમાતા જીજાઉ, છત્રપતિ શાહુ મહારાજ, મહાત્મા જ્યોતિરાવ ફુલે, ડૉ. બાબાસાહેબ આંબેડકર, અહિલ્યાબાઈ હોળકર, સાવિત્રીબાઈ ફુલે અને અન્નાભાઉ સાઠે સહિતના મહારાષ્ટ્રના આદરણીય નેતાઓને શ્રદ્ધાંજલિ આપી હતી.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ભાર મૂક્યો હતો કે મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ અને વિદેશી સીધાં રોકાણ (એફડીઆઈ)માં અગ્રેસર છે.

દાવોસમાં વિશ્વ આર્થિક મંચ (જાન્યુઆરી ૨૦૨૫) દરમિયાન, મહારાષ્ટ્ર સરકારે ૬૩ કંપનીઓ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા, જેનાથી ૧૫.૭૨ લાખ કરોડ રૂપિયાનું રોકાણ સુનિશ્ચિત થયું, જેનાથી આશરે ૧૬ લાખ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે.

વધુમાં, બજેટમાં જીએસટી લાગુ થયા પહેલા અસ્તિત્વમાં રહેલા વિવિધ કર કાયદાઓ હેઠળ જાહેર ક્ષેત્રના ઉપક્રમોના બાકી લેણાંની પતાવટ માટે 'ટેક્સ માફી યોજના' રજૂ કરવામાં આવી છે. આ યોજનાને 'મહારાષ્ટ્ર કર, વ્યાજ, દંડ અથવા લેટ ફી (જાહેર ક્ષેત્રની કંપનીઓ માટે સમાધાન) અધિનિયમ, ૨૦૨૫' નામ આપવામાં આવશે અને તે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

## ભાજપના 'જય શ્રી રામ'ના જવાબમાં ઉદ્ધવનો 'જય શિવાજી, જય ભવાની'નો નારો

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ રવિવારે ભાજપ પર સમાજમાં ઝેર ઓકવાનો આરોપ મૂક્યો હતો અને શાસક પક્ષના 'જય શ્રી રામ'ના નારાનો જવાબ 'જય શિવાજી' અને જય ભવાની સાથે આપવા સમર્થકોને જણાવ્યું હતું.

થાણા નજીક આવેલા મુલુંડના પૂર્વીય ઉપનગરમાં સેના (યુબીટી)ના કાર્યકરોને સંબોધતી વખતે ઉદ્ધવે ભાજપના નેતૃત્વ હેઠળના વર્તમાન શાસનની સરખામણી નાઝી જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલર સાથે કરી હતી.

ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે 'જો કોઈ જય શ્રી રામ કહે તો તે વ્યક્તિને જય શિવાજી અને જય ભવાની કહે નહીં ત્યાં સુધી જવા દેશો નહીં. ભાજપે સમાજમાં ઝેર ઓક્યું છે. આપણા સમાજની જે દશા ભાજપે કરી છે એ એમને ભારે પડશે.' ઠાકરેએ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ અંગેના ભાજપના વલણ તરફ ઈશારો કરી દેશ પ્રત્યે પક્ષની પ્રતિબદ્ધતા સામે પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમની દલીલ હતી કે ભાજપે અગાઉ પાકિસ્તાન સાથે રમત-ગમતના કાર્યક્રમનો વિરોધ કર્યો હોવા છતાં ભારત હવે પાકિસ્તાન અને બાંગ્લાદેશ બંને સાથે ક્રિકેટ મેચ રમવા તૈયાર થાય છે. સેના (યુબીટી)ના અધ્યક્ષએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની વિધાનસભામાં તાજેતરમાં કરેલી મજાક 'હું ઉદ્ધવ ઠાકરે નથી કે ચાલી રહેલા પ્રોજેક્ટ્સ અટકી પડે'- નો જવાબ પણ આપ્યો હતો. બે વર્ષથી વધુ સમય સુધી મુખ્ય પ્રધાન રહેલા ઠાકરેએ કહ્યું હતું કે જો ફડણવીસ તેમનું અનુકરણ કરવા માગતા હોય તો તેમણે ખેડૂતો માટે લોન માફીની જાહેરાત કરવી જોઈએ અને બજેટમાં શિવ ભોજન અને લાડકી બહિણ યોજનાઓ જેવી પહેલ માટે સુધારેલા ભંડોળની ફાળવણી કરવી જોઈએ.

## છત્રપતિ સંભાજીનગરમાં શેરડીથી ભરેલી ટ્રક ઊંધી વળતાં છ મજૂરનાં મોત, ૧૧ની હાલત ગંભીર

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો જેમાં ૬ મજૂરોએ જીવ ગુમાવ્યા હતા. અહીંના કન્નડ પિશોર ઘાટ પર મોડી રાત્રે શેરડીથી ભરેલી ટ્રક અચાનક પલટી ગઈ હતી. શેરડીની ટ્રક પર બેઠેલા ૧૭ મજૂરો ઘાટ પાસે રોડ પર પડી ગયા અને ટ્રકમાં ભરેલી શેરડી તે મજૂરો પર પડી હતી. ૬ મજૂરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અને ૧૧ મજૂરો સારવાર હેઠળ છે. પિશોર પોલીસ સ્ટેશનના પીઆઈ રંગરાવ સાનપે જણાવ્યું કે રવિવારે મધરાતે શેરડીથી ભરેલી ટ્રક પિશોરથી કન્નડ જઈ રહી હતી ત્યારે આ ઘટના ઘટી હતી. રસ્તામાં એક ઘાટ પાસે શેરડી ભરેલી ટ્રક અચાનક ઊંધી વળી ગઈ હતી. તેના પર ૧૭ જેટલા મજૂરો બેઠા હતા. ઓવરલોડિંગને કારણે ટ્રક રોડ પર પલટી ગઈ હતી અને મજૂરો દટાઈ ગયા હતા. પોલીસને આ ઘટનાની માહિતી મળતા જ તેઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મજૂરો પર પડેલી શેરડીને હટાવી હતી. પરંતુ ત્યાં સુધીમાં શેરડીની નીચે દટાઈ જવાથી છ કમનસીબ મજૂરોનાં મોત થયાં હતાં, જ્યારે ૧૧ મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને ચાલીસ ગામ અને છત્રપતિ સંભાજીનગરની સરકારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. હાલ પિશોર પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે અને મજૂરોના આધારકાર્ડ પરથી ઓળખ કરીને પરિવારોને જાણ કરવામાં આવી રહી છે.

## નેશનલ પાર્કના વિસ્થાપિતોનું ગોકળગાયની ગતિએ પુનર્વસન થઇ રહ્યું છેઃ વન ખાતાના પ્રધાન

મુંબઈઃ સંજય ગાંધી નેશનલ પાર્ક (એસજીએનપી)માંથી વિસ્થાપિત થયેલા લોકોના પુનર્વસનની પ્રક્રિયા ગોકળગાયની ગતિએ ચાલી રહી છે તથા બિલ્ડરો દ્વારા તેમને ફ્લેટ આપવામાં વિલંબ કરવામાં આવી રહ્યો છે એ અંગે મહારાષ્ટ્રના પ્રધાન ગણેશ નાઇકે સોમવારે ચિંતા વ્યક્ત કરી હતી.

શિવસેના-યુબીટીના વિધાનપરિષદના સભ્ય સચિન આહિરે પૂછેલા સવાલનો લેખિતમાં જવાબ આપતાં વન ખાતાના પ્રધાન ગણેશ નાઇકે જણાવ્યું હતું કે નેશનલ પાર્કમાંથી અતિક્રમણ દૂર કરવા માટે ત્યાંના રહેવાસીઓના પુનર્વસનના પ્રયાસો સરકાર તરફથી કરાઈ રહ્યા છે, પરંતુ ડેવલપર્સ દ્વારા હજી તેમને ફ્લેટ પૂરા પાડવામાં આવ્યા નથી. બોમ્બે હાઇ કોર્ટે ૧૯૯૬માં નેશનલ પાર્કના વિસ્તારમાંથી અતિક્રમણો દૂર કરવાનો આદેશ આપ્યો હતો. પ્રથમ તબક્કામાં ૧૧,૦૦૦થી વધુ અતિક્રમણકારોનું પુનર્વસન કરવામાં આવ્યું હતું, પરંતુ બીજા તબક્કાના ૧૩,૪૮૬ ઝૂંપડાવાસીઓના પુનર્વસનમાં અડચણ આવી રહી છે, એમ નાઇકે વધુમાં જણાવ્યું હતું. એરિયલ ફનલ ઝોનને કારણે પ્રસ્તાવિત પુનર્વસન સાઇટ પર ઈન્ડિયન એવિએશન ઓથોરિટી તરફથી અડચણો આવી રહી છે તથા મ્હાડાને પુનર્વસન પ્રોજેક્ટો સોંપવા અને ટેન્ડર પ્રક્રિયાઓ રદ કરવાની પ્રક્રિયામાં પણ વિલંબ થઇ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

## ડોઝ પ્રમાણે જરૂરી દવા ટેક્નોલોજીની મદદથી દર્દીને સમયસર મળશે

મુંબઈઃ એમઆઇટી વર્લ્ડ પીસ યુનિવર્સિટી (એમઆઇટી-ડબ્લ્યુપીયુ) પુણેએ સોમવારે જણાવ્યા અનુસાર મોડ્યુલર ઇન્ટરનેટ ઓફ થિંગ્સ (આઇઓટી)થી સંચાલિત ટેબ્લેટ અને કેપ્સ્યુલ ડિસ્પેન્સર (વિશિષ્ટ ઉપકરણ) તૈયાર કર્યું છે. આ ડિસ્પેન્સર ઓટોમેટિક અને દૂર બેઠા આપી શકાય એવી દવા આપવાની વ્યવસ્થા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

એમઆઈટી-ડબલ્યુપીયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ ઉપકરણનો હેતુ ચોક્કસ અને સમયસર દવાઓના વિતરણની ખાતરી કરીને જટિલ ડોઝમાં દવા લેતા લોકોને મદદરૂપ થવાનો છે. એમઆઈટી-ડબલ્યુપીયુ સ્કૂલ ઓફ ફાર્મસીના પ્રોફેસર ડો.અમોલ તગલપાલેવરાતે જણાવ્યું હતું કે આ ઉપકરણ માત્ર ટેબ્લેટ અને કેપ્સ્યુલ વિતરિત કરવા વિશે જ નથી, પરંતુ તેનો હેતુ આરોગ્ય સાક્ષરતામાં સુધારો કરી જીવનની ગુણવત્તામાં વધારો કરવા વિશે પણ છે. ઉપકરણનો આશય ઘરમાં ઔષધોપચાર વ્યવસ્થાપન, દૈનિક જીવનમાં મદદરૂપ થતી સુવિધા અને હોસ્પિટલ વ્યવસ્થામાં સુધારો કરવાનો છે.

## જમીન વિવાદમાં કાકાની હત્યા કરનારા ભત્રીજાને પાંચ વર્ષની સખત કેદ

થાણેઃ જમીન વિવાદને કારણે પોતાના કાકાની હત્યા કરવા બદલ થાણેની કોર્ટે ૩૯ વર્ષીય આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

ભિવંડીની સેશન્સ કોર્ટે જવહારના રહેવાસી આરોપી બલિરામ ગણપત બુધારને સદોષ મનુષ્યવધ હેઠળ દોષી ઠરાવ્યો હતો. કોર્ટે આરોપીને પાંચ વર્ષની કડક જેલની સજા અને ૫૦૦૦ રૂપિયા દંડ ફટકાર્યો હતો. પાંચમી માર્ચે કોર્ટે આ આદેશ આપ્યો હતો જે શુક્રવારે ઉપલબ્ધ થયો હતો. સરકારી વકીલે જણાવ્યું હતું કે આરોપી અને તેના કાકા યશવંત સખ્યા બુધાર (૫૪) વચ્ચે લાંબા સમયથી જમીનને લઇને વિવાદ ચાલી રહ્યો હતો. પહેલી જાન્યુઆરી, ૨૦૧૬ના બલિરામે તેના કાકા પર કુહાડી વડે હુમલો કર્યો હતો જેથી યશવંત બુધાર ગંભીર રીતે ઘાયલ થયો હતો જેમાં તેનું મૃત્યુ થયું હતું. તપાસકર્તા પક્ષ દ્વારા નવ સાક્ષીની જુબાની નોંધવામાં આવી હતી. આરોપીની આર્થિક પરિસ્થિતિ તથા સુનાવણી દરમિયાન તેના સરળ વર્તનને કારણે કોર્ટે સજા સંભળાવતી વખતે થોડી દયા દાખવી હતી. (પીટીઆઇ)

## થાણેની બિલ્ડિંગમાં આગ લાગતાં દુકાન અને ત્રણ બાઈક સળગી ગઈ

થાણેઃ થાણેમાં છ માળની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર લાગેલી આગમાં એક દુકાન અને ત્રણ બાઈક ખાક થઈ ગઈ હતી. થાણે ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે આગ માજીવાડાના સિદ્ધાર્થ નગર ખાતેની બિલ્ડિંગમાં ગુરુવારના મળસકે ૪.૨૩ વાગ્યે લાગી હતી. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર લાગેલી આગે એક દુકાનને પોતાની લપેટમાં લઈ લીધી હતી. ઝડપથી ફેલાયેલી આગને કારણે નજીકમાં પાર્ક ત્રણ બાઈક પર સળગી ગઈ હતી. આગની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડ અને ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના અધિકારી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બિલ્ડિંગના ઉપરના માળ પર આગ ફેલાય તે પહેલાં અડધા કલાકમાં જ તેના પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

### ટાંકી સાફ કરતી વખતે

હતા. મૃતકોની ઓળખ હસીબુલ શેખ, રાજા શેખ, જિયાવલ શેખ અને ઇમાનદાર શેખ તરીકે થઇ હતી, જ્યારે ભૂતાન શેખને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ ઘટના બાદ જે. જે. માર્ગ પોલીસ સ્ટેશનમાં મોડી રાતે બે લેબર કોન્ટ્રેક્ટર અબ્દુલ દાલિમ શેખ અને અનિમેશ બિશ્વાસ તેમ જ જવાબદાર અન્યો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન બંને કોન્ટ્રેક્ટ અબ્દુલ દાલિમ અને અનિમેશની તેમના કામમાં ચૂક હોવાનું તપાસમાં જણાયા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)

### ૨૦૪૭ સુધીમાં

સંભાજી મહારાજ, રાજમાતા જીજાઉ, છત્રપતિ શાહુ મહારાજ, મહાત્મા જ્યોતિરાવ ફુલે, ડો. બાબાસાહેબ આંબેડકર, અહિલ્યાબાઈ હોળકર, સાવિત્રીબાઈ ફુલે અને અન્નાભાઉ સાઠે સહિતના મહારાષ્ટ્રના આદરણીય નેતાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ભાર મૂક્યો હતો કે મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ અને વિદેશી સીધાં રોકાણ (એફડીઆઇ)માં અગ્રેસર છે.દાવોસમાં વિશ્વ આર્થિક મંચ (જાન્યુઆરી ૨૦૨૫) દરમિયાન, મહારાષ્ટ્ર સરકારે ૬૩ કંપનીઓ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા, જેનાથી ૧૫.૭૨ લાખ કરોડ રૂપિયાનું રોકાણ સુનિશ્ચિત થયું, જેનાથી આશરે ૧૬ લાખ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે. વધુમાં, બજેટમાં જીએસટી લાગુ થયા પહેલા અસ્તિત્વમાં રહેલા વિવિધ કર કાયદાઓ હેઠળ જાહેર ક્ષેત્રના ઉપક્રમોના બાકી લેણાંની પતાવટ માટે 'ટેક્સ માફી યોજના' રજૂ કરવામાં આવી છે. આ યોજનાને 'મહારાષ્ટ્ર કર, વ્યાજ, દંડ અથવા લેટ ફી (જાહેર ક્ષેત્રની કંપનીઓ માટે સમાધાન) અધિનિયમ, ૨૦૨૫' નામ આપવામાં આવશે અને તે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

### શિવસેનાના નેતાની

૨૦૨૪ના રોજ રાજપુરોહિત અને તેના છ કાર્યકર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ગયા સપ્તાહે કાંદિવલી પોલીસે રાજપુરોહિત વિરુદ્ધ વધુ એક એફઆઇઆર દાખલ કર્યો હતો, જેમાં મરાઠી પરિવારની દુકાન પર બળજબરીથી કબજો કરવાનો આરોપ કરવામાં આવ્યો છે. આ કેસમાં પણ તેની ધરપકડ કરવામાં આવશે. ઘટના પ્રકાશમાં આવ્યા બાદ એકનાથ શિંદેએ રાજપુરોહિતને શિવસેનામાંથી હાંકી કાઢવાનો આદેશ આપ્યો હતો. બાદમાં તેને શિવસેનામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. વૃદ્ધ દંપતી સાથે છેતરપિંડી અને દુકાન પચાવી પાડવાના આરોપસર કાંદિવલી પોલીસ સ્ટેશનમાં રાજપુરોહિત વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

### બદલાપુર એન્કાઉન્ટર

આવી હતી. રાવે ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠને જણાવ્યું હતું કે આ ઘટના બાદ શિંદેના માતા-પિતાએ સ્થાનિક પોલીસને લેખિત માહિતી આપી હત્યા અંગે શંકા વ્યક્ત કરી હતી.

પોલીસે કથિત એન્કાઉન્ટરના સંદર્ભમાં એડીઆર (આકસ્મિક મૃત્યુનો અહેવાલ) નોંધ્યો હતો અને પછી તપાસ રાજ્યની સીઆઇડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

રાવે અદાલતને જણાવ્યું હતું કે એડીઆર સીઆઇડીને ટ્રાન્સફર કરવામાં આવી રહ્યો હતો ત્યારે જ તેમને શિંદેના માતા-પિતા દ્વારા અન્ય દસ્તાવેજો સાથે રજૂ કરવામાં આવેલી લેખિત માહિતી મળી હોવી જોઈએ અને એના આધારે એફઆઇઆર નોંધવી જોઇતી હતી. (પીટીઆઈ)

## જીએસટી ડિપાર્ટમેન્ટના નાયબ કમિશનર જ લાંચના કેસમાં ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૅનલ્ટી સાથે લગાવવામાં આવેલી જીએસટીમાંથી અમુક રકમ ઓછી કરી આપવા માટે ખાનગી કંપનીના અધિકારી પાસેથી ૧૫ લાખ રૂપિયાની કથિત લાંચ માગવા બદલ ઍન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)એ જીએસટી વિભાગના ડેપ્યુટી કમિશનર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. એસીબીએ અંધેરીની એક હોટેલમાં ગોઠવેલા છટકામાં ડેપ્યુટી કમિશનર વતી લાંચ લેનારો ઝડપાઈ ગયો હતો, પરંતુ ડેપ્યુટી કમિશનર ત્યાંથી પસાર થઈ ગયા હતા.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ (ધમડાછા), દેસાઇ ફળીયુ, હાલ ડોક્યાર્ડ રોડ (મજગાવ) ગં. સ્વ.મંજુલાબેન ગોવિંદભાઈ પટેલ (ઉં. વ. ૮૦) તા. ૦૮/૦૩/૨૫ શનિવારે દેવલોક પામ્યાં છે. તે હિતેશના મમ્મી. કલ્પનાના સાસુ. ટ્વીનલ, હિરલ, જનેશ, મયંક, હરનીશા, કરીનાના દાદી. ચંદ્રકાંતના મામી. દક્ષાબેનના મામીસાસુ. તેમનું બંને પક્ષનું બેસણું ૧૨/૦૩/૨૫, બુધવારના ૨ થી ૫ સાથે રાખવામાં આવ્યું છે. ૧૨મુ/પુષ્પાણી તા. ૧૯/૦૩/૨૫, બુધવારે, ૩ થી ૪. રે.ઠે. બે વ્યુ, બિલ્ડિંગ નં. ૨, ફ્લેટ નં.૧૭૦૨, ૧૭મો માળ, રામશેટ નાયક રોડ, માથરપખાડી, મઝગાવ, મુંબઈ -૧૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સાકરબાઇ હરીરામ ખીયાના સુપુત્ર હીરજીભાઇ (શંભુભાઇ) (ઉં. વ. ૯૩) ગામ મોટી ધુફી (હાલ મુલુંડ)વાળા રવિવાર તા. ૯-૩-૨૫ના રામશરણ પામેલ છે. લક્ષ્મીબેન (કસ્તુરબેન)ના પતિ. તે સ્વ. ગોદાવરી મોરારજી જેઠા પલણ ગામ સાભરાઇવાળાના જમાઇ. તે સ્વ. ભાગેરથીબેન, સ્વ. શંકરભાઇ, સ્વ. કિશોરભાઇના મોટાભાઇ, ગ. સ્વ.સુશીલાબેન અને ગં. સ્વ. પ્રેમીલાબેનના જેઠ. તે સ્વ. ઇલાબેન, શૈલેષ, અનિલા તથા અંજનાના પિતાશ્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૧-૩-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, પહેલે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ -વેસ્ટ, લૌકીક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઈ લોહાણા**

હીરાબેન વસંતરાય ગાંધી તે દામોદર રામજી દવડાની દિકરી તા. ૧૦-૩-૨૫, સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કૃષ્ણકુમાર મુળજી દૈયા (ઉં.વ. ૮૮) તે રૂકમણીબેનના પતિ. રાધિકા, દિવ્યા, વિક્રમના પિતા. ગૌરી દૈયા, દિપક વિરવાણી, પ્રદીપ મફતલાલના સસરા રવિવાર, તા. ૯-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૨-૩-૨૫ના ૫ થી ૭ હૉલ ઑફ કલચર, નેહરૂ સેન્ટર, વરલી.

**નવગામ ભાટિયા**

મોરબીવાળા હાલ મુંબઈ, દક્ષાબેન મથુરાદાસ વેદ (ઉં. વ. ૭૪) તે સ્વ.અનસૂયાબેન મથુરાદાસ વેદના દીકરી. સ્વ.નરેન્દ્રભાઈ, સ્વ.ચંદ્રિકાબેન ચંદ્રકાંતભાઈ ઉદેશી, કિરણભાઈ, સ્વ.કિરીટભાઈ વેદની બેન. કશ્યપ, નેહા વિનયકુમાર આશર તથા ડૉ. જીગ્નેશના ફોઈ તા. ૯-૩-/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**વિસલનગરા નાગર બ્રાહ્મણ**

વાલમ નિવાસી હાલ વિરાર, સ્વ.રાજીવ નવીનચંદ્ર ત્રિવેદી તથા કિરણબેનના પુત્ર રોનક (ઉં. વ. :૨૮) ૯/૩/૨૫ના હાટકેશશરણ પામેલ છે. તે જયેશ, નયના, ભાવિન, પ્રિતી તથા જયશ્રીના ભત્રીજા, અમી, કિજલ, ક્ષમાના ભાઈ, સમીરકુમારના સાળા, રૂતિના મામા. ટેલિફોનિક બેસણું ૧૧/૩/૨૫ના ૫ થી ૬.

**દશા પોરવાડ**

તે મૂળગામ કાલોલ હાલ મુંબઈ, વસંતકુમાર ઓચ્છવલાલ દેસાઈ (ઉં. વ. ૮૦) શનિવાર ૮/૩/૨૫ ના શ્રીજીશરણ પામેલ છે. તે ગીતાબેનના પતિ. શ્વેતલ બીરેન ગાંધીના પિતા. બીરેન દિલીપભાઈ ગાંધીના સસરા. નટવરભાઈ, કોકિલાબેન, વિનોદભાઈ, અશ્વિનભાઇના ભાઈ. પ્રિયલના નાના. પ્રાર્થનાસભા ૧૧/૩/૨૫ના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકરમંદિર પાસે, એસ. વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

શ્રીમતી જયશ્રીબેન ખંધા તા. ૮/૦૩/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ડૉ. રાજેન્દ્રભાઈ બી. ખંધાના પત્ની, મુક્તાબેન બચુભાઈ ખંધાના પુત્રવધૂ. અમી અમિત દત્તાણી, અંકિતા સપન ઝરીવાલા તથા યશ રાજેન્દ્ર ખંધાના માતા. અમિતભાઈ એમ. દત્તાણી અને સપનભાઈ સી. ઝરીવાલાના સાસુ અને આરવી તથા આરુષના નાનીમા. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ ગોંડલ હાલ દહીંસર, સ્વ. મણીબેન પરમાનંદદાસ વશરામ આશરાના સુપુત્રી. સ્વ. કમળાબેન મણિયાર (ઉં. વ. ૮૫) પારુલ, રાજેશ, ભાવના જગદીશ પડિયાના ભાણેજ. તા. ૯/૩/૨૫ રવિવારના અરિહંત પામેલ છે. જે સ્વ. વિનેશચંદ્ર ભાનુલાલ મણિયારના પત્ની. પારુલ, રાજેશ, ભાવના જગદીશ પડિયાના માતુશ્રી. લલિત, સુરેશ, સ્વ ઉર્મિલા જેન્તીલાલ જરીવાલા, ગં.સ્વ.ચારુલતા દિનેશ જાજલ, ગં.સ્વ. હર્ષદા ગંગાધર નામદાર, કુ.દક્ષા ભાનુલાલ મણિયારના ભાભી. લૌકિક પ્રથા બંધ છે. ઘરનું સરનામું-રૂમ નં. ૧, સાઈ પ્રસાદ, વાય. આર. તાવડે રોડ, દિપા હોટેલની બાજુમાં, દહીસર પશ્ચિમ.

**જનોડ એકડા વિશા ખડાયતા**

કપડવંજ નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન જીવણલાલ છગનલાલ શાહના પુત્ર વિનોદભાઈ ૨૭/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે કોકિલાના પતિ. બ્રિજેશ-સેજલ, અંકુર-નિમીષા તથા જ્યોતિ ઉત્કર્ષકુમાર શાહના પિતા. સ્વ. શાંતાબેન રમણલાલ મગનલાલ શાહ રતનપરવાળાના જમાઈ. ઋત્વી, રીયા, રિચા, યાંશીકા, મિશિકાના દાદા. પ્રાર્થનાસભા ૧૧/૩/૨૫ના ૯ થી ૧૦.૩૦. સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**વાંઝા જ્ઞાતિ**

બિલખાવાળા હાલ કાંદિવલી, કિશોરભાઈ નારણભાઈ રાઠોડના ધર્મપત્ની નિરંજનાબેન (નીતાબેન) (ઉં. વ.૬૮) શનિવાર, તા. ૮/૦૩/૨૫ના શ્રીગોપાલશરણ પામેલ છે. તે અમિતભાઈ, કલ્પનાબેન, ટીનાબેનના માતુશ્રી. જમકુબેન ન્યાલચંદ પરમાર (ટોપીવાળા)ના દીકરી. શ્વેતાબેન, ભાવિકભાઈ, અતુલભાઈના સાસુ. પ્રાર્થનાસભા ૧૦/૦૩/૨૫ સોમવારે ૫ થી ૭. લુહાણા બાલાશ્રમ વાડી, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (પશ્ચિમ).

**ઘોઘારી લોહાણા**

અમરાપૂર ધાનાણી નિવાસી હાલ બોરીવલી, સ્વ. કાંતિલાલ કેશવલાલ સુરૈયાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૧) ૮/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ગં.સ્વ.હંસા દીપકભાઈ ઠક્કર, હર્ષા બિપિન તન્ના, સ્વ. પ્રવીણા દીપકભાઈ તન્ના, નીતિનભાઈ તથા નિલેશ, પરેશ તથા સંજુના માતુશ્રી. શિલ્પા તથા જીજ્ઞાના સાસુ. અમન, કરણ, મીત તથા નિશી, કુશાલી, યાશીના દાદી. લક્ષ્મણભાઈ જીવનભાઈ ગણાત્રા વળીયા દેવળીના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૦/૩/૨૫ના ૪ થી ૬. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

બગસરા નિવાસી હાલ કાંદિવલી, શશીક મણિલાલ પડિયાના ધર્મપત્ની નીલમબેન (ઉં. વ.૬૦) ૮/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ભાવનગરવાળા વસંતલાલ મણિલાલ મર્થકના દીકરી. મિહિર તથા જશના માતુશ્રી. કિશોરભાઈ, સુરેશભાઈ, લતાબેનના ભાઈના પત્ની. પ્રાર્થનાસભા ૧૦/૩/૨૫ના ૫ થી ૬. બંગલા નં ૫, તિરૂમાલા કૃપા સોસાયટી, હાય લેન્ડ કોમ્પ્લેક્સ, ડન હિલ ટાવરની બાજુમાં, ચારકોપ ગાવ, કાંદિવલી વેસ્ટ.

**મોઢ દશા ઘોઘવા**

પાટણ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રામદાસ ચંપકલાલ પરીખના ધર્મપત્ની ગં. સ્વ. ઇન્દીરાબેન પરીખ (ઉં. વ. ૮૫) ૮/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પિયુષ, હર્ષા, બીના તથા વંદનાના માતુશ્રી. કાનન, જયેશકુમાર વોરા, સ્વ. પ્રફુલકુમાર વોરા તથા પ્રશાંતકુમાર સરૈયાના સાસુ. ધ્રુવના દાદી. પિયરપક્ષે સ્વ. કાંતિલાલ લલ્લુભાઇ પરીખ પાટણવાળાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

ધન ધનજીશા ઇલાવીયા તે મરહુમ ધનજીશાના ધનીયાની. તે મરહુમો આલામાય જહાંગીર ગામતના દીકરી. તે જેસમીનના માતાજી. તે જમશેદના સાસુજી. તે મરહુમો બેહરામ, હોશી, તેહમી, બાનુ, સુન્નુ ને નરગીસના બહેન. તે એરવ તરવદ ને ઓસતા વરુનના દાદા. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૫, લીલવાધોલ, નાંદોદ, નર્મદા, રાજપીપલા, ગુજરાત, ૩૯૩૧૪૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૩-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે લાલબાગ અગિયારીમાં છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મૂળ વતન લાઠી નિવાસી હાલ મુંબઇ સ્વ. શાંતાબેન જયંતીલાલ વઘાણીના સુપુત્ર ચંદ્રકાંત વઘાણી (શાહ) (ઉં. વ. ૭૬) તા. ૯-૩-૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે રીટાબેન (રંજનબેન)ના પતિ. તે જતીન, કેયુર, કાજલ પ્રશાંતભાઇ સરવૈયાના પિતા. બ્રિન્દા, ચૈતાલી, તથા પ્રશાંતભાઇ સરવૈયાના સસરા. સ્વ. સુરેશભાઇ-ભાવનાબેન, વિજયભાઇ-સ્વ. હર્ષાબેન, નિલેશભાઇ-બીનાબેન, દિપકભાઇ-કલ્પનાબેન વઘાણી તથા હંસાબેન અનિલભાઇ ઉદાણીના ભાઇ. સ્વ. મનસુખલાલ ગીરધરલાલ મહેતાના જમાઇ. બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૩-૨૫ને ૩થી ૫. ઠે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન, ચંદન સિનેમા પાછળ, જે. વી. પી. ડી. સ્કીમ, જુહુ, મુંબઇ-૪૯.

**સ્થાનકવાસી જૈન**

વંથલી નિવાસી હાલ બોરીવલી ચુનીલાલ પરષોતમ મીઠાનીના સુપુત્ર જ્યોતિન્દ્રભાઇ (ઉં. વ. ૭૨) તા. ૮-૩-૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે શ્રીમતી નીલાબેનના પતિ. જીગર, કોમલ રિશી ભદ્રેશાના પિતા. સ્વ. જશવંત, અરુણ, હરેશ, બિપીન, સ્વ. સતીશ, શૈલા ગિરીશ કોઠારી, જયશ્રી મહેશ શાહ, હર્ષા હર્ષદ મહેતા અને ઇલા મહેશ દોશીના ભાઇ. સ્વ. હરીલાલ ખેતશી દોશીના જમાઇ. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૫ના શનિવાર ૩થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, સર્વોદય હોલ, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ વિલેપાર્લે ગં. સ્વ. ચંદ્રીકાબેન ભીમાણી (ઉં. વ. ૮૨) તે સ્વ. શશીકાંતભાઇ અમીચંદભાઇ ભીમાણીના ધર્મપત્ની. અ. સૌ. ઉર્વશી ધીરેનભાઇ મહેતા, મનીષા, અ. સૌ. નીતા આશિષભાઇ શાહ, ઋષિતાના માતુશ્રી. કેવલ્યના નાનીમા. તે જામનગર નિવાસી સ્વ. શાંતિલાલ છગનલાલ કામદારનાં સુપુત્રી. તા. ૧૦-૩-૨૫ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

બુઢણા નિવાસી હાલ ડોમ્બિવલીના સવિતાબેન નગીનદાસ શાહ (ઉં.વ. ૯૭) શનિવાર, તા. ૮-૩-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. જિતેન્દ્રભાઈ, અશોકભાઈ, ભરતભાઈ, ભાવનાબેન, ગીતાબેનના માતોશ્રી. મહેન્દ્રભાઈ, ભારતીબેન, કલ્પનાબેન, હર્ષાબેનના સાસુ. કિંજલ, સાગર, પાયલ, ચિરાગ, અમિષા, શ્રેણિકના દાદી. સિદ્ધિ, મીતના નાની. શ્વસુર પક્ષ સ્વ. ચુનીલાલ ગોરધન શાહ (બુઢણા નિવાસી). પિયર પક્ષ સ્વ. શાંતિલાલ દીપચંદ શાહ (અગિયાળીવાળા). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ નૂતન ત્રંબૌના સોનાબેન શાહ (ઉં.વ. ૮૬) તા. ૯-૩-૨૫ના અવસાન પામેલ છે. તે માતુશ્રી કામલબેન કરમશી કુંભાણીના પુત્રવધૂ. સ્વ. હેમરાજના ધર્મપત્ની. જગદીશ, સ્વ. ધીરજ, મંજુલા, પ્રભા, સ્વ. ભારતીના માતુશ્રી. આશા, ગં. સ્વ. નિર્મળા, હંસરાજ, હસમુખના સાસુ. સાગર, જય, તન્વી, ખુશી, અક્ષીના દાદી. વણોઈના તેજીબેન નોંધા હીરા બૌવાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૧-૩-૨૫, મંગળવારના ૩ થી ૪.૩૦ શ્રી થાણા વર્ધમાન સ્થાનક, તળાવપાળીની સામે, થાણા.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

સૌ.અરૂણાબેન નાથાલાલ કોઠારી ૯/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વડાલા નિવાસી હાલ મલાડ સ્વ.સુભદ્રાબેન નાથાલાલ કોઠારીના દીકરી. સ્વ.હરેશભાઇ, મુકેશભાઈ, મહેશભાઈના બહેન. પ્રજ્ઞા, મીના, ઈલાના નણંદ, સેજલ, એકતાના મમ્મી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુર (કાલીના)ના ભાવેશ મણિલાલ ગાલા (ઉં. વ. ૪૪) તા. ૬-૩-૨૫ના અરિહંતશરણ થયેલ છે. લતા મણિલાલના પુત્ર. હેતલના પતિ. વૃષા, મોક્ષના પિતા. પૂનમ, નિશાના ભાઈ. લુણી માલતી મણિલાલ કુંવરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપેન મણિલાલ દેઢિયા, ૩૦૧, સાગર આર્કેડ, આર. એમ. ડેસ્ટીની, વલસાડ-૩૯૬૦૦૧.

નાની ખાખરના ભાવના વસંત વીરા (ઉં. વ. ૬૨) ૭-૩-૨૫નાં અવસાન પામેલ છે. તે ભાનુબેન કલ્યાણજી વીરાના પુત્રવધુ. વસંતના પત્ની. સમીરના માતુશ્રી. દેવકા નાનજીના પુત્રી. લેહરીસના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભાવના વસંત વીરા, એ-૧/૨, રેજીના પાચીસ કંપાઉન્ડ, ભાયખલા પોલીસ ચોકીની સામે, શેઠ મોતીશા લેન, ભાયખલા (ઇ).

ભુજપુરના સુશીલા પ્રવિણ સાવલા (ઉં. વ. ૭૫) તા. ૭-૩-૨૫ના અવસાન પામેલ છે. કેશરબેન કુંવરજીના પુત્રવધુ. પ્રવિણના પત્ની. દેવાંગ, બીનાના માતા. લક્ષ્મીબેન વસનજીના પુત્રી. ધીરજ, અરિવંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : પ્રવિણ સાવલા બી-૫૦૩, શીવ દર્શન ૨, એસવીપી ગાર્ડનની સામે, એસવીપી માર્ગ, કાંદિવલી (વે), ૬૭.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મહારાષ્ટ્ર બજેટ ૨૦૨૫-૨૬

# નાણાં પ્રધાને મધ્યમ વર્ગને બક્ષ્યા, શ્રીમંતોનાં ખિસ્સાં કાતર્યાં




## રાજ્યનું બજેટ સ્મારકો અને પર્યટનની આસપાસ કેન્દ્રિત?

### મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં કુલ ૯ સ્મારકો માટે જોગવાઈઓ, નાણાં પ્રધાને કઈ જાહેરાતો કરી?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજ અને છત્રપતિ સંભાજી મહારાજ સહિત મહાપુરુષો વિરુદ્ધ અપમાનજનક નિવેદનો આપનારાઓની યાદી વધતી જતી હતી, બીજી તરફ, સમગ્ર મહારાષ્ટ્રમાં મહાપુરુષોના અપમાનને લઈને વિધાનસભામાં હોબાળો જોવા મળ્યો. રાજ્યના નાણામંત્રી અજિત પવાર દ્વારા આજે મુંબઈમાં રાજ્યનું બજેટ રજૂ કરવામાં આવ્યું. એવું જાણવા મળ્યું કે મહારાષ્ટ્રના પ્રવાસન વિકાસનું કેન્દ્ર રાજ્ય તેમજ વિદેશમાં આવેલા સ્મારકોની આસપાસ કેન્દ્રિત છે. આગ્રા, પાણીપત, મુંબઈ, પુણે, સતારા અને સાંગલી જિલ્લામાં કુલ ૯ મહાપુરુષોના સ્મારકો માટે જોગવાઈ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર પ્રવાસન બજેટ શું પ્રાચીન ગુફાઓ, ગાઢ જંગલો અને સાંસ્કૃતિક વારસાના સ્થળોથી આશીર્વાદ મેળવનારા મહારાષ્ટ્ર રાજ્યમાં પર્યટન ફક્ત સ્મારકોની આસપાસ જ ફરશે? એવો પ્રશ્ન ઊભો થાય છે. રાજ્યના બજેટમાં બે-ત્રણ જાહેરાતો સિવાય, બાકીની બધી જાહેરાતો સ્મારકોના નિર્માણ અને તેના માટે ભંડોળ માટે છે.

મહારાષ્ટ્ર મનોહર દરિયાકિનારા, પ્રાચીન ગુફાઓ, કિલ્લાઓ અને ગાઢ જંગલોના વારસાથી સમૃદ્ધ છે. રાજ્યના બજેટમાં પ્રવાસન ક્ષેત્રમાં ખાનગી રોકાણ માટે પ્રોત્સાહક વાતાવરણ બનાવવા માટે એક પ્રવાસન નીતિની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્ય સરકાર આગામી ૧૦ વર્ષમાં ખાણકામ ક્ષેત્રમાં ૧ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષિત કરવાનું લક્ષ્ય રાખે છે. મુગલોની આગ્રાની કેદમાંથી છટકી જવું એ શિવાજીના જીવનનો એક પ્રેરણાદાયક પ્રસંગ છે. રાજ્ય સરકારે આગ્રામાં છત્રપતિ શિવાજી મહારાજનું સ્મારક બનાવવાનો નિર્ણય લીધો છે, જ્યાં શિવાજી મહારાજ નજરકેદ હતા. નાણામંત્રી અજિત પવારે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકારના સહયોગથી આ માટે જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્દ્રીય બજેટ બાદ આજે મુંબઈમાં રાજ્યનું બજેટ રજૂ કરવામાં આવ્યું. ■

### બજેટમાં પ્રવાસન માટે શું છે?

- શિક્ષણ અને ટેકનોલોજી દ્વારા ભાવિ પેઢીઓને છત્રપતિ શિવાજી મહારાજના પ્રેરણાદાયી ચરિત્રનો પરિચય કરાવવા માટે, પુણેના આંબેગાંવમાં શિવશ્રુતિ પ્રોજેક્ટ ચાર તબક્કામાં સ્થાપિત કરવામાં આવશે. આમાંથી બે તબક્કા પૂર્ણ થઈ ગયા છે. બાકીના બે તબક્કાના કામ પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર બીજા ૫૦ કરોડ રૂપિયા આપશે.
- સંગમેશ્વર એક એવું સ્થળ છે જે છત્રપતિ સંભાજી મહારાજની બહાદુરીના નિશાન ધરાવે છે, જેમણે હિંમત અને બહાદુરીથી લડાયેલા યુદ્ધો જીત્યા હતા, છત્રપતિ શિવાજી દ્વારા સ્થાપિત સ્વરાજ્યના રક્ષણ અને વિસ્તરણ માટે ભગવાન શિવને પોતાની બહાદુરી સમર્પિત કરી હતી. મહારાજે ઔરંગઝેબની વિશાળ સેના સામે બહાદુરીનો દાવ લગાવ્યો, આંગળીના વેઢે ગણી શકાય તેટલી સેના લીધી. સ્વાભિમાની રાજ્યની બહાદુરીની સ્મૃતિને કાયમી ધોરણે સાચવવા માટે એક ભવ્ય સ્મારક બનાવવામાં આવશે.
- છત્રપતિ સંભાજી મહારાજનાં પવિત્ર સ્થળો મોજે તુલાપુર અને મોજે વેડે બુદ્રુક ખાતે છત્રપતિ સંભાજી મહારાજના સ્મારકનું કામ પ્રગતિમાં છે.
- દર વર્ષે, એક પ્રેરણાદાયી ગીતને છત્રપતિ સંભાજી મહારાજ ગીત પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આ પછી, સમગ્ર સભાએ છત્રપતિ સંભાજી મહારાજ કી જયના નારા લગાવીને નિર્ણયનું સ્વાગત કર્યું.
- સ્વરાજ્ય માટે બલિદાન આપનારા લાખો મહારાજાઓની બહાદુરીના પ્રતીક તરીકે હરિયાણાના પાણીપતમાં એક યોગ્ય સ્મારક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હરિયાણામાં આપણા પોતાના મુખ્યમંત્રી છે. નાણામંત્રી અજિત પવારે પણ આ વાત કહી.
- મુંબઈના ચૈત્યભૂમિ દાદરમાં હિન્દુ મિલની જગ્યા પર ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનું આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્મારક બનાવવામાં આવશે. તેના માટે પૂરતું ભંડોળ પૂરું પાડવા અને તેને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાની નીતિ છે.
- ભારતના સ્વર્ગસ્થ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મશતાબ્દી નિમિત્તે મુંબઈમાં એક ભવ્ય સ્મારક બનાવવામાં આવશે.
- સ્વ. બાળાસાહેબ ઠાકરેના રાષ્ટ્રીય સ્મારકનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને રાજ્ય સરકારે બીજા તબક્કા માટે ૨૨૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.
- સાવિત્રીબાઈ ફુલેના જન્મસ્થળ, સાતારાના નાયગાંવ તાલુકામાં, તેમના કાર્યને અનુરૂપ એક સ્મારક અને મહિલા તાલીમ કેન્દ્ર બનાવવામાં આવશે.
- સાહિત્ય રત્ન સ્વ. અણ્ણાભાઉ સાઠેના જન્મસ્થળ વાટેગાંવ, સાંગલીમાં તેમના સ્મારક માટે અને મુંબઈમાં તેમના નામે એક સંશોધન તાલીમ સંસ્થા માટે પૂરતું ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.
- સમ્યક વાડી પુણે ખાતે ઉસ્તાદ લહુજી સાલવેના સ્મારકનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે.
- નાસિકમાં સિંહસ્થ કુંભ મેળાના પ્રસંગે નમામિ ગોદાવરી અભિયાન માટે એક યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કુંભ મેળાના આયોજન માટે એક ખાસ અધિકારીની નિમણૂક કરવામાં આવશે અને તેના માટે જરૂરી ભંડોળ પૂરું પાડવામાં આવશે.
- નાસિકમાં રામકાલા વિકાસ પ્રોજેક્ટ હેઠળ, રામકુંડ, કાલારામ મંદિર અને ઘાટ વિસ્તારોમાં ૧૪૬ કરોડ રૂપિયાના પર્યટન સંબંધિત કાર્યો હાથ ધરવામાં આવશે.
- રિમોટ ટુ એક્સેસિબલ પ્રોગ્રામ હેઠળ, પહાડી વિસ્તારોમાં પ્રાચીન મંદિરો, ધાર્મિક સ્થળો, કિલ્લાઓ, કિલ્લાઓ અને અન્ય ૪૫ મનોહર સ્થળોને રોપ-વે દ્વારા જોડવામાં આવશે.
- રાજ્યમાં પ્રાચીન મંદિરોના સંરક્ષણ અને વિકાસ માટે જરૂરી ભંડોળ પૂરું પાડવામાં આવશે.
- મહાનુભાવ સંપ્રદાયના પૂજા સ્થળો માટે વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે.
- ભગવાન રામચંદ્રના ચરણસ્પર્શથી પવિત્ર થયેલા રામટેક ખાતેના શ્રી રામ મંદિરનું નવીનીકરણ કાર્ય શરૂ થઈ ગયું છે, અને દર વર્ષે ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવાની યોજના બનાવવામાં આવી રહી છે.
- સિંધુદુર્ગ જિલ્લામાં દરિયાઈ કૃત્રિમ પ્રવાહો અને સબમરીન પર્યટન માટે રૂ. ૭૫ કરોડના કાર્યો પ્રગતિમાં છે.
- સાતારાના કોયના નગર વિસ્તારમાં સ્કાય વોકનું નિર્માણ, નેહરુ પાર્કનું સૌંદર્યીકરણ.
- સાતારામાં જળ પ્રવાસન પ્રોજેક્ટ પ્રવાસીઓ માટે ખુલ્લો. જળ પ્રવાસન પ્રોજેક્ટને મંજૂરી.
- થાણે જિલ્લાના માળશેજ ઘાટમાં કાચનો બ્રિજ બનાવવામાં આવશે. ■

### મોટર વાહન કરમાં વધારો ▶ હળવાં વાહનો અને બાંધકામ ક્ષેત્રોને વધુ ટેક્સ ▶ સ્ટેમ્પ ડ્યૂટી પણ વધશે

## બજેટની ઉદ્ધવે કરી ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આર્થિક વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય બજેટમાં પાયાભૂત સુવિધા પર ભાર આપવાની સાથે જ આરોગ્ય, કૃષિ અને સમાજ કલ્યાણ ક્ષેત્ર માટે અનેક મોટી જાહેરાત કરવામાં આવી છે અને લાડકી બહિણ યોજના માટે પણ સરકારે ૩૬,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હોવાની જાહેરાત કરી છે ત્યારે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે આ બજેટની ભારે ટીકા કરી હતી.

બજેટ બાદ ઉદ્ધવ ઠાકરેએ પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું જેમાં તેમણે વિધાનસભાની ચૂંટણી દરમિયાન મહાયુતિના ચૂંટણીઢંઢેરાને દેખાડીને જનતાને તેમણે આપેલા આશ્વાસનની યાદ દેવડાવતાં કહ્યું હતું કે તેઓએ ફક્ત ગપ્પાં જ માર્યાં હતાં.

લાડકી બહિણ યોજનામાં પૈસા વધારવા સહિત મુદ્દા પર ઉદ્ધવે કહ્યું હતું કે જો આચાર્ય અત્રે આજે હોત તો તેઓએ કહ્યું હોત કે ૧૦ હજાર વર્ષમાં આટલું બોગસ બજેટ આવ્યું નથી. ચૂંટણી કાળમાં અનેક જાહેરાતો કરી હતી. જૂઠાણાં ચલાવ્યાં અને મહારાષ્ટ્રને દેવામાં ડુબાવી દીધું.

ચૂંટણી દરમિયાન મહાયુતિએ વાંરવાર લાડકી બહિણને ૨,૧૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી અને બહેનોના મત મેળવીને સરકાર બનાવી લીધી. તેઓનું ઈવીએમ કૌભાંડ તો એક અલગ જ વસ્તુ છે. આટલી મોટી બહુમતીએ આવેલી સરકારે ફક્ત જૂઠાણાં ચલાવ્યાં અને તેમાંથી એક પણ આશ્વાસન પૂરું કર્યું નથી. લાકડી બહિણના ૨,૧૦૦ રૂપિયા કયાં છે? એવો સવાલ પણ ઉદ્ધવે પત્રકાર પરિષદમાં કર્યો હતો.

## એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે સામ-સામે

### શિંદેએ ઠાકરે સામે આવતાં મોં ફેરવ્યું, ઘટના કેમેરામાં થઈ કેદ

મહારાષ્ટ્રના રાજકારણમાં ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે વચ્ચેના મતભેદો સોમવારે સામે આવ્યા હતા. બંને નેતાઓ મહારાષ્ટ્ર વિધાનસભા બિલ્ડિંગની લોબીમાં સામસામે આવી ગયા હતા, પરંતુ એકનાથ શિંદે મોં ફેરવીને ઉદ્ધવથી દૂર ચાલ્યા ગયા હતા. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ પછી બંને વચ્ચેના અણબનાવની ઘણી ચર્ચાઓ થઈ રહી છે.

સોમવારે બજેટ સત્ર દરમિયાન, જ્યારે ઉદ્ધવ ઠાકરે વિધાન ભવનની લોબીમાં હતા, ત્યારે મુખ્ય પ્રધાન ફડણવીસ તેમના બે નાયબ મુખ્ય પ્રધાનો સાથે પસાર થઈ રહ્યા હતા. ફડણવીસે ઉદ્ધવ ઠાકરેને જોઈને તેમનું અભિવાદન કર્યું, પરંતુ પાછળથી આવતા એકનાથ શિંદેએ ઠાકરેને જોઈને મોં ફેરવી લીધું અને આગળ વધ્યા હતા. આ પછી અજિત પવાર પણ હસીને ઉદ્ધવ ઠાકરેને મળ્યા હતા.એકનાથ શિંદે અને



ઉદ્ધવ ઠાકરે એક સમયે શિવસેનાના સૌથી મહત્વપૂર્ણ નેતાઓમાં સામેલ હતા. ઉદ્ધવ શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેના પુત્ર છે, જ્યારે એકનાથ શિંદેએ તેમની પાસેથી રાજકારણની યુક્તિઓ શીખી છે. બંને નેતાઓએ લાંબા સમય સુધી સાથે કામ કર્યું હતું, પરંતુ બાળાસાહેબના નિધન બાદ બંને વચ્ચે તિરાડ પડી હતી. ઉદ્ધવે ભાજપ છોડીને મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને એનસીપી સાથે મળીને સરકાર બનાવી તેના થોડા મહિના પછી શિંદેએ બળવો કર્યો હતો.

પાર્ટીના મોટાભાગના ધારાસભ્યો સાથે મળીને તેમણે બીજેપીના સમર્થનથી સરકાર બનાવી. તેઓ મુખ્યમંત્રી બન્યા અને પાર્ટીના મોટાભાગના ધારાસભ્યો તેમની સાથે હોવાથી શિવસેના તેમની પાર્ટી બની ગઈ. ઉદ્ધવ જૂથની શિવસેના યુ.બી.ટી. હવે મહાવિકાસ અઘાડી સાથે છે જયારે શિંદેની શિવસેના મહાયુતિનો ભાગ છે. ■

## મુંબઈ માટે બજેટમાં શું?

### અજિત પવારનું નાણાં પ્રધાન તરીકે ૧૧મું બજેટ, હજારો નોકરીઓ, કરોડોનું રોકાણ, એમએમઆર વિસ્તારનો કાયાપલટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને નાણા પ્રધાન અજિત પવારે સોમવારે વિધાનસભામાં રાજ્યનું વાર્ષિક બજેટ (મહારાષ્ટ્ર બજેટ ૨૦૨૫) રજૂ કર્યું હતું. આ પ્રસંગે અજિત પવારે કહ્યું હતું કે સરકારનું ધ્યાન ટકાઉ અને સમાવેશી વિકાસ પર રહેશે.

આ પ્રસંગે અજિત પવારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન માટે વિકાસ નીતિ રજૂ કરી. મુંબઈ મેટ્રોપોલિટન રિજનને આંતરરાષ્ટ્રીય કક્ષાના આર્થિક વિકાસ કેન્દ્ર તરીકે, એટલે કે 'વૃદ્ધિ કેન્દ્ર' તરીકે વિકસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, કુર્લા-વરલી, વડાલા, ગોરેગાંવ, નવી મુંબઈ, ખારઘર અને વિરાર-બોઈસર એમ કુલ સાત સ્થળોએ આંતરરાષ્ટ્રીય કક્ષાનાં વેપાર કેન્દ્રો બનાવવામાં આવશે. તેથી, મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રની અર્થવ્યવસ્થાને ૨૦૩૦ સુધીમાં વર્તમાન ૧૪૦ બિલિયનથી ૩૦૦ બિલિયન અને ૨૦૪૭ સુધીમાં ૧.૫ ટ્રિલિયન સુધી લઈ જવાનું લક્ષ્ય છે, એમ નાણા પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું.

ઉપરાંત, બેંગલુરુ-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર માટે જમીન સંપાદન ચાલી રહ્યું છે અને આ પ્રોજેક્ટ રાજ્યના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપિત કરવામાં અને રોજગાર સર્જનને વેગ આપવા માટે મદદ કરશે. અજિત પવારે જણાવ્યું હતું કે રાજ્યને ટેકનિકલ ટેક્સટાઇલ ઉદ્યોગ માટે વૈશ્વિક હબ તરીકે વિકસાવવા માટે 'મહારાષ્ટ્ર ટેકનિકલ ટેક્સટાઇલ મિશન'ની સ્થાપના કરવામાં આવશે, જેનો ઉપયોગ વિદર્ભના કપાસ ખેડૂતોની આવક વધારવા માટે કરવામાં આવશે. ■

### ગઢચિરોલીને સ્ટીલ હબ તરીકે વિકસાવવામાં આવશે: અજિત પવાર

નક્સલ પ્રભાવિત જિલ્લો, તાજેતરના સમયમાં સ્ટીલ હબ તરીકે ઉભરી રહ્યો છે. દાવોસ આર્થિક સમિટમાં ગઢચિરોલી જિલ્લા માટે ૨૧,૮૩૦ કરોડ રૂપિયાના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આના દ્વારા જિલ્લામાં ૭૫૦૦ જેટલી નોકરીઓનું સર્જન થશે. આ ઉપરાંત, ગઢચિરોલીમાં સંદેશાવ્યવહારને સરળ બનાવવા માટે ખાણકામ હાઇવે પર કામ હાથ ધરવામાં આવ્યું છે. અજિત પવારે કહ્યું કે આ માટે ૫૦૦ કરોડ રૂપિયાનું કામ કરવામાં આવશે.

### બજેટમાં મુંબઈ માટે બીજી કઈ જાહેરાતો?

- ગેટવે ઓફ ઈન્ડિયા, મુંબઈથી માંડવા, એલિફન્ટા સુધી સલામત મુસાફરી માટે અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી બોટ માટે નાણાકીય પ્રોત્સાહનો આપવા માટે નીતિ જાહેર કરવામાં આવશે.
- પાલઘર જિલ્લાના મૌજે મુરબે ખાતે ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી બંદરના નિર્માણ માટે રૂ. ૪,૨૫૯ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.
- મુંબઈ-પુણે એક્સપ્રેસવેના ખોપોલીથી ખંડાલા ઘાટ સુધીના મિસિંગ લિંક પ્રોજેક્ટનું કામ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થશે. આનાથી મુસાફરીનો સમય અને ઇંધણ બંને બચશે અને ટ્રાફિક જામમાં પણ રાહત મળશે.
- ઉપનગરી મુંબઈમાં ટ્રાફિક હળવો કરવા માટે, ૬૪,૭૮૩ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે, જેમાં વર્સોવાથી માધા ખાડી પુલ, વર્સોવાથી ભાયંદર કોસ્ટલ રોડ, મુલુંડથી ગોરેગાંવ, થાણેથી બોરીવલી અને ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ સબવેનો સમાવેશ થાય છે.
- બાંદ્રા અને વર્સોવા વચ્ચે ૧૪ કિમી લાંબો, ૧૮,૧૨૦ કરોડ રૂપિયાનો સ્વતંત્રવીર સાવરકર દરિયાઈ પુલ મે ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે.
- ઉત્તનથી વિરાર સુધીનો પંચાવન કિલોમીટર લાંબો દરિયાઈ પુલ અને કનેક્ટિંગ રોડનો પ્રોજેક્ટ ૮૭,૪૨૭ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવામાં આવશે.
- નવી મુંબઈના ઉલવે ખાતે ૧,૧૬૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું નવું વિકસિત નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક વાર્ષિક ૯ કરોડ મુસાફરો અને ૨.૬ મિલિયન ટન કાર્ગોનું સંચાલન કરવાની ક્ષમતા ધરાવશે. આ પ્રોજેક્ટનું લગભગ ૮૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને પરીક્ષણ ફ્લાઇટ્સ પણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૫માં ત્યાંથી સ્થાનિક ફ્લાઇટ્સ શરૂ કરવાની યોજના છે. ■

## ખેડૂતોએ બજેટમાં લોન માફીની આશા રાખી હતી: દાનવે


ખેડૂતો લોન માફીની અપેક્ષા રાખી રહ્યા હતા અને બજેટ સત્રમાં તેની જાહેરાત કરાય તેની રાહ જોઇ રહ્યા છે, એમ શિવસેના-યુબીટીના નેતા અંબાદાસ દાનવેએ સરકારની ટીકા કરતા કહ્યું હતું. ઘણા ખેડૂતોએ લોન માફીની આશા રાખીને તે ચૂકવી ન હતી, પરંતુ સરકારે તેમની સાથે દગો કર્યો છે, એવો દાવો પણ દાનવેએ કર્યો હતો.

## નાણાકીય સુધારામાં મોખરે રહ્યું છે: અજિત પવાર

ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એન્ડ બજેટ મેનેજમેન્ટ (એફઆરબીએમ) એક્ટ હેઠળ સરકારે નાણાકીય ખાધને ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડોમેસ્ટિક પ્રોડક્ટ (જીએસડીપી)ના ત્રણ ટકાથી નીચે જાળવી રાખી છે. આ સિવાય મહેસુલ ખાધ પણ સતત જીએસડીપીના એક ટકા નીચે રહી છે. રાજ્ય સતત નાણાકીય સુધારાઓમાં મોખરે રહ્યું છે, એમ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે નાણાકીય ખાધ ૧,૩૬,૨૩૫ કરોડ રૂપિયા રહી હતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

## લાડકી બહેનોને હાલમાં ૨૧૦૦ નહીં, ૧૫૦૦ જ મળશે: ફડણવીસ

લાડકી બહીણ યોજના હેઠળ મહિને ૨૧૦૦ રૂપિયાનો હપ્તો આપવા માટે સરકાર સક્રીય રીતે કામ કરી રહી છે, પરંતુ હાલ પૂરતા ૧૫૦૦ રૂપિયાનો હપ્તો ચાલુ રહેશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.



સરકાર પોતાનું વચન જરૂર પાળશે, પણ હાલ પૂરતા ૧૫૦૦ રૂપિયાનો હપ્તો ચાલુ રહેશે, એમ તેમણે કહ્યું હતું. રાજ્યમાં સાત નવા બિઝનેસ સેન્ટર બનાવવામાં આવવાની જાહેરાત પણ મુખ્ય પ્રધાને કરી હતી. મુંબઈ ફિનટેક અને સ્ટાર્ટઅપ રાજધાની છે અને બિઝનેસ હબ વિસ્તરણનો સમય હવે આવી ગયો છે, એમ તેમણે કહ્યું હતું.

રાજ્યમાં મળાખાકીય સુવિધાઓમાં મુખ્ય રોકાણ કરવામાં આવી રહ્યું છે જેમાં નદીઓનું જોડાણ અને પાણીના પ્રકલ્પોને ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. આ પ્રકલ્પોને કારણે રોજગારની વધુ તકો ઊભી થશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. ■

## મુંબઈમાં ત્રીજા ઍરપોર્ટની જાહેરાત

### ૨૦૪૭ સુધીમાં અર્થવ્યવસ્થા ૧.૫ ટ્રિલ્યન ડૉલરની હશે

મુંબઈ: મહામુંબઈમાં હવે ત્રીજું ઍરપોર્ટ બનાવવામાં આવશે એવી સત્તાવાર જાહેરાત નાયબ મુખ્ય પ્રધાન અને નાણાપ્રધાન અજિત પવારે સોમવારે વિધાનસભામાં રાજ્યના નાણાકીય બજેટમાં કરી હતી. આ નવું ઍરપોર્ટ પાલઘર જિલ્લાના વાઢવાણ બંદર પાસે પ્રસ્તાવિત હશે. તેમ જ મુંબઈનું છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ અને નવી મુંબઈના ઍરપોર્ટ મેટ્રો સાથે જોડવામાં આવશે. તેમ જ શિરડી ઍરપોર્ટ પર રાતના સમયે પણ લેન્ડિંગની સુવિધા નજીકના સમયમાં ચાલુ કરવામાં આવશે એવી જાહેરાત પણ બજેટમાં કરવામાં આવી હતી.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં અનેક ઘોષણા કરી હતી, જેમાં મુંબઈના ત્રીજા ઍરપોર્ટનો પણ સમાવેશ થાય છે. મુંબઈનું નવું ઍરપોર્ટ વાઢવાણ બદંર પાસે પ્રસ્તાવિત છે અને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન પણ આ બંદર પાસે હશે.

ભારતની આર્થિક રાજધાની રહેલી મુંબઈમાં હાલ છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ અને નવી મુંબઈમાં બની રહેલું એમ બે ઍરપોર્ટ છે. નવી મુંબઈનું ઍરપોર્ટ આ વર્ષે શરૂ થાય એવી અપેક્ષા છે,જેનું લગભગ ૮૫ ટકા કામ પૂરું થઈ ગયું છે અને તેના અમુક પરીક્ષણ પણ થઈ ગયાં છે.

પાલઘર જિલ્લામાં રહેલા વાઢવાણ બંદર ૨૦૩૦ સુધી શરૂ થશે એવું પણ બજેટ અજિત પવારે કહ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ સેન્ટર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે અને ૨૦૪૭ સુધી તેની અર્થવ્યવસ્થા ૧.૫ ટ્રિલિયન ડોલર્સની હશે. જેથી રાજ્ય વિકસિત ભારત ઝુંબેશમાં એકદમ આગળ હશે.

બજેટ દરમિયાન અજિત પવારે મુંબઈ ઉપનગરમાં ટ્રાફિક ઝડપી બને તે માટે વર્સોવાથી મઢ, વર્સોવાથી ભાયંદર કોસ્ટલ રોડ, મુલુંડથી ગોરેગામ, થાણેથી બોરીવલી અને ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ અંડર ગ્રાઉન્ડ એમ કુલ ૬૪ હજાર ૭૮૩ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ હાથમાં ધરવામાં આવ્યા હોવાનું કહ્યું હતું. થાણેથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ વચ્ચે એલિવેટેડ રોડ બાંધવાનું પણ આયોજન હોવાનું એ મારફત થાણે, ડોંબિવલી, કલ્યાણ જેવાં મહત્ત્વનાં શહેરો ઍરપોર્ટ સાથે જોડવામાં આવશે. આ ઉપરાંત બાલકુમથી ગાયમુખ વચ્ચે થાણેમાં ૧૩.૪૫ કિલોમીટર લાંબો કોસ્ટલ રોડ ૩,૩૬૪ કરોડ રૂપિયાના ખર્ચે બની રહ્યો હોઈ તેનું કામ ૨૦૨૮ સુધી પૂરું કરવાની યોજના હોવાનું અજિત પવારે કહ્યું હતું. ■

## સંસ્થા સમાચાર

### ઘરની સુરક્ષા માટે લોક,પરિવાર માટે બ્લોક અને આત્માની સુરક્ષા માટે શ્લોક જરૂરી છે.



શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, સાવરકુંડલા ખાતે ગોંડલ સંપ્રદાયના પુ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં મગીયા પરિવાર પ્રેરિત ઉપાશ્રય અને વાડી સુશોભન તક્તીનું અનાવરણ શ્રી અનિલભાઈ, કિરીટભાઈ, રજનીભાઇ મગીયાના હસ્તે કરાયેલ.

ધર્મસભામાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને સંબોધતા ગુરુદેવે કહેલ કે – જીવનમાં ઘરની સુરક્ષા માટે લોક અને પરિવારની સુરક્ષા માટે બ્લોક જરૂરી છે તેમ આત્માની સુરક્ષા માટે એકાદ શ્લોક જરૂરી છે .

દાંતની બત્રીસી અર્પણમાં દાતાઓએ લાભ લીધેલો. સંઘપ્રમુખ રાજુભાઈ દોશીએ સહુને આવકાર્યા હતા. શ્રી જાદવજી ઠાકરશી ગાંધી, બકુલેશ વિરાણી, મહેન્દ્ર દોશી, દિલીપ મહેતા, મહાસુખ કામદાર, મંગળાબેન તેજાણી વગેરે તરફથી ૩૦૦ રૂ.નું સંઘપૂજન કરાયેલ. નવકરશી, સંઘજમણ રીટાબેન કિરીટભાઈ મગીયા તરફથી રાખેલ. અમરેલી, ચલાલા, ગોપાલગ્રામ, મુંબઈ વગેરે સંઘની હાજરી હતી. ■

### આઈપીએલને સરકારની કડક સૂચના

# તમાકુ/દારૂની જાહેરખબરો બંધ કરો

નવી દિલ્હીઃ આરોગ્ય મંત્રાલયે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ને સૂચના આપી છે કે તમાકુ અને આલ્કોહૉલના તમામ પ્રકારના પ્રમોશન પર પ્રતિબંધ મૂકી દો. બાવીસમી માર્ચે શરૂ થતી ક્રિકેટજગતની આ સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટ દરમ્યાન આવા પ્રકારની પ્રોડક્ટને પ્રમોટ કરતી ઍડ પણ પ્રસારિત ન થાય એ પણ ધ્યાન રાખજો.

આરોગ્ય સેવાઓને લગતા વિભાગના ડિરેક્ટર જનરલ અતુલ ગોએલે આઇપીએલના ચૅરમૅન અરુણ ધુમાલને પત્રમાં જણાવ્યું છે કે 'ક્રિકેટરો ભારતની યુવા પેઢી માટે રૉલ મૉડેલ હોય છે એટલે તેઓ તમાકુ કે આલ્કોહૉલને લગતી ઍડવર્ટાઇઝિંગ સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા ન હોવા જોઈએ.'

આરોગ્ય મંત્રાલયે એવો આદેશ પણ આપ્યો છે કે 'આઇપીએલની મૅચો/ઇવેન્ટ્સ રાખવામાં આવી હોય એ સ્ટેડિયમોમાં તેમ જ રાષ્ટ્રીય ટેલિવિઝન પરના પ્રસારણ દરમ્યાન તમાકુ/આલ્કોહૉલને લગતી જાહેરખબરો પર પ્રતિબંધ મૂકવો અને એ બૅનનો ચુસ્તપણે બરાબર અમલ થાય એની તકેદારી પણ રાખવી. આઇપીએલ સંબંધિત તમામ ખેલકૂદ વિષયક સુવિધાઓ ખાતે તેમ જ આઇપીએલ સાથે સંકળાયેલી તમામ ઇવેન્ટ્સમાં તમાકુ/આલ્કોહૉલના ઉત્પાદનોનું વેચાણ પણ ન થવું જોઈએ.'

આઇપીએલ પોણાબે મહિના સુધી ચાલતી હોય છે અને એ સમયગાળા દરમ્યાન દેશભરમાં કરોડો લોકો ટીવી પર એની મૅચો જોતા હોય છે. એ દૃષ્ટિએ જાહેરખબરો આપનારાઓમાં આ ટૂર્નામેન્ટ ખૂબ લોકપ્રિય બની જાય છે.

આઇપીએલ માટેના આરોગ્ય મંત્રાલયના પત્રમાં એવું પણ જણાવાયું છે કે 'ભારતમાં હૃદય તથા ફેફસાંને લગતી બીમારીઓ, કૅન્સર, ડાયાબિટીસ, હાઇપરટેન્શન વગેરે બીમારીઓનું પ્રમાણ ખૂબ છે. દર વર્ષે ૭૦ ટકા જેટલાં મૃત્યુ આ બધી બીમારીઓથી નોંધાતા હોય છે. આ બીમારીઓ માટે તમાકુ તથા આલ્કોહૉલનો ઉપયોગ વધુ જવાબદાર હોય છે.

વિશ્વભરમાં તમાકુને લીધે થતા મૃત્યુની સંખ્યામાં ભારત બીજા નંબરે છે. દર વર્ષે ભારતમાં ૧૪ લાખ લોકો તમાકુને કારણે મૃત્યુ પામતા હોય છે. ભારતીયોમાં આલ્કોહૉલનું વ્યસન પણ સામાન્ય બાબત છે. ક્રિકેટરો યુવા પેઢી માટે રૉલ મૉડેલ હોય છે એટલે તેમનું જાહેર આરોગ્ય સચવાય, તેઓ સક્રિય લાઇફસ્ટાઇલ માણે એ માટે ક્રિકેટરોની નૈતિક જવાબદારી છે. આઇપીએલ દેશના ખેલકૂદ ક્ષેત્રે સૌથી મોટો મંચ છે એ જોતાં સરકારની આરોગ્ય સંબંધિત પહેલને ટેકો આપવાની પણ તેમની જવાબદારી છે.' ■

# દુબઈમાં ભારતનો જયજયકાર





દુબઈમાં રવિવારે રાત્રે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતના શાનદાર વિજય બાદ આતશબાજી થઈ હતી (એકદમ ઉપર). કોલકાતામાં વિશાળ તિરંગા સાથે સેલિબ્રેશન થયું હતું. ભારતની વિજેતા ટીમને ઇનામમાં કુલ ૨૦ કરોડ રૂપિયા જેટલું પ્રથમ ઇનામ મળ્યું છે. (પીટીઆઇ)

# ભારતીય ક્રિકેટરોને ટ્રોફી-મેડલ્સ આપવા માટેના મંચ પર પાકિસ્તાનના પ્રતિનિધિઓ કેમ નહોતા?

### પીસીબીના હોદ્દેદારની ગેરહાજરી બદલ અકરમ સ્તબ્ધ અને શોએબ અખ્તર ગુસ્સામાં

દુબઈઃ રવિવારે ભારતના ચૅમ્પિયનપદ સાથે પૂરી થયેલી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી બાદ ટ્રોફી-મેડલ્સ તથા ઇનામોના વિતરણ સમારોહમાં આ સ્પર્ધાના મુખ્ય યજમાન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના પ્રતિનિધિઓ કેમ હાજર નહોતા એના પર ઘણા કલાકોથી વિવાદ ચાલી રહ્યો હતો, પણ સ્પર્ધાના આયોજક ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) તરફથી જે ખુલાસાઓ કરવામાં આવ્યા છે એના પરથી સ્પષ્ટ થયું છે કે પીસીબીના ટોચના હોદ્દેદારોએ જ આ સમારંભમાં હાજરી આપવાનું ટાળ્યું હતું.

પાકિસ્તાન ચૅમ્પિયન્સ ટ્રોફીનું મુખ્ય યજમાન હોવા છતાં એણે ભારત સામેની પછડાટ ખાધા બાદ લીગ રાઉન્ડમાં જ સ્પર્ધાની બહાર થઈ જવું પડ્યું હતું. ભારત જો ફાઇનલમાં ન પહોંચ્યું હોત તો એ નિર્ણાયક મૅચ ૧,૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નવેસરથી બનાવવામાં આવેલા લાહોરમાં ગદાફી સ્ટેડિયમના મેદાન પર રમાવાની હતી. જોકે ભારત ફાઇનલમાં પહોંચ્યું એટલે અગાઉ નક્કી થયા મુજબ એ ફાઇનલ દુબઈમાં જ રમાઈ એટલે પાકિસ્તાનને પેટમાં દુખ્યું.

ભૂતપૂર્વ પાકિસ્તાની ખેલાડીઓ વસીમ અકરમ અને શોએબ અખ્તરે સોશિયલ મીડિયામાં નિવેદનો આપ્યા છે.

ભારતે ટાઇટલ જીતી લીધું એટલે ભારતીય ખેલાડીઓને ટ્રોફી સહિતની ચીજો આપવાનો સમય આવ્યો એટલે દુશ્મનદેશ પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડના ટોચના હોદ્દેદારો દુબઈના મેદાન પર મંચની આસપાસ ઉપલબ્ધ નહોતા થયા એટલે આઇસીસીએ યોજના બદલી નાખવી પડી હતી.

ભારતીય ખેલાડીઓને સફેદ બ્લેઝર તેમ જ મેડલ બીસીસીઆઇના પ્રમુખ રોજર બિન્ની અને સેક્રેટરી દેવાજિત સૈકિયાએ સોંપ્યા હતા, જ્યારે ટીમ ઇન્ડિયાને ટ્રોફી આઇસીસીના યંગેસ્ટ ચૅરમૅન જય શાહે સુપરત કરી હતી. રનર-અપ ન્યૂ ઝીલૅન્ડ ક્રિકેટ બોર્ડના સીઇઓ રોજર ટ્વૂઝને પણ મંચ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા.

એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ આઇસીસીના એક પ્રતિનિધિએ બધી સ્પષ્ટતા કરતા કહ્યું છે કે 'આઇસીસીએ પીસીબીના અધ્યક્ષ મોહસિન નકવીને ઇનામ વિતરણ સમારોહમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું, પરંતુ તેઓ ઉપલબ્ધ નહોતા. ખરેખર તો તેઓ દુબઈ જ નહોતા આવ્યા. યજમાન પીસીબીના માત્ર હોદ્દેદારોને જ આ સમારોહમાં આવવાની પરવાનગી હતી, પરંતુ સમારોહ વખતે તેમનામાંથી એક પણ વ્યક્તિ દુબઈમાં જ નહોતી. એકંદરે, પીસીબીમાંથી એક પણ હોદ્દેદાર હાજર નહોતો. પીસીબી મુખ્ય યજમાન હતું એટલે એના હોદ્દેદારો સમારંભમાં હોવા જ જોઈતા હતા.'

પીટીઆઇના અહેવાલ મુજબ પીસીબીનો એવો દાવો છે કે એના સીઇઓ તેમ જ આ ટૂર્નામેન્ટના ડિરેક્ટર સુમૈર અહમદ ઇનામ વિતરણ સમારંભમાં ઉપલબ્ધ હતા, પરંતુ તેમને અવગણવામાં આવ્યા હતા. પીસીબી આ વિષયમાં આઇસીસી પાસે ખુલાસો માગશે કે શા માટે એમના સીઇઓને મંચ પર નહોતા બોલાવવામાં આવ્યા.

એક આધારભૂત સૂત્રના જણાવ્યા અનુસાર આઇસીસીથી કંઈક ગેરસમજ થઈ જેને કારણે પીસીબીના પ્રતિનિધિઓ ફાઇનલ પછી ક્લોઝિંગ સેરેમનીનું આયોજન કરનાર આઇસીસીની સમિતિનો યોગ્ય રીતે સંપર્ક નહોતા કરી શક્યા.

વસીમ અકરમે કહ્યું હતું કે 'મને જાણવા મળ્યું હતું કે ચૅરમૅન સા'બ (પીસીબીના અધ્યક્ષ મોહસિન નકવી)ની તબિયત સારી નહોતી. જોકે પીસીબીમાંથી સીઇઓ સુમૈર હમદ તથા બીજી હોદ્દેદાર ઉસમાન વાહલા સમારોહમાં હતા, પરંતુ તેઓ સ્ટેજ પર નહોતા જોવા મળ્યા. અહીં હું શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયો હતો. પાકિસ્તાનના કોઈ પણ પ્રતિનિધિ મંચ પર નહોતા.

શોએબ અખ્તરે ક્રોધિત હાલતમાં જણાવ્યું હતું કે 'મને નવાઈ લાગે છે, કેમ પીસીબીએ ફાઇનલ પછીની ક્લોઝિંગ સેરેમની કેમ કોઈ પ્રતિનિધિત્વને નહોતા મોકલ્યા?' ■

# ચૅમ્પિયન્સ ટ્રોફી લઈને દુબઈથી પાછા આવી ગયા ચૅમ્પિયનો, મુંબઈ ઍરપોર્ટની બહાર લોકોની ભારે ભીડ

મુંબઈઃ રવિવારે દુબઈમાં ન્યૂ ઝીલૅન્ડને ફાઇનલમાં હરાવીને ચૅમ્પિયન્સ ટ્રોફીનો તાજ જીતનાર ભારતીય ટીમના કેટલાક ખેલાડીઓ મુંબઈ પાછા આવી પહોંચ્યા હોવાના અહેવાલ રાત્રે મળ્યા હતા. થોડી વાર પહેલાં જ દુબઈથી મુંબઈ જે ફ્લાઇટ આવી પહોંચી એમાં રોહિત શર્મા અને બીજા કેટલાક પ્લેયર હતા.

ખેલાડીઓની ફ્લાઇટ આવી રહી છે એની જાણ કેટલાક ક્રિકેટપ્રેમીઓને અગાઉથી થઈ ગઈ હતી એટલે તેમને આવકારવા અસંખ્ય લોકો ઍરપોર્ટની બહાર જમા થઈ ગયા હતા.

એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ એમિરેટ્સના વિમાન (ઇકે-૫૦૮)માં પ્રવાસ કરીને ભારતીય ક્રિકેટરો મુંબઈ આવ્યા છે.

દુબઈથી પાછા આવેલા ખેલાડીઓમાંથી મોટા ભાગના પ્લેયર પોતપોતાના શહેર-નગરમાં પાછા જતા રહેશે.

મુંબઈ ઍરપોર્ટ પર રોહિત શર્મા ઉપરાંત શ્રેયસ ઐયર, હાર્દિક પંડ્યા તેમ જ અક્ષર પટેલ હતા.

રોહિત શર્મા ઍરપોર્ટ પરથી રેન્જ રોવર નામની લક્ઝરી કારમાં બેસીને રવાના થયો હતો.

દરમ્યાન દિલ્હી ઍરપોર્ટ પર હેડ-કોચ ગૌતમ ગંભીર તેમ જ ફાસ્ટ બોલર હર્ષિત રાણા જોવા મળ્યા હોવાના અહેવાલ હતા. તેમણે મીડિયા સાથે કોઈ જ વાતચીત નહોતી કરી અને કારમાં બેસીને ઘર તરફ જવા રવાના થયા હતા.

કેટલાક ક્રિકેટપ્રેમીઓએ ગૌતમ ગંભીરને બ્રૅન્ડ લેક્સસ નામની લક્ઝરી કારમાં બેસીને રવાના થતો જોયો હતો.

ઉલ્લેખનીય છે કે થોડા જ દિવસમાં (બાવીસમી માર્ચથી) આઇપીએલ શરૂ થશે. અહીં યાદ અપાવવાની કે ગયા વર્ષે ભારતીય ખેલાડીઓ ટી-૨૦ વર્લ્ડ કપ જીતીને પાછા આવ્યા ત્યારે મુંબઈમાં તેમની વિક્ટરી પરેડ કાઢવામાં આવી હતી. ■

# "લાયન્સ ક્લબ ઓફ માલાડ-બોરીવલીના સંયુક્ત ઉપક્રમે નબળા અને જરૂરિયાતમંદ માટે સહસ્ત્ર ભોજન તથા વિતરણ કાર્યક્રમ"



લાયન્સ ક્લબ ઓફ માલાડ-બોરીવલી અને બાંદ્રાથી લઈ બોરડી સુધીની ૧૧૦ લાયન્સ ક્લબોના સંયુક્ત તત્ત્વાવધાનમાં સંકટ મોચન હનુમાન સાર્વજનિક વિકાસ મંડળના સહયોગથી પ્રેમ નગર, ગોરેગાંવ (વે.)ની ગલીચ્છ વસ્તીમાં, સામાજિક દૃષ્ટિથી નબળા અને ગરજુ લોકોના લાભાર્થે એક સહસ્ત્ર ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે સાથે મહિલાઓને સાડી, પુરુષોને ટોવેલ અને બચ્ચાઓને સ્ટેશનરીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

લાયન ઇન્ટરનેશનલના વિશ્વ ગતિવિધિ સમિતિના ડિસ્ટ્રિક્ટ અધ્યક્ષ લાયન વિકાસ સરાફના માર્ગદર્શનમાં આયોજિત આ કાર્યક્રમમાં સંસ્થા અધ્યક્ષ લાયન અમી રૂઈયા, લાયન વિશાલ અગ્રવાલ, લાયન પ્રશાંત અગ્રવાલ અને લાયન કમલ રૂઈયાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

ફર્સ્ટ વાઇસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન મનોજ બાબુર પ્રમુખ અતિથિના રૂપમાં અને પૂર્વ ઇન્ટરનેશનલ ડિરેક્ટર, લાયન રાજુ મનવાની, પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન શ્યામસુંદર રૂઈયા અને લાયન જગદીશ જાનીની ગરિમામય ઉપસ્થિતિ હતી. ■

# એક ટ્રોફીએ ત્રણને જીવતદાન આપ્યાં!

### રોહિતે ૨૦૨૭ના વર્લ્ડ કપ વિશે પુછાતાં કહ્યું, 'એટલું લાંબું હું નથી વિચારતો, હમણાં હું ક્યાંય નથી જવાનો, અહીં જ છું'


દુબઈઃ રવિવારે અહીં ભારતે ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડને જેવું હરાવ્યું કે થોડી જ વારમાં વિજયના ઉન્માદમાં કૅપ્ટન રોહિત શર્મા અને પીઢ ખેલાડી વિરાટ કોહલીએ સ્ટમ્પથી દાંડિયા રમવાનું શરૂ કરી દીધું હતું અને એ અભૂતપૂર્વ માહોલ બનાવ્યા પછી રોહિત અસલ મિજાજમાં આવ્યો હતો, કારણકે એમાં તેણે સ્પષ્ટ કરી દીધું હતું કે 'હું ક્યાંય નથી જવાનો, અહીં જ છું.' બીજા એક અહેવાલ મુજબ ચૅમ્પિયન્સ ટ્રોફીના આ વિક્રમજનક વિજય સાથે એકસાથે ત્રણ જણની કરીઅરને નવું જીવતદાન મળ્યું છે.

ગયા વર્ષે વેસ્ટ ઈન્ડિઝમાં ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધા પછી વિરાટ કોહલી તેમ જ રવીન્દ્ર જાડેજા ઉપરાંત કેપ્ટન રોહિત શર્માએ ટી-૨૦ ઇન્ટરનેશનલમાંથી રિટાયરમેન્ટ જાહેર કરીને સૌને ચોંકાવી દીધા હતા એટલે આ વખતે પણ ખાસ કરીને તેની (રોહિતની) વન-ડેની નિવૃત્તિ વિશે જોરદાર અટકળો ફેલાઈ હતી. જોકે ચૅમ્પિયન્સ ટ્રોફીના ટાઇટલે રોહિત ઉપરાંત વિરાટ કોહલીની ભવ્ય વન-ડે કારકિર્દીને જીવતદાન આપ્યું છે. તેમણે નિવૃત્ત થવું પડે એવું હવે થોડો સમય તો નહીં જ બને. ઊલટાનું, તેમની પ્રતિષ્ઠા વધી ગઈ છે. હેડ-કોચ ગૌતમ ગંભીર સામે પણ (ન્યૂ ઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝોમાં ભારતની થયેલી કારમી હાર બદલ) આંગળી ચીંધવામાં આવતી હતી, પણ હવે ગંભીરને પણ કોચિંગના હોદ્દા પર જીવતદાન મળ્યું છે એમ કહી શકાય.


રોહિત શર્માએ રવિવારે રાત્રે ચૅમ્પિયન્સ ટ્રોફીનો તાજ જીત્યા પછી પત્રકારોને ચોખ્ખું કહી દીધું હતું કે હમણાં વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની તેની કોઈ જ યોજના નથી. રોહિતને ૨૦૨૭ના વર્લ્ડ કપ વિશેના પ્લાન વિશે પુછાતાં તેણે કહ્યું હતું કે 'હજી બે વર્ષ બાકી છે. હું એટલું લાંબું વિચારતો જ નથી. ૨૦૨૭નો વર્લ્ડ કપ હું રમીશ કે નહીં રમું એ વિશે હમણાં કંઈ જ કહી શકું એમ નથી. હું વર્તમાન વિશે જ વિચારતો હોઉં છું અને એનો જ આનંદ માણતો હોઉં છું.'

ભારતે રવિવારે દુબઈમાં ન્યૂ ઝીલૅન્ડને ફાઇનલમાં એક ઓવર અને ચાર વિકેટ બાકી રાખીને હરાવી દીધું હતું. એ સાથે ભારતે વિક્રમજનક ત્રીજી વખત ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી. ફાઇનલમાં ૮૩ બૉલમાં ત્રણ સિક્સર અને સાત ફોરની મદદથી ૭૯ રન બનાવનાર રોહિતને મૅન ઑફ ધ ફાઇનલનો અવૉર્ડ અપાયો હતો. આખી સ્પર્ધામાં હાઈએસ્ટ ૨૬૩ રન બનાવવા ઉપરાંત ત્રણ વિકેટ લેનાર ન્યૂ ઝીલૅન્ડના રચિન રવીન્દ્રને મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ન્યૂ ઝીલૅન્ડનો જ મૅટ હેન્રી ૧૦ વિકેટ સાથે મોખરે હતો. વરુણ ચક્રવર્તી, મોહમ્મદ શમી તેમ જ મિચલ સેન્ટનર ૯-૯ વિકેટ સાથે બીજા નંબર પર રહ્યા હતા. ■

# ચૅમ્પિયનોનું ફૅમિલી આલબમ



પત્ની રિવાબા અને પુત્રી નિધ્યાના સાથે જાડેજા (ઉપર). કૅપ્ટન રોહિત પત્ની રિતિકા અને પુત્રી સમાઈરા સાથે જોવા મળ્યો હતો.



શમીના માતાને કોહલી પગે લાગ્યો હતો.





**ગુજરાતીઓએ ગામ ગજાવ્યું**

અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા અને રવીન્દ્ર જાડેજાએ ટીમને જિતાડવામાં પોતપોતાની ક્ષમતાથી યોગદાન આપ્યું હતું.

# ટોચના સ્થાન માટેની રસાકસીઃ હરમનપ્રીતની હાફ સેન્ચુરીથી મુંબઈનો પડકારરૂપ સ્કોર

મુંબઈઃ બ્રેબર્ન સ્ટેડિયમમાં ગઈ કાલે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તરીકે ઓળખાતી મહિલાઓની આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે ટોચના સ્થાન માટે ભારે રસાકસી થઈ હતી જેમાં મુંબઈએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા.

કૅપ્ટન હરમનપ્રીત કૌરે નવ ફોરની મદદથી ૩૩ બૉલમાં ૫૪ રન ખડકી દીધા જેને કારણે તેની ટીમ ૧૫૦-પ્લસનો સ્કોર નોંધાવી શકી હતી અને ગુજરાતને ૧૮૦ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો.

નૅટ શિવર-બ્રન્ટે ૩૮ રન, ઓપનર હૅલી મૅથ્યૂઝે ૨૭ રન અને અમનજોત કૌરે ૨૭ રનનો ફાળો આપ્યો હતો.

વિકેટકીપર યાસ્તિકા ભાટિયા ૧૩ રન બનાવીને રનઆઉટ થઈ હતી, જ્યારે સજીવન સજના ૧૧ રને અણનમ રહી હતી.

ઍશ ગાર્ડનરના સુકાન હેઠળની ગુજરાતની ટીમની ચાર બોલરે એક-એક વિકેટ લીધી હતી. એમાં ખુદ ગાર્ડનર તેમ જ કાશ્વી ગૌતમ, તનુજા કંવર અને પ્રિયા મિશ્રાનો સમાવેશ હતો.

આ મૅચ પહેલાં દિલ્હી કૅપિટલ્સની ટીમ ૧૦ પૉઇન્ટ સાથે મોખરે હતી, જ્યારે ગુજરાત-મુંબઈ આઠ-આઠ પૉઇન્ટ સાથે અનુક્રમે બીજા-ત્રીજા સ્થાને હતા. ■

# સુનીલ ગાવસકરનું પાંચ વર્ષના બાળકની જેમ ઠેકડા મારીને સેલિબ્રેશન, કપિલ દેવ પણ નાચ્યા

દુબઈઃ ટીમ ઇન્ડિયાએ ૧૨ વર્ષ પછી ફરી એકવાર ચેમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી તેમ જ આ ટાઇટલ ત્રીજી વાર જીતવાનો વિશ્વ વિક્રમ પણ રચ્યો એનું રવિવારે રાત્રે ભારતીય ક્રિકેટરોએ જોરદાર સેલિબ્રેશન કર્યું હતું અને ભારતમાં કરોડો લોકોએ આ વિજયની ઉત્સાહભેર ઉજવણી કરી જ હતી એ ઉપરાંત દુબઈના મેદાન પર બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરનું સેલિબ્રેશન જોવા જેવું હતું. ૧૯૮૩ વર્લ્ડ કપના ચૅમ્પિયન કપિલ દેવે પણ રોમાંચ બતાવવાની તક નહોતી છોડી.

કહેવાય છે ને, 'દિલ અભી બચ્ચા હૈ...' ભારતે રોમાંચક વિજય મેળવ્યો એને પગલે ઉત્સાહમાં આવી ગયેલા ૭૫ વર્ષની ઉંમરના ગાવસકરથી રહેવાયું નહીં અને તેઓ પાંચ વર્ષના બાળકની જેમ કૂદી કૂદીને નાચ્યા હતા. તેમની આસપાસ ઊભેલા ઍન્કર અને અન્યો ખૂબ હસ્યા હતા. સનીની એ ઘટનાનો વીડિયો વાઈરલ થયો છે.

રોહિત સેનાએ ન્યૂ ઝીલેન્ડ સામેની ફાઈનલ એક ઓવર અને ચાર બૉલ બાકી રાખીને જીતી લીધી હતી. ૨૦૨૪માં રોહિતના સુકાનમાં ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર પછી લાગલગાટ બીજા વર્ષે ભારત આઈસીસી ટ્રોફી જીત્યું છે.

રોહિતના નેતૃત્વમાં ભારતીય ખેલાડીઓ વાઇટ બ્લેઝરમાં સજ્જ થઈને મંચ પર ટ્રોફી લેવા ગયા ત્યારે કોમેન્ટર્સની ટીમના મુખ્ય મેમ્બર ગાવસકરથી રહેવાયું નહીં અને તેઓ ખૂબ નાચવા લાગ્યા હતા અને એ રીતે તેમણે પોતાનો અભૂતપૂર્વ આનંદ વ્યક્ત કર્યો હતો.

એ સમયે જાણીતી સ્પોર્ટ્સઍન્કર મયંતી લેંગર ત્યાં જ હતી અને તે સની ગાવસકરને ભરપૂર ઊર્જાપૂર્વક ડાન્સ કરતા જોઈને ખૂબ હસી હતી.

કોમેન્ટરીની પૅનલના જ રોબિન ઉથપ્પાએ એ ઘટનાની યાદગાર પળો પોતાના મોબાઈલના કૅમેરામાં કેદ કરી લીધી હતી.

કપિલ દેવ ટીવી પરના એક ઇન્ટરવ્યૂ દરમ્યાન થોડો ડાન્સ કરીને ભારતની જીતના સેલિબ્રેશનમાં સહભાગી થયા હતા. ■






# રિઇન્વેસ્ટમેન્ટ – પુનઃ રોકાણનાં જોખમને પહેલેથી સમજી લો...






## રોકાણનાં જોખમ

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'પોતાની ક્ષમતાના વર્તુળમાં રહીને રોકાણ કરવું. તમારું વર્તુળ કેટલું મોટું છે એનું નહીં, પરંતુ તમારા માપદંડ કેટલા સ્પષ્ટપણે નક્કી થયા છે એનું મહત્ત્વ વધુ છે.' – **વોરેન બફેટ**

નીતિનભાઈ શાહે ૨૦૦૨ની સાલમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાનું નક્કી કર્યું. એ વખતે એમની ઉંમર પચાસ-પંચાવનની હતી. તેઓ ઘણા લાંબા સમયથી સરકારી બેન્કમાં કામ કરી રહ્યા હતા. એમણે પોતાની માસિક ખર્ચની રકમની ગણતરી કરી, આરોગ્ય પાછળના ખર્ચ માટેની જોગવાઈ કરી અને દીકરાના ઊચ્ચ શિક્ષણ માટે રકમ અલાયદી રાખી. આખરે તો એ બેન્કર રહ્યા એટલે એમણે બધી ગણતરીઓ બરોબર માંડી હતી. એમને મળેલી નિવૃત્તિની મોટી રકમને બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટમાં અને અન્ય કેટલાક બોન્ડમાં રોકી. ફિક્સ્ડ ડિપોઝિટ પાંચ વર્ષ માટેની હતી અને બોન્ડની મુદત દસ વર્ષની હતી. પચ્ચીસ વર્ષના બેન્કિંગના અનુભવને લીધે એમનું આયોજન ચોકસાઈભર્યું હતું. આટલાં વર્ષોમાં વ્યાજદરની તથા ફુગાવાના દરની હિલચાલ એમણે જોઈ હતી.

ફુગાવાના દરની હિલચાલ જોઈ ચૂકેલા અનુભવી નીતિનભાઈ શાહને નિવૃત્ત થયાનાં પાંચેક વર્ષ બાદ તકલીફ વર્તાવા લાગી. ફિક્સ્ડ ડિપોઝિટ પાકી ત્યારે એમણે એ રકમ બીજાં પાંચ વર્ષ માટે પુનઃ રોકાણ કરવાનો નિર્ણય લીધો. જો કે, એ વખતે વ્યાજદરમાં ઘટાડો થઈ ગયો હતો. આમ, એમનું વળતર ઘટી ગયું. વળી, ઘરખર્ચ પણ વધી ગયો હતો. એમણે બીજાં ત્રણ વર્ષ જેમતેમ કાઢી નાખ્યાં, પરંતુ એમની મૂડી ઘસાવા લાગી હતી. એક બેન્કર તરીકે એ પોતે સારી રીતે જાણતા હતા કે મૂડી તૂટે એ સારી નિશાની કહેવાય નહીં. એમણે જેમાં રોકાણ કર્યું હતું એ બોન્ડમાં ઊંચા દરે વ્યાજ મળતું હતું, પરંતુ બજારમાં નવા બોન્ડ પર ઓછું વ્યાજ અપાતું હતું. તેનો અર્થ એવો થયો કે એમના બોન્ડ પાકે ત્યારે તેનું પુનઃ રોકાણ ઓછું વ્યાજ ધરાવતા બોન્ડમાં કરવું પડશે.

એ વખતે નીતિનભાઈને સમજાઈ ગયું કે એમની વ્યાજની આવક અપૂરતી રહેવાની હોવાથી એમણે આવકનો કોઈ સ્રોત શોધવો પડશે. આવો સમય આવ્યો ત્યાર સુધીમાં તેઓ સાઠીમાં આવી ગયા હતા. આરોગ્ય સારું રહેતું હતું અને શરીર કસાયેલું હોવાથી એ બીજાં પંદર વર્ષ કામ કરી શકે એવી સ્થિતિમાં હતા. બેન્કર હોવાથી એમને અલગ અલગ પ્રકારનાં નાણાકીય જોખમોની જાણ હતી, પરંતુ એમનાથી રિઇન્વેસ્ટમેન્ટ રિસ્ક (પુનઃ રોકાણસંબંધી જોખમ) તરફ દુર્લક્ષ થઈ ગયું હતું.

વાસ્તવમાં આપણામાંથી ઘણા લોકો આ જોખમ પર ધ્યાન આપતા નથી. લાંબા ગાળે જે નિયમિત આવકની જરૂર હોય તેના માટે જો નિશ્ચિત વળતરના સાધનમાં રોકાણ કરવામાં આવે તો તેમાં આ જોખમ હોય જ છે. ફિક્સ્ડ ડિપોઝિટ કે બોન્ડ પાકે ત્યારે અર્થતંત્રમાં વ્યાજદરમાં ઘટાડો થઈ જવાની શક્યતા હોય છે. આમ, વળતરની ગણતરી ઊંધી વળી જાય છે. ફિક્સ્ડ ડિપોઝિટ કે બોન્ડ, વગેરેમાં રોકાણ કરતી વખતે જ પુનઃ રોકાણસંબંધી જોખમને લક્ષમાં લેવું જોઈએ. આ જોખમ ખરેખર તમારા કિસ્સામાં પણ લાગુ પડશે એવું પણ નથી હોતું. વ્યાજદર ઘટી પણ શકે છે એમ વધી પણ શકે છે.

રિઇન્વેસ્ટમેન્ટ રિસ્કની અસરને ટાળવા માટેના અમુક રસ્તા છે. લાંબા ગાળે નિયમિત આવકની જરૂર પડવાની હોય તો બધું જ રોકાણ ફિક્સ્ડ ડિપોઝિટ, બોન્ડ, જેવાં સાધનોમાં કરવું નહીં. ઈક્વિટીમાં કે સોનામાં થોડું થોડું રોકાણ કરતાં જવું. આ રોકાણ પોતાની રીતે અથવા તો મ્યુચ્યુઅલ ફંડ મારફતે થઈ શકે છે. નાની-નાની રકમનું આવું રોકાણ વધારે વળતર આપશે અને મૂડીમાં પણ વૃદ્ધિ થશે.

ફિક્સ્ડ ડિપોઝિટ કે બોન્ડમાં રોકાણ કરતી વખતે બીજો પણ એક વ્યૂહ અપનાવવા જેવો છે. તમારે અલગ અલગ મુદત માટે રોકાણ કરવું,જેમકે- જો તમારે દસ લાખ રૂપિયા રોકવાના હોય તો બધા જ પૈસા પાંચ વર્ષની ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકવાને બદલે જ્યારે જ્યારે નાણાંની જરૂર પડવાની હોય ત્યારે ત્યારે રકમ મળી રહે એ રીતે, અર્થાત્ ૩, ૫, ૭, વગેરે વર્ષ માટે રોકાણ કરવું.

આમ નિશ્ચિત નિયમિત આવક માટેનાં ફિક્સ્ડ ડિપોઝિટ કે બોન્ડ જેવા સાધનમાં રોકાણ કરતી વખતે રિઇન્વેસ્ટમેન્ટ રિસ્કને લક્ષમાં લેવું જરૂરી છે. ■

---




નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# 'નો યોર પૉલિસી' ડોક્યુમેન્ટ શું છે ?

## એ છે આરોગ્ય વીમા પૉલિસીને સમજવા માટે અગત્યનો દસ્તાવેજ

નાણાકીય આયોજનનો અંતરંગ હિસ્સો છે વીમો. પછી એ આરોગ્ય વીમો હોય કે જીવન વીમો. આ બન્ને પ્રકારની વીમા પોલિસી પરિવારને આર્થિક સુરક્ષા આપે છે ને સાથે માનસિક શાંતિ પણ.

વીમાધારકને મળતા કવરેજ તથા એમના અધિકાર અને જવાબદારી પૂરેપૂરી સમજી લેવી જરૂરી છે અને એ બધી જ માહિતી આપવા માટે વીમા કંપનીઓ 'કસ્ટમર ઇન્ફર્મેશન શીટ' અથવા 'નો યોર પોલિસી' નામનો દસ્તાવેજ આપે છે.

'ઇરડાઇ (હેલ્થ ઇન્સ્યોરન્સ) રેગ્યુલેશન્સ' અનુસાર એની માર્ગદર્શિકામાં નિર્ધારિત 'કસ્ટમર ઇન્ફર્મેશન શીટ' દરેક વીમાધારકને આપવી ફરજિયાત છે, જેમાં આરોગ્ય વીમાની પોલિસીને લગતી માહિતી સરળ શબ્દોમાં આપવામાં આવી હોય છે. આ દસ્તાવેજમાં આપવામાં આવતી માહિતી વિશે વધુ જાણીએ, જેમકે...

### કવરેજ કેટલી રકમનું હશે

વીમાના કવરેજની રકમ સૌથી વધુ મહત્ત્વનું પાસું છે. કવરેજ રકમની મર્યાદામાં બીજી કેટલીક પેટા મર્યાદાઓ (સબ-લિમિટ) પણ હોય છે. એ ઉપરાંત, અમુક પોલિસીમાં કો-પેમેન્ટ, ડિડક્ટિબલ તથા અન્ય બીજી કેટલીક મર્યાદાઓ હોય છે. આ બધી મર્યાદા 'નો યોર પોલિસી'માં લખાયેલી હોય છે. કો-પેમેન્ટનો અર્થ એ થયો કે પોલિસીધારક જ્યારે પણ કોઈ ક્લેમ કરશે ત્યારે ક્લેમ કરાયેલી રકમની અમુક નિશ્ચિત ટકાવારી અથવા તો અમુક નિશ્ચિત રકમ પોતાના ખિસ્સામાંથી ભરવાની રહેશે. ડિડક્ટિબલ એટલે એવી રકમ જે કુલ ક્લેમમાંથી બાદ કરીને ક્લેમ ચૂકવવામાં આવશે. આ બધી મર્યાદાને સમજી લેવું અગત્યનું છે, કારણ કે કો-પેમેન્ટ અથવા ડિડક્ટિબલ વધારે હોય તો વીમાધારકે પોતાના ખિસ્સામાંથી વધારે પૈસા ભરવા પડે છે.

### ક્લેમ આવે તો ખર્ચમાં આપવાનો હિસ્સો

વીમાધારકે કયા સંજોગોમાં ખર્ચમાં હિસ્સો ભોગવવો પડશે એને લગતી કેટલીક નિશ્ચિત શરતો પોલિસીમાં લખેલી હોય છે. સબ-લિમિટ કરતાં વધારે ખર્ચ થયો હોય, રૂમ અને આઇસીયુના ચાર્જીસ પોલિસીમાં નિશ્ચિત કરાયેલી મર્યાદાઓ અને ડિડક્ટિબલ કરતાં વધારે હોય એ સ્થિતિમાં ક્લેમમાં એટલો હિસ્સો ભોગવવો પડે છે. આ વિશે વીમાધારકને પહેલેથી જ જાણ હોય તો એ પોલિસી લેવા વિશેનો નિર્ણય સમજી-વિચારીને લઈ શકે છે અને ક્લેમ થાય ત્યારે ઓચિંતો આઘાત લાગતો નથી.

### ક્લેમ કરવાની રીત

વીમા પોલિસી ગમે તેટલી સારી દેખાતી હોય,




આખરે તો એમાં ક્લેમ આવે ત્યારે એ કેવી રીતે સેટલ કરવામાં આવે છે એનું મહત્ત્વ છે. 'નો યોર પોલિસી'ના દસ્તાવેજમાં ક્લેમની પ્રક્રિયાના અલગ અલગ તબક્કા પૂરા કરવા માટેની સમયમર્યાદા નિશ્ચિત કરવામાં આવી હોય છે. એના માટે 'ટર્ન અરાઉન્ડ ટાઇમ'એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. કેશલેસ ક્લેમની સ્થિતિમાં પહેલેથી કરાવાતું ઑથોરાઇઝેશન અને આખરી બિલનું ઑથોરાઇઝેશન એ બન્ને કામ માટેની સમયમર્યાદા પણ દસ્તાવેજમાં લખેલી હોય છે. આ ઉપરાંત, વીમાધારકને નેટવર્કમાં સમાવિષ્ટ હોસ્પિટલોની યાદી, હેલ્પલાઇનના નંબર તથા બ્લેકલિસ્ટેડ હોસ્પિટલોની યાદી પણ પૂરી પાડવામાં આવે છે. આ માહિતી મળી જવાથી ક્લેમની પ્રક્રિયા સમયસર અને કડાકૂટ વગર પૂરી થઈ શકે છે.

### પૉલિસીનું સર્વિસિંગ

પોલિસીનું સર્વિસિંગ સારી રીતે થાય તો વીમાધારકને વીમો લીધાનો અનુભવ પણ સારો મળે છે. આથી 'નો યોર પોલિસી' દસ્તાવેજમાં વીમા કંપનીના કોલ સેન્ટરનો નંબર તથા કંપનીના અધિકારીઓનો સંપર્ક કરવા માટેની વિગતો આપવામાં આવે છે. વીમાધારકને ફરિયાદ કરવા, કોઈ પ્રશ્નનો જવાબ મેળવવા કે બીજી કોઈ સેવા અર્થે જરૂર પડે તો વીમાધારક આ માહિતીનો સુગમતાથી ઉપયોગ કરી શકે છે.

### ફરિયાદ

વીમાધારકની ફરિયાદોનો ઉકેલ લાવવા માટે કંપનીએ કરેલી વ્યવસ્થાની જાણકારી પણ દરેક વીમા પોલિસીમાં હોય છે. તકરાર નિવારણ અધિકારી, કંપનીની તકરાર નિવારણ માટેની વેબસાઇટ અથવા તો એનો વિભાગ તથા ઓમ્બડ્સમેન એ બધી માહિતી આ દસ્તાવેજમાં આપવામાં આવે છે. આ વ્યવસ્થા દ્વારા વીમાધારક સમસ્યા/ફરિયાદનો હલ ઉચિત અને પારદર્શક રીતે લાવી શકે છે.

'નો યોર પોલિસી' દસ્તાવેજમાં બીજી પણ અગત્યની જાણકારી હોય છે. પોલિસી ખરીદ્યા બાદ એને પાછી આપી શકાય એ માટે ફ્રી લૂક કેન્સલેશનની સુવિધા હોય છે. આ સુવિધા પોલિસી ખરીદ્યા પછી કેટલા દિવસ સુધી હોય છે એની માહિતી ઉપરાંત પોલિસીના નવીનીકરણની પ્રક્રિયા આ દસ્તાવેજમાં વિગતવાર જણાવવામાં આવે છે. તમારી પોલિસી બીજી કંપનીમાં પોર્ટ કરવી હોય તો શું કરવું, વીમાની રકમમાં ફેરફાર અને મોરેટોરિયમ પિરિયડ, વગેરેને લગતી વિગતો પણ આ દસ્તાવેજમાં હોય છે.

આ બધા ઉપરોકત મુદ્દાઓના આધારે સમજી શકાય છે કે 'નો યોર પોલિસી' દસ્તાવેજ કેટલો અગત્યનો છે અને એમાંથી વીમાધારકને ઘણી ઉપયોગી-આવશ્યક માહિતી મળી રહે છે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
માહિયા શર્મા

# રશિયાએ વિકસાવેલી કેન્સરની રસીથી કઇ રીતે થશે સારવાર?

રશિયાએ જાહેરાત કરી છે કે તેણે કેન્સરને રોકવા માટે નવી એમઆરએનએ-આધારિત રસી વિકસાવી છે અને તે ટૂંક સમયમાં દર્દીઓને ફ્રીમાં ઉપલબ્ધ કરાવાશે. ગમલેયા નેશનલ રિસર્ચ સેન્ટર ફોર એપિડેમોલોજી એન્ડ માઇક્રોબાયોલોજીના ડાયરેક્ટર એલેક્ઝાન્ડર નિટ્સબર્ગ કહે છે કે આ રસીના ક્લિનિકલ ટ્રાયલથી જાણવા મળ્યું છે કે તે ટ્યૂમરને વધતાં રોકે છે અને તેના જીવલેણ રૂપાંતરને પણ અટકાવે છે.

એમઆરએનએ અથવા મેસેન્જર આરએનએ રસી શરીરના કોષોને એન્ટિજેન (પ્રોટીન અથવા અન્ય પદાર્થો કે જે રોગપ્રતિકારક પ્રતિક્રિયા શરૂ કરે છે) ઉત્પન્ન કરવાનું શીખવે છે. જ્યારે તે એન્ટિજેન કેન્સરના કોષોને ઓળખી લે છે, ત્યારે ઇમ્યુન સિસ્ટમ તેમના પર હુમલો કરવાનું શરૂ કરે છે, તેમની સામે એન્ટિબોડીઝ ઉત્પન્ન કરવા માટે ઇમ્યુન સિસ્ટમને તાલીમ આપે છે.

### આ રસી કેવી રીતે કામ કરે છે?

વાસ્તવમાં, એમઆરએનએ કેન્સરની રસી ઇમ્યુનોથેરાપીનું એક સ્વરૂપ છે. કેન્સર કોશિકાઓ ઘણીવાર એવો માર્ગ વિકસાવી લે છે કે તે ઓળખાય નહીં અને પરિણામે રોગપ્રતિકારક શક્તિ તેને નષ્ટ કરી શકતી નથી. આ સંરક્ષણ મિકેનિઝમ હવે સમજાયું છે અને ઇમ્યુનોથેરાપીનો વિચાર શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાનો છે જેથી તે કેન્સરના કોષોને શોધીને તેનો નાશ કરે અને તેને ફેલાતા અટકાવે. આ સારવારનો ફાયદો એ છે કે કીમોથેરાપીથી વિપરીત, આ માત્ર કેન્સરના કોષોનો નાશ કરે છે, પરિણામે આડઅસર ઓછી થાય છે.

જોકે, રસી સિવાય, ઇમ્યુનોથેરાપીની બીજી ઘણી પદ્ધતિઓ છે જેમ કે કાર ટી સેલ થેરપી, ઇમ્યુન ચેકપોઇન્ટ ઇન્હિબિટર્સ વગેરે. અન્ય રસીઓથી વિપરીત, એમઆરએનએ કેન્સરની રસી તંદુરસ્ત વ્યક્તિઓ માટે નથી કે, આ રસી લીધા પછી રોગ થશે નહીં. આનો ઉપયોગ એવા દર્દીઓ પર થાય છે જેમને



પહેલાથી જ કેન્સર હોય, જેથી ટ્યૂમરને નિશાન બનાવી તેની સારવાર કરી શકાય. આ સારવાર પદ્ધતિ એ રીતે તૈયાર કરવામાં આવી છે કે દર્દીના ટ્યૂમરમાં હાજર ચોક્કસ એન્ટિજેનને નિશાન બનાવી શકાય, જેથી રસી વધુ અસરકારક બને છે. કેન્સર એમઆરએનએ રસીને વિવિધ એન્ટિજેનને લક્ષ્ય બનાવવા માટે પણ ડિઝાઇન કરી શકાય છે.

કેન્સરની રસીનું સંશોધન માત્ર રશિયામાં જ નથી થયું. ગયા વર્ષે, ઈંગ્લેન્ડની નેશનલ હેલ્થ સર્વિસે કેન્સર વેક્સીન લોન્ચ પેડની સ્થાપના કરી હતી, જે કેન્સરની પુષ્ટિ થયેલ લોકો માટે એમઆરએનએ વ્યક્તિગત કેન્સર રસીની ક્લિનિકલ ટ્રાયલને વેગ આપવા અને કેન્સરની સારવાર માટે કેન્સરની રસીના વિકાસને વેગ આપવા માટે એક ટ્રાયલ પ્રોગ્રામ છે. યુ.એસ.માં ગ્લોબલ બાયોફાર્માસ્યુટિકલ કંપની ક્યુરેપેક, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જાહેરાત કરી હતી કે તેની સીવીજીબીએમ કેન્સર રસીએ ગ્લિઓબલસ્ટોમા (મગજના કેન્સર) દર્દીઓમાં પ્રથમ તબક્કાના અભ્યાસમાં આશાસ્પદ રોગપ્રતિકારક પ્રતિભાવો દર્શાવ્યા છે. હાલમાં, કેન્સરની રસી અંગે વિશ્વના વિવિધ ભાગોમાં ૧૨૦ થી વધુ ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહી છે. આ બધાનો અર્થ શું છે? ડોકટરો કહે છે કે કેન્સરની રોકથામ માટે 'રસી' શબ્દનો ઉપયોગ ગેરમાર્ગે દોરનારો છે કારણ કે ચેપી રોગોથી વિપરીત, કેન્સર સામાન્ય રીતે એક જ જીવાણુ દ્વારા ફેલાતું નથી.

જ્યાં સુધી કેન્સર નિવારણનો સવાલ છે, સર્વાઇકલ કેન્સરને હ્યુમન પેપિલોમાવાઈરસ (એચપીવી) રસી વડે રોકી શકાય છે. કારણ કે આ સંબંધમાં ૯૦ ટકાથી વધુ કેસ આ વાઈરસના કારણે થાય છે. વધુમાં, હેપેટાઈટીસ બીની રસી, જે હેપેટાઈટીસ બી વાયરલ ચેપને રોકવા માટે આપવામાં આવે છે, તે લીવર કેન્સરને રોકવામાં પણ રક્ષણાત્મક ભૂમિકા ભજવી શકે છે. ડોકટરો આ વાત પર ભાર મૂકે છે કે દર્દીઓએ સમજવું જોઈએ કે ઇમ્યુનોથેરાપી સારવાર કેન્સરને થતાં અટકાવતી નથી. આ રોગ થયા પછીની સારવાર છે. જો કે, રશિયામાં ઉપયોગમાં લેવાતી કેન્સરની રસીની સારવાર વિશે હાલમાં ખૂબ ઓછી માહિતી ઉપલબ્ધ છે.

કોઈપણ નવી દવા ક્લિનિકલ ટ્રાયલના ઘણા તબક્કાઓમાંથી પસાર થાય છે. આ પ્રક્રિયામાં વર્ષો લાગે છે, જે પછી જ તે આખરે બજારમાં પહોંચે છે. જ્યાં સુધી આ તમામ ડેટા સાર્વજનિક રીતે ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી એ કહેવું મુશ્કેલ છે કે રશિયાની સારવાર પદ્ધતિ કયા સ્તરે છે અને તે કેટલી સલામત અને અસરકારક છે.

તેમાં કોઈ શંકા નથી કે કેટલાક કેન્સરમાં ઇમ્યુનોથેરાપીનાં સારાં પરિણામો જોવા મળ્યા છે. પરંતુ એવું જરૂરી નથી કે તે તમામ પ્રકારના કેન્સર માટે અથવા દરેક કેન્સરના દર્દી માટે ઉપયોગી છે. સંશોધન ચાલુ છે અને તે કેટલું અસરકારક છે તે સમય જ કહેશે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ઝડપથી વજન ઘટાડવા માટે ઉપયોગી માલાબાર આમલી

ઝડપથી વધી જતું વજન ૨૧મી સદીની મોટી સમસ્યા ગણાઈ રહી છે. વડા પ્રધાન શ્રી મોદીજીએ હાલમાં 'મનકી બાત'માં યુવાનોમાં ઝડપથી વધતાં વજનને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વધતાં વજનને નિયંત્રણમાં લાવવા માટે ઘરના પ્રત્યેક સભ્યને તેલનો ઉપયોગ ઘટાડવાની સલાહ આપી હતી. વધતું વજન અનેક બીમારીને અકારણ આમંત્રણ આપે છે. વજન વધતાં વાર નથી લાગતી પરંતુ તેને ઘટાડવું હોય તો લાંબો સમય લાગે છે. ઓછા સમયમાં વજન ઝડપથી ઉતારવાની અનેક લલચામણી જાહેરાતો આપણે અખબારમાં જોતા જ હોઈએ છીએ. જેમાં અનેક વખત બનાવટ હોય છે. તો ક્યારેક શરીરને નુકસાન થતું હોય છે. આવી વિટંબણાથી બચીને વજન ઉપર નિયંત્રણ મેળવવાના ઉપાય વિશે જાણકારી મેળવીશું.



આયુર્વેદાચાર્યો દ્વારા આપવામાં આવતાં માર્ગદર્શન મુજબ તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે છ પ્રકારના સ્વાદનો ઉપયોગ આહારમાં કરવો આવશ્યક છે. જેમ કે ખારો-ખાટો, કડવો-મીઠો, તીખો-તૂરો.

ચાલો, આજે આપણે એક એવાં ફળની વાત કરવાના છીએ જેના ઉપયોગ થકી ફટાફટ વજન ઉતારી શકાશે. તેની સાથે આ નાના ફળમાં અનેક સ્વાસ્થ્યવર્ધક ગુણો સમાયેલાં છે. જેનો લાભ સરળતાથી મેળવી શકાશે. નામ છે તેનું 'માલાબાર આમલી કે ઈમલી'. માલાબાર ઈમલી એક એવું ફળ છે જે દેખાવમાં નાના કોળા જેવું હોય છે. તેનો રંગ લીલો તથા પીળો બંને જોવા મળે છે. કેરળના પ્રત્યેક ઘરના પાછળના ભાગમાં બનાવવામાં આવેલાં બાગમાં તેનો છોડ અચૂક જોવા મળશે. તેના સ્વાસ્થ્ય લાભ જોઈને આપણે પણ તેના છોડને ઘરમાં લાવવાનું મન અચૂક થશે. વૈજ્ઞાનિક રીતે સાબિત થઈ ચૂક્યું છે કે પેટની ચરબી ઘટાડવા માટેનો શ્રેષ્ઠ ઉપાય છે. કન્નડ ભાષામાં તેને ઉપ્પેજ કહેવામાં આવે છે. માલાબાર ઈમલી કદમપુલ્લી કે પુલ્લી, બ્રિંડલ બેરી, ચિતકબરા બેરના નામથી ઓળખાય છે. અંગ્રેજીમાં તે 'ગાર્સિનિયા કૈંબોગિયા' કહેવામાં આવે છે. દક્ષિણ પૂર્વ એશિયા, કર્ણાટક, કેરળના સ્થાનિક લોકોમાં આ ફળ સુપરફ્રૂટ તરીકે લોકપ્રિય છે.

**વજન ઘટાડવામાં લાભકારી :** માલાબાર ઈમલીનું સેવન કરવાથી વજન ઝડપથી નિયંત્રણમાં આવી શકે છે. કેમ કે આમલીમાં વિવિધ પ્રકારના એસિડ જેવા કે એમિનો એસિડ, ફેટી એસિડ, હાઈડ્રોસિટ્રિક એસિડ સમાયેલાં છે. જેથી આમલીનો ઉપયોગ ભોજનમાં કરવાથી ઍન્ટિ-ઈન્ફલેમેટરી તથા ઍન્ટિ-બૈક્ટેરિયલ ગુણો શરીરમાં જાય છે. જેને કારણે વજન ઘટાડવામાં મદદ મળે છે. શરીરમાં સેરોટોનીન બનવાની પ્રક્રિયા ઝડપથી બને છે. જેને કારણે ભોજન બાદ વ્યક્તિને લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જર્નલ ઓફ ઓબિસીટી દ્વારા ખાસ અધ્યયન કરવામાં આવ્યું હતું. હાઈડ્રોસિટ્રિક એસિડની શરીર ઉપર થતી અસરનો અભ્યાસ ૧૬ અઠવાડિયા માટે કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ લોકોની પસંદગી કરવામાં આવી હતી. બે સમૂહ બનાવવામાં આવ્યા હતા. જેમાંથી એક સમૂહના ભોજનમાં માલાબાર આમલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તો બીજા સમૂહને માલાબાર આમલીનો ઉપયોગ કર્યા વિનાનું ભોજન પીરસવામાં આવ્યું હતું. તેમાં ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો હતો કે યોગ્ય ડાયેટ પ્લાનને અનુસરીને સાત્ત્વિક ભોજન કરે. ૧૬ સપ્તાહ બાદ પરિણામ જાણવા મળ્યું હતું જેમાં માલાબાર આમલીનો ઉપયોગ કરીને બનાવેલા ભોજન ખાનાર સમૂહની પેટની ચરબી તથા આંતરડાની ઉપરના ચરબીના થરમાં વધુ ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે બીજા સમૂહની ચરબીમાં ઘટાડો નહીંવત્ જોવા મળ્યો હતો.

**ત્વચા માટે ગુણકારી :** મોસમના બદલાવની અસર ત્વચા ઉપર ઝડપથી થતી હોય છે. જેમ કે ગરમીમાં ત્વચા લાલ થવી કે ઝીણી ફોડલી ઊપસી આવવી. તેજ સૂર્યપ્રકાશનાં યુ.વી કિરણોથી બચાવે છે. કેમ કે માલાબારી ઈમલીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટનનું પ્રમાણ ભરપૂર સમાયેલું હોય છે. ઠંડીમાં ત્વચા સૂકી થવાને કારણે ખંજવાળ આવવી કે બરછટ બની જતી હોય છે. માલાબાર ઈમલીનો ઉપયોગ સપ્રમાણ માત્રામાં કરવામાં આવે તો ત્વચા સંબંધિત રોગથી મુક્તિ મળી શકે છે. ત્વચાની કોમળતાં જાળવી રાખવામાં મદદ મળે છે. શરીર ઉપર દેખાતાં સોજાની તકલીફમાં રાહત આપે છે.

**થાકની ફરિયાદમાં રાહતરૂપ :** ઘરના વિવિધ કામને યોગ્ય ન્યાય આપવામાં ગૃહિણી પોતાના માટે સમય ફાળવી શકતી નથી. જેને કારણે સાંજના સમયે તેને થાક તથા નબળાઈનો અનુભવ થતો હોય છે. જ્યારે પુરુષો સતત કામ તથા ઘરના ખર્ચને પહોંચી વળવાની ચિંતામાં રહેતાં હોય છે. ટ્રાફિક તથા ભીડભાડમાં મુસાફરી કરવાની હોય છે. અનેક વખત કામની તાણને કારણે ભોજન પૂરતાં પ્રમાણમાં લેવાતું નથી. જેથી શરીર સાંજ પડે થાક કે નબળાઈ અનુભવે છે. આવા સંજોગોમાં વિટામિન સીયુક્ત આહાર આવશ્યક બને છે. હાઈડ્રોક્સાઈટ્રિક એસિડની માત્રા સારા પ્રમાણમાં હોવાને કારણે ગાર્સિનિયા કૈંબોગિયા ફળનું સેવન કરવાથી થાક કે નબળાઈની ફરિયાદ દૂર થાય છે. ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણ હોવાને કારણે શરીરમાં સ્નાયુમાં થતાં દુખાવાથી રાહત મળે છે.

**વિટામિન સી ધરાવતું ફળ :** માલાબાર ઈમલીમાં વિટામિન સીની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. વિટામિન સી શરીરની અનેક સમસ્યાથી રાહત અપાવે છે. વાગ્યું હોય તે ઘાને ઝડપથી ભરવામાં મદદ કરી શકે છે. દાંત તથા પેઢાંનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદ કરે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તથા પાચનક્રિયાને મજબૂત બનાવવા માટે ઉત્તમ ફળ ગણાય છે.

**ડાયાબિટીસના રોગમાં લાભકારી :** ડાયાબિટીસના દર્દીમાં ઈન્સ્યુલિનની માત્રા ઘટાડવામાં માલાબાર ઈમલીનો ઉપયોગ શ્રેષ્ઠ ગણાય છે. માલાબાર ઈમલીનો ઉપયોગ કરવાથી બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. આ સુપર ફળનું સેવન કરવાથી શરીરમાં હૅપ્પી હાર્મોન વધુ બનવા લાગે છે. પેટના અલ્સરથી બચાવવાની સાથે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. કૉલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**ગાઢ નિંદર માટે ગુણકારી :** ૨૧મી સદીની મોટાપા બાદની કોઈ બીજી મોટી સમસ્યા હોય તો તે છે અપૂરતી નિંદર. માલાબાર ઈમલીનું સેવન કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. વ્યક્તિ આનંદિત અનુભવે છે. જેને કારણે રાત્રિના સમયે ગાઢ નિંદર સરળતાથી આવી જાય છે.

**માલાબાર આમલીનું સેવન કેટલી માત્રામાં કરવું જોઈએ :** આપણે બધા જ માહિતગાર છીએ કે 'અતિ સર્વત્ર વર્જયેત્' એટલે કે પ્રમાણભાન રાખીને પ્રત્યેક પદાર્થનું સેવન કરવું જોઈએ.

નિષ્ણાત આહારતજજ્ઞોનું કહેવું છે કે એક સપ્તાહમાં ૫૦૦ ગ્રામ માલાબાર ઈમલીનું સેવન કરવું હિતાવહ છે. દિવસમાં ત્રણ વખત તે ખાઈ શકાય. વજનને નિયંત્રણમાં રાખવા માટે ભોજન પહેલાં તેનો ઉપયોગ કરવો જોઈએ. ભોજન દરમિયાન કે ભોજન બાદ તેનો ઉપયોગ ટાળવો. પ્રત્યેક ભોજનના એક કલાક પહેલાં માલાબાર ઈમલીનો ઉપયોગ ઝડપી ફાયદાકારક રહે છે. ■

## મલાબાર ઈમલી પીણું



**સામગ્રી :** ૨ નંગ માલાબાર ઈમલીના ફળ, ૨ લિટર પાણી, ૨ ચમચી ગોળ, ૧ ચમચી શેકેલાં જીરુંનો પાઉડર, સ્વાદાનુસાર સંચળ

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ૨ લિટર પાણીને ઉકાળવા મૂકવું. તેમાં ૨ નંગ માલાબાર ઈમલીના ફળને કાપીને ઉમેરવાં. ૨ ચમચી ગોળ, શેકેલાં જીરાનો પાઉડર તથા સ્વાદાનુસાર સંચળ ઉમેરીને ૫ મિનિટ વધુ ઉકાળી લેવું. પાણી ઠંડું થાય ત્યારબાદ ભોજનના ૧ કલાક પહેલાં ગાળીને ૧ ગ્લાસ પી લેવું. નિયમિત એક મહિના સુધી કરવાથી આપને સ્વયં વજનમાં ફેરફાર દેખાશે. ઉપરોક્ત પ્રયોગ કરતાં હોઈએ ત્યારે ફાસ્ટ ફૂડ તેમજ તળેલી વાનગીનો ઉપયોગ બને ત્યાં સુધી ટાળવો આવશ્યક રહેશે.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ચક્કર કે મૂર્છા આવવી



આ વખતે જાણીએ કે કોઈને અચાનક ચક્કર આવવા લાગે તો પ્રાથમિક સારવારરૂપે શું ઉપચાર કરવા...

## મૂર્છા આવવાનાં લક્ષણ

- મગજને પૂરતું લોહી ન મળતા વ્યક્તિ થોડો સમય બેભાન થઈ જાય છે.
- ધબકારા ઓછા થઈ જવા અને આંખે અંધારા આવવા.
- ચામડી ઠંડી થઈ જવી અને શરીરમાં વધારે પરસેવો વળવો.
- માથું ફરવા લાગે અને શરીરનું સંતુલન ન રહે.
- પેટમાં દુઃખાવો ઉપડે.

ચક્કર આવવાનાં કારણઃ



- બ્લડપ્રેશર કે બ્લડસુગરમાં ફેરફાર થવાથી
- ખૂબ જ ભૂખ અને તરસ લાગવાથી
- શરીરમાં વધુ પડતો દુઃખાવો થવાથી
- વધુ પડતી ઠંડી-ગરમીમાં રહેવાથી
- ખૂબ જ માનસિક બોજમાં જીવવાથી

## મૂર્છા આવે ત્યારે આપણે શું કરવું?

- એ વ્યક્તિને જમીન પર ખુલ્લા વાતાવરણમાં વ્યવસ્થિત સૂવડાવી દેવી.
- જો એણે કોઈ ફીટ કપડાં પહેર્યાં હોય તો તરત જ ઢીલાં કરી નાખવાં.
- બંને પગ ઊંચા કરવા, જેથી મગજ સુધી લોહી પહોંચે.
- મૂર્છા ઊતરી ગઈ હોય, તો પણ એને ૧૫-૩૦ મિનિટ સુધી સુવડાવી રાખવા. ત્યાર પછી ધીરે-ધીરે ઊભા કરવા.
- ખાંડવાળું પાણી કે ફ્રૂટજ્યુસ પિવડાવવું.

## આપણને ખુદને ચક્કર કે મૂર્છા આવે ત્યારે શું કરવું?

- તરત જ જે કાંઈ ક્રિયા કરતા હોય તે બંધ કરીને નજીકની ખુલ્લી જગ્યામાં બંને પગ માથાથી ઊંચા રહે તે રીતે સૂઈ જવું.
- અથવા બંને પગ વચ્ચે માથું રહે તે રીતે બેસી જવું, જેથી મગજને લોહી મળે.
- ઊંડા શ્વાસ લેવા, જેથી મગજને પ્રાણવાયુ મળે.
- મૂર્છા ઊતરી ગયા પછી ૧૫-૨૦ મિનિટ સુધી સૂઈ રહેવું. ત્યાર પછી ધીરે-ધીરે ઊભા થવું.

## ચક્કર કે મૂર્છાના ઉપચાર

૧) શરીરમાં પાણીનું પ્રમાણ જરૂર કરતાં ઓછું ન થઈ જાય તે માટે વરિયાળી અને સાકરનું પાણી પીવું.

૨) હાથની આંગળી વડે કાનને ખેંચવો. જેથી કાનનું પ્રેશર સંતુલિત રહે છે અને મગજને લોહી મળે છે.

૩.) નાકમાં હૂંફાળાં ઘીનાં ચાર-પાંચ ટીપાં નાખવાં. જેથી મગજને શુદ્ધ પ્રાણવાયુ મળે.

૪) બેભાનીમાં નાકમાં મરીનું ચપટી ચૂર્ણ ભૂંગળી વડે ફૂંકતા તરત જ દર્દી ભાનમાં આવે છે.

## વારંવાર આવતા ચક્કરના અસરકારક ઉપચાર

૧) આમળાનું ચૂર્ણ અને સાકર બંને ૧-૧ ચમચી ઘી સાથે રોજ લેવું.

૨) એકાદ ચમચી બદામનો ભૂકો, ૧ ચમચી ઘી અને સાકર દૂધ સાથે લેવું.

૩) અડધી ચમચી ઘી- ૧ ગ્રામ મરીનું ચૂર્ણ અને અડધી ચમચી સાકર ભેગું કરીને લેવું.

૪) તુલસીના ૧૦ પાન સાથે ૨ મરી સવાર-સાંજ ચાવવા.

## મુસાફરીમાં બેચેની થાય તો શું કરવું?

**લક્ષણઃ** ઊલટી થવી, ચક્કર આવવા, માથું દુઃખવું, શ્વાસ લેવામાં તકલીફ થવી, શરીરમાં બેચેની અનુભવવી વગેરે.

કારણ....

મુસાફરી દરમિયાન જ્યારે આંખ અને કાન દ્વારા મગજને શરીરની ગતિ વિશે વિરોધાભાસી સંકેતો મળે છે ત્યારે બેચેની થાય છે. આપણે ગાડી, બસ, સ્ટીમર કે પ્લેનમાં મુસાફરી કરતા હોઇએ ત્યારે આપણે એક જગ્યાએ બેઠા હોવાથી આંખ મગજને શરીરની સ્થિરતાના સંકેતો પહોંચાડે છે. તે જ વખતે વાહનનાં થતાં હલન-ચલન અને વાઇબ્રેશનને કારણે જાણે શરીર હલન-ચલન કરી રહ્યું છે, એવા સંકેતોને કાન મગજને પહોંચાડે છે. આમ જ્યારે આંખ અને કાન દ્વારા મગજને વિરોધાભાસી સંકેતો મળે છે ત્યારે મુસાફરી દરમિયાન શરીરમાં કોઇક રીતે બેચેની કે ગભરામણ અનુભવાય છે.

**ઉપચારઃ** મુસાફરી પહેલાં આદુંના ૧-૨ નાના ટુકડા ખાઇ લેવા.

મુસાફરી દરમિયાન મોઢામાં લવિંગ, એલચી કે તજ રાખી ચૂસતા રહેવું.

હૂંફાળા પાણીમાં ૧ ચમચી મધ તથા અડધા લીંબુનો રસ મેળવીને પીવું.

૧ ગ્લાસ સફરજનનું તાજું જયૂસ પીવું.

## સાવધાની...

* મુસાફરી પહેલાં કે તે દરમિયાન ભારે, તળેલાં, મસાલેદાર અને નશાવાળા (ચા, કોફી વગેરે) પદાર્થો ન લેવાં.
* સાવ ભૂખ્યા પેટે પણ મુસાફરી ન કરવી.
* માથું શકય હોય એટલું ઓછું હલાવવું.
* મુસાફરી દરમિયાન વાંચવાની કે ટી. વી. જોવાની ટેવ ન પાડવી.
* ગાડીમાં આગલી સીટે ન બેસવું અને અમુક સમયે બારીમાંથી બહાર જોતા રહેવું.
* વિમાનની મુસાફરી દરમિયાન બારીની સાઇડની અને પાંખોની સીટની માંગણી કરવી. કેમ કે, ત્યાં ખૂબ જ ઓછા ધક્કાઓ લાગવાની સંભાવના હોય છે.
* મુસાફરી દરમિયાન તાજી હવા લેતા રહેવું. જે વાહનોમાં પાછળની સીટોમાં ઓછી બારીઓ હોય છે, ત્યાં હવાનું વ્યવસ્થિત પરિભ્રમણ હોતું નથી. તેથી આ બીમારી અનુભવાતી હોય છે. માટે ગાડીમાં બેઠા હોઇએ ત્યારે માત્ર એ. સી.ની ઠંડી હવા પર નિર્ભર ન રહેતા અમુક સમયે ગાડીની બારીઓ ખોલતા રહેવું.
* જયારે વધારે મુશ્કેલી અનુભવાય ત્યારે આંખો બંધ કરી ઊંડા શ્વાસ લેવા. શાંત સંગીત સાંભળતા રહેવું.
* જે વાહનોમાં સામ-સામે સીટો હોય (જેમ કે ટ્રેન, બોટ) તેમાં વાહન જે દિશામાં જતું હોય તે દિશા તરફની સીટમાં બેસવું.
* અમુક લોકો પહેલેથી જ એવી માનસિકતા રાખતા હોય છે કે, મુસાફરી દરમિયાન તેમને તકલીફ થશે જ, પરંતુ તે ખોટી માનસિકતાનો ત્યાગ કરવો. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# કફ-શરદી-ખાંસી વખતે શું કરવું?



ઋતુઓની વિવિધતા ધરાવતો આપણો ભારત દેશ જ્યાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, શિશિર અને હેમંત ઋતુઓ આવે છે. દરેક ઋતુ પોતાની એક આગવી મહત્ત્વતા ધરાવે છે. વસંતઋતુની એક અલગ વિશેષતા છે. ચારે બાજુ સુગમ વાતાવરણ, ફૂલોની મહેક, નવી કૂંપળો ફૂટવી, આવો સૌંદર્યનો વૈભવ આ ઋતુનો છે. તાજગી અને નવચેતન બક્ષે છે. તેથી જ તેને ઋતુરાજનું બિરુદ મળ્યું છે. વસંતપંચમી, હોળી અને ધુળેટી જેવા આનંદવર્ધક તહેવારો આવે છે. ફૂલ-ફળની અધિકતા રહે છે. જે શરીરને નવચેતન આપે છે.

વસંત ઋતુમાં કફની અધિકતા રહે છે. ઠંડીની ઋતુમાંથી ગરમી તરફ મોસમ આગળ વધે છે. ત્યારે શરીરમાં જામેલો કફ પાતળો થાય છે. તે શરદી, ખાંસી અને ચામડી દ્વારા બહાર ફેંકાય છે. શરીર પોતાનું સંતુલન બનાવી રાખવા કફને પાતળો કરી બહાર ફેંકે છે. ગળામાં દુઃખાવો, નાકમાં દુઃખાવો, શરદી, ખાંસી થાય છે. કફ અધિક માત્રામાં હોય તો ભારીપણું લાગે છે. ઉદાસીનતા, સુસ્તી જેવું જણાય છે. ઘણીવાર તાવ પણ આવે છે. શરીર પોતાને સાફ રાખવા માટે આ સ્થિતિ બનાવે છે. જે એક ગુણાત્મક વિજ્ઞાન છે.

શિયાળાની ઋતુમાં વધુ ઘીવાળી મીઠાઇઓ, ચીકી, ગજક અન્ય વસાણા યુક્ત મીઠાઇઓના સેવનથી કફ જામી જાય છે. વસંત ઋતુમાં તે પાતળો થઇ બહાર નીકળે છે. ગળામાં સોજો આવવો, ભારીપણું લાગવું, આંખ ભારી થવી, છાતી પર ભાર જેવું લાગે, નાક વહેવું, અવાજ ઘોઘરો થવો, ગળામાં કાંઇ અટકતું હોય તેવું જણાવું વગેરે લક્ષણો દેખાય છે.

અસ્થમાના દર્દીઓને પણ આ ઋતુમાં થોડી વધુ તકલીફ જણાય છે. શ્વાસ ભારી થવો, તાવ, ન્યુમોનિયાની અસર દેખાય છે. આ બધાના કારણ શરીરની પ્રતિરક્ષા પ્રણાલી નબળી છે તે જણાવે છે. બાળકોને પણ શરદી, ખાંસી, તાવ જણાય છે. જે તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તો સામાન્ય શરદી, ખાંસી કે ચામડી પર ખંજવાળ આવવી એ કોઇ રોગ નથી. તકેદારી રાખીને રોગપ્રતિકારક શક્તિ વધારવાના પ્રયત્ન કરવા દવાઓથી સાજા થવું તે વધુ યોગ્ય નથી. આનાથી શરદી, ખાંસી દબાઇ જાય છે. જડમૂળથી નીકળતા નથી.

શરદી, ખાંસી, કફ નીકળતા હોય ત્યારે કોઇપણ જાતનો ભારે ખોરાક કે ન પચતો ખોરાક ન લેવો. સુપાચ્ય અને પચવામાં હલકો ખોરાક લેવો જોઇએ. ચીકાશવાળી વસ્તુઓ બંધ કરી દેવી જોઇએ. શરદી જણાય ત્યારે નાક પર બરફ ઘસવો જોઇએ. તુલસી, ફુદીનો, મરીને પાણીમાં ઉકાળી લેવા જોઇએ. નાગરવેલના પાનનો ઉપયોગ કરવો. છાતી કફનો ભરાવો હોય તો નાગરવેલના પાન છાતી પર બાંધી ઉપર કપડાથી શેક કરવો. જેથી કફ પાતળો થઇ નીકળી જાય છે.

ઇમ્યુનિટી ઓછી થાય માટે ખાંસી આવે છે. તે માટે ધાણી લેવી. જુવારની ધાણી, મકાઇની ધાણી તેમાં તેલ કે ફલેવર ન હોવા જોઇએ. દારૂ હળદરની ચટણી બનાવી જમવામાં લેવી. રોટલી કે રોટલા પર ઘી ન લગાવવું. દહીં, છાસ કે ચીકણા પદાર્થ ન લેવા. એલોવીરાની તાજી જેલ ખાવી. વેખંડનો લેપ લગાડવો આનાથી શરદી કફ જલદી સાજા થઇ જાય છે.

શરદી, કફ કે ગળાના દર્દમાં દાડમ સૌથી સારું પરિણામ આપે છે. સફરજનનો સુપ, પેરુનો સુપ, પાલકનો સુપ લેવા જોઇએ. સુપમાં સફેદ મરીનો ચપટી પાઉડર નાખી લેવો. અશ્વગંધાની ચહા (ઉકાળો) બનાવી લેવો. જેઠીમધનો ઉકાળો લેવો જેથી કફ પાતળો બની નીકળી જાય છે. જમવામાં રોટલો કે રોટલી ચટણી સાથે ખાવી તેલવાળા શાક ન લેવા. ગળાના સોજામાં ઠંડા પાણીનો નેપકીન ગળા પર રાખવો. શરીર પર હલકા હાથે માલિશ કરવી. ખુલ્લી હવામાં ઊંડા શ્વાસ લેવા, થોડી માવજતથી શરદી, કફ, ગળાના દર્દ સાજા થઇ જાય છે.

બજારૂ દવામાંનો ઉપયોગ હાનિકારક છે. કફ-શરદી સીરપ જે ઘાસતેલ અને ફિનાઇલથી બને છે તે ટાળવા. ઘરમાં કપૂર, લોબાન કે ગૂગળના ધૂપ કરવા. જેથી હવામાના વાઇરસ શરીર પર હુમલો ન કરે. ગાયના છાણા પર કડવા લીમડાના પાન અને ઘી નાખી ધૂપ કરી શકાય છે જે વાઇરસને દૂર ભગાડે છે. છાણાના ઉપલા બજારમાં મળે છે. ઇમ્યુનિટી વધારવા જરૂર છે.

બાળકોને બજારુ ખાણાપીણાથી દૂર રાખી ઘરે જ ખાવાનું બનાવો. આજની યુવા પેઢી બહારના ખાદ્ય-પદાર્થ પર નિર્ભર રહે છે, જે તેને કમજોર બનાવી રહી છે. બિસ્કિટ, બ્રેડ, બટર, ખારી, ટોસ, આઇસક્રીમ જેવી વસ્તુઓ ખરાબ ઘી નાખી બનાવાય છે. ઘી નકલી તે હાઇડ્રોજન નાખી બનાવાય છે. જેનાથી શરદી, ખાંસી, કફ વધી જાય છે.

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# માનવ પોતાની સતત ચાલતી શોધ દ્વારા શું ઈચ્છે છે?

### અદ્યાત્મ પથ

માનવમાં એક દિવ્ય અસંતોષ છે. માનવ એક પ્રકારના ગહન અસંતોષથી પીડિત છે. માનવ સતત કોઈક પ્રકારનો 'અભાવ' અનુભવી રહ્યો છે. કાંઈક ખૂટતું હોવાની આ લાગણી (Sense of incompleteness) માનવચિત્તને સતત કોરી ખાય છે. માનવ આ 'અભાવ'ની પીડાથી મુક્ત થવા માટે બહુ આકળ-વિકળ થાય છે, પરંતુ તેનો પાટો બાઝતો નથી.

આપણે સમજી લેવું જોઈએ કે માનવ પોતાની સતત ચાલતી શોધ દ્વારા વસ્તુતઃ શું ઈચ્છે છે? પ્રથમ દૃષ્ટિએ જોતાં તો એવું લાગે છે કે માનવી અનેક, અગણિત, અપરંપાર વસ્તુઓ ઈચ્છે છે. માનવની ઈચ્છાઓનો અંત જ ક્યાં છે? માનવની ઈચ્છાઓ અનેક, અનેકવિધ અને અનેકવિધ વિષયોની હોવા છતાં વસ્તુતઃ માનવ ઈચ્છે છે - પૂર્ણ આનંદ, પૂર્ણપ્રેમ, પૂર્ણ સ્વતંત્રતા, પૂર્ણજ્ઞાન, પૂર્ણશક્તિ, પૂર્ણ શાશ્વત હસ્તિ (અમરત્વ). આ બધાં તત્ત્વોના સરવાળાનો અર્થ છે- માનવ પૂર્ણત્વ પામવા માટે આતુર છે, પ્રયત્નશીલ છે.

એવું શું છે, જે માનવને આ બધું આપે? માનવજીવનમાં એવું કયું તત્ત્વ છે, જેમાં માનવની શોધના આ સર્વ તત્ત્વો પ્રતિષ્ઠિત છે? આ તત્ત્વ છે - માનવનું કેન્દ્રસ્થ તત્ત્વ આત્મા અર્થાત્ માનવ પોતે જ!

માનવ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. માનવ આત્મા સત્ હોવાને નાતે અજરઅમર છે અને પૂર્ણ સ્વતંત્ર છે.

માનવ આત્મા ચિદ્ હોવાને નાતે પૂર્ણજ્ઞાનસ્વરૂપ અને પૂર્ણ શક્તિસ્વરૂપ છે.

માનવ આત્મા આનંદ હોવાને નાતે પૂર્ણ આનંદસ્વરૂપ અને પૂર્ણ પ્રેમસ્વરૂપ છે. માનવ સ્વરૂપતઃ આત્મા છે. આત્મા હોવાને નાતે સચ્ચિદાનંદ સ્વરૂપ અર્થાત્ પૂર્ણ છે.

માનવ જો પૂર્ણ છે તો તેને 'અભાવ' શા માટે સાલે છે? પૂર્ણને શાનો અભાવ? પૂર્ણને અભાવ શા માટે? આ જ જીવનનો મૂળભૂત અધ્યાસ છે; આ જ જીવનની મૂળભૂત અવિદ્યા છે; આ જ જીવનનું મૂળભૂત અજ્ઞાન છે. પૂર્ણને અજ્ઞાનવશ અપૂર્ણ હોવાનો ભ્રમ થયો છે. પાણીને તરસ લાગી છે.

પ્રશ્ન એ છે કે આ અધ્યાસ આવ્યો ક્યાંથી? આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેનામાં આવું અજ્ઞાન ક્યાંથી આવ્યું? અજ્ઞાન ક્યાંયથી આવ્યું નથી. અજ્ઞાનને શીખવાની શાળાઓ નથી હોતી. આ અજ્ઞાન તો નૈસર્ગિક રીતે જ છે. ભગવાન શંકરાચાર્ય તેમના શ્રીમદ્ ભગવદ્ગીતા પરના ભાષ્યમાં આ પ્રશ્નનો સુંદર ઉત્તર આપે છે -

નૈસર્ગિકોડયં અધ્યાસઃ।

આ નૈસર્ગિક અધ્યાસ તો છે જ. કોઈ સ્થાનમાં પ્રકાશ પ્રગટે ત્યાર પહેલાં તે અંધકાર હતો. આ અંધકાર ક્યાંથી આવ્યો? આ અંધકારને કોણે પ્રગટાવ્યો? આ અંધકાર ક્યાંયથી આવ્યો નથી અને આ અંધકારને કોઈએ પ્રગટાવ્યો નથી. આ અંધકાર તો નૈસર્ગિક સ્વરૂપે છે જ.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. માનવ અજ્ઞાનવશ પોતાના આત્મસ્વરૂપમાંથી ચ્યુત થયો છે. આ સ્વરૂપચ્યુતિ જ આપણા અભાવનું અને તજ્જન્ય સર્વ ઈચ્છાઓનું કારણ છે. માનવ પોતાની આ સ્વરૂપચ્યુતિમાંથી મુક્ત થાય અને પોતાના આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય, તેટલું જ કરવાનું છે.

હવે પ્રશ્ન એ છે કે આ સ્વરૂપચ્યુતિમાંથી મુક્ત થવું કેવી રીતે? પોતાના આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થવું કેવી રીતે?

તે માટે કોઈ વિદ્યા છે? હા, તે વિદ્યાનું નામ છે - અધ્યાત્મ વિદ્યા. તે પથનું નામ છે - અધ્યાત્મપથ. સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટેનો જે પથ છે, તે અધ્યાત્મપથ છે.

અધ્યાત્મ = અધિ + આત્મા. અધિ એટલે તરફ. આત્મા તરફ વળવું તે જ અધ્યાત્મ છે.

અહીં 'આત્મા' અને 'સચ્ચિદાનંદ' શબ્દોનો ઉપયોગ થયો હોવાથી કોઈ એમ ન સમજે કે અધ્યાત્મપથ દ્વારા માત્ર જ્ઞાનમાર્ગ સૂચિત થાય છે. ભક્તની ભગવત્પ્રાપ્તિ, આત્માર્થીની આત્મપ્રાપ્તિ, જ્ઞાનીની અદ્વૈતસિદ્ધિ-બ્રહ્મપ્રાપ્તિ, યોગીનું કૈવલ્ય - આ બધાં અધ્યાત્મનાં જ સ્વરૂપો છે. આમાંના કોઈ પણ પથથી વ્યક્તિ તત્ત્વતઃ પોતાના સ્વરૂપને જ પામે છે.

વ્યક્તિ પોતાના અંતરતમને પામે નહિ ત્યાં સુધી તેને સાચી શાંતિ, પરમ કૃતાર્થતા અને અભાવમાંથી આત્યંતિક મુક્તિ મળી શકે નહિ. અરીસામાં પ્રતિબિંબિત થયેલો અગ્નિ કોઈની ઠંડી ઉડાડી શકે નહિ. કારણ કે તે મૂળ અગ્નિની જેમ ઉષ્મા આપી શકે નહિ. તે માટે આપણે બિંબસ્વરૂપ મૂળ અગ્નિ પાસે પહોંચ્યે જ છૂટકો છે. પ્રકૃતિમાં પ્રતિબિંબિત થયેલ આત્માના આભાસની ખોજથી એટલે કે ભોગ દ્વારા માનવી કૃતાર્થતા પામી શકે નહિ. તે માટે સ્વરૂપપ્રાપ્તિ એટલે કે અધ્યાત્મ તે જ ઉપાય છે.

સદીઓ - સહસ્રાબ્દીઓથી માનવજાતે પરમને પામવાના અનેકવિધ સફળ-નિષ્ફળ પ્રયોગો કર્યા છે. આ દીર્ઘ અનુભવમાંથી અધ્યાત્મવિદ્યાનું નિર્માણ થયું છે.



અધ્યાત્મવિદ્યા સ્વરૂપતઃ અનુભવગમ્યવિદ્યા છે, પરંતુ હજારો વર્ષના અનુભવોમાંથી અધ્યાત્મનું એક ભાથું પણ તૈયાર થયું છે, જેનાથી અધ્યાત્મપથ પર ચાલનાર સાધક માટે ઉપયોગી માર્ગદર્શન મળી શકે છે. લાંબા ગાળે અધ્યાત્મવિદ્યાએ એક શાસ્ત્રનું સ્વરૂપ ધારણ કર્યું છે. અધ્યાત્મવિદ્યા એટલે પરમના સાક્ષાત્કારનું શાસ્ત્ર.

પરમ સત્યનાં અગણિત સ્વરૂપો છે, તેને પામવાના અગણિત માર્ગ છે અને આધ્યાત્મિક સાક્ષાત્કારનાં અનેકવિધ સ્વરૂપો છે.

પરમ સત્ય, પરમાત્મા મૂલતઃ એક હોવા છતાં તેનાં અનેકવિધ સ્વરૂપો (પાસાંઓ) છે. તે નિર્ગુણ નિરાકાર છે; તે સગુણ નિરાકાર છે; તે સગુણ સાકાર છે; તે માનવ સ્વરૂપે અવતરે પણ છે; તે વિરાટ સ્વરૂપ પણ છે; તે અંતર્યામી પણ છે અને તેનાં બીજાં કેટલાંયે સ્વરૂપો હશે - આપણે જાણતા નથી. જે અનંત છે, તેના વિશે તે આવો અને આટલો જ છે, તેમ કહેવું તે તેના અનંતસ્વરૂપનો ઈનકાર કરવા બરાબર છે.

સાધક પરમાત્માના કોઈ એક કે વધુ સ્વરૂપોનો સાક્ષાતકાર પામી શકે. પરમસત્તાના આ ભિન્ન ભિન્ન સ્વરૂપો અને તેમના સાક્ષાત્કાર મૂલતઃ એક જ હોવા છતાં સંપૂર્ણતઃ એક જ છે તેમ નથી. પ્રત્યેક સાક્ષાત્કારની વિશિષ્ટ લાક્ષણિકતા પણ હોય છે. એક જ મહાસત્તાના ભિન્ન ભિન્ન પાસાંઓના આ સાક્ષાત્કાર છે. મીરાં અને રમણ બંને સત્યને પામે છે, પરંતુ બંનેના સાક્ષાત્કારનું સ્વરૂપ સર્વથા સમાન છે, તેમ ન કહી શકાય.

અધ્યાત્મપથ અનંતની યાત્રા છે. આધ્યાત્મિક વિકાસનો કોઈ અંત નથી. પરમ તો અનંત છે અને અનંતને પૂર્ણતઃ કોણ પામી શકે? કીડી સાકરના પહાડમાંથી એક કણ કે થોડા વધુ કણ લઈ શકે પણ આખો પહાડ ઊંચકી શકે નહિ.

પરમની પ્રાપ્તિ સાધ્ય છે. તે સાધ્યને સિદ્ધ કરવા માટે સાધક જે કોઈ ઉપાય, માર્ગ કે પદ્ધતિનું અનુસરણ કરે તે સાધના છે. સાધનાના અર્થાત્ અધ્યાત્મપથના અનેકવિધ સ્વરૂપો છે. આમ હોવાનાં મુખ્યત્વે ત્રણ કારણો છે -

૧. પરમ તત્ત્વનાં અનેકવિધ સ્વરૂપો છે, અનેકવિધ પાસાંઓ છે; તેથી તેને પામવાનાં સાધનો પણ અનેકવિધ હોય તે સ્વાભાવિક જ છે.

૨. સાધકોની રુચિ, પ્રકૃતિ, યોગ્યતા, સંસ્કારો, દેશકાળ આદિ પરિબળો સાધનાના સ્વરૂપને નિર્ધારિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પરિબળોની વિવિધતાને કારણે સાધનાનાં સ્વરૂપોમાં પણ વિવિધતા આવે છે.

૩. માનવજાત પાસે અધ્યાત્મપથનો એક વિશાળ વારસો છે. અધ્યાત્મવિદ્યાનું ઘણું ખેડાણ થયું છે. દરેક સમાજનું, દરેક ધર્મનું, દરેક સંપ્રદાયનું, દરેક ગુરુ પરંપરાનું અધ્યાત્મપથમાં એક વિશિષ્ટ પ્રદાન હોય છે. હજારો વર્ષથી ભિન્ન ભિન્ન સમાજ, ધર્મ, સંપ્રદાય અને ગુરુપરંપરામાં ભિન્ન ભિન્ન સાધન પદ્ધતિઓનો વિકાસ થયો છે. અધ્યાત્મપથનો આ સમૃદ્ધ અને અનેકવિધ વારસો પણ સાધનમાર્ગની વિવિધતાનું નિર્માણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ભાવપ્રધાન-હૃદયપ્રધાન વ્યક્તિ પ્રેમપંથનો સાધક છે. તે ભક્તિમાર્ગે આગળ વધતાં પરમતત્ત્વના કોઈ સગુણ સાકાર કે સગુણ નિરાકાર સ્વરૂપને પામે છે.

બુદ્ધિપ્રધાન વ્યક્તિ જ્ઞાનપંથનો સાધક છે અને જ્ઞાનમાર્ગે - સ્વરૂપચિંતનના માર્ગે સત્ - અસત્ના વિવેક દ્વારા પરમ તત્ત્વના નિર્ગુણ નિરાકાર સ્વરૂપને પામે છે.

સાધકના વ્યક્તિત્વનું સ્વરૂપ કાયમ માટે એક જ રહે છે અને તેના સાધનમાર્ગનું સ્વરૂપ પણ કાયમ માટે એક જ રહે છે, તેવું પણ નથી. જ્ઞાનમાર્ગના સાધકો મહાનભક્તો બન્યા હોય તેવાં દૃષ્ટાંતો પણ છે અને તેનાથી ઊલટું પણ બની શકે છે.

આ ત્રણ સાધનમાર્ગનાં પણ અનેકવિધ સ્વરૂપો છે અને વિવિધમાર્ગના સમન્વયની પ્રક્રિયા પણ સતત ચાલતી રહે છે. ખરેખર તો જેટલા સાધકો તેટલી સાધન પદ્ધતિઓ છે. પ્રત્યેક વ્યક્તિ પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે અને તેની જીવનપદ્ધતિ અને સાધનમાર્ગ પણ વિશિષ્ટ હોવાના જ.

એટલું જ નહિ, પરંતુ સાધનપદ્ધતિ પણ સતત વિકસતી પ્રક્રિયા છે. જેમ જેમ સાધક વિકસતો જાય છે, તેમ તેમ તેની સાધન પદ્ધતિ પણ વિકસતી જાય છે. સાધકમાં થતું રૂપાંતર તેની સાધનપદ્ધતિના સ્વરૂપમાં પણ રૂપાંતર કરે જ છે.

ઉપનિષદ (મુ. ઉ. ૧.૫)માં જેને પરાવિદ્યા કહેલ છે, તે જ આ આધ્યાત્મવિદ્યા છે અને તે જ બ્રહ્મવિદ્યા છે.

અધ્યાત્મવિદ્યા શું છે, તે સમજવા માટે તે શું નથી, તે પણ સમજી લેવું જોઈએ. અધ્યાત્મવિદ્યા તત્ત્વજ્ઞાન નથી; અધ્યાત્મવિદ્યા ધર્મશાસ્ત્ર નથી; અધ્યાત્મવિદ્યા નીતિશાસ્ત્ર નથી; અધ્યાત્મવિદ્યા ક્રિયાકાંડ નથી; અધ્યાત્મવિદ્યા ગુહ્યવિદ્યા નથી; અધ્યાત્મવિદ્યા પરિવેશ કે પાંડિત્ય નથી. આ બધાં સાથે અધ્યાત્મવિદ્યાને કોઈ ને કોઈ સ્વરૂપનો સંબંધ છે, પણ તેમાંનું કશું સાક્ષાત્ અધ્યાત્મ નથી, તેટલું સ્પષ્ટ સમજી લેવું આવશ્યક છે. તેમાંના કોઈ પણને અધ્યાત્મ સમજીને તેમાં રમમાણ રહેવામાં આવે તો યથાર્થ અધ્યાત્મની પ્રાપ્તિ થઈ શકે નહિ.

જે ભગવાન સુધી પહોંચાડે તે અધ્યાત્મ; જે આત્મદર્શન કરાવે તે અધ્યાત્મ; જે બ્રાહ્મી સ્થિતિમાં સ્થિર કરે તે અધ્યાત્મ; જેને જાણવાથી કશું જાણવાનું બાકી ન રહે તેવું જ્ઞાન જે આપે તે અધ્યાત્મ; જેને પામ્યા પછી કશું પામવાનું બાકી ન રહે તે આધ્યાત્મિક પ્રાપ્તિ છે; જ્યાં પહોંચ્યા પછી ક્યાંય પહોંચવાનું બાકી ન રહે તે અધ્યાત્મનું લક્ષ્ય છે.

અસ્તિત્વનું કેન્દ્ર ચૈતન્ય છે, તેથી ચૈતન્યનું જ્ઞાન અસ્તિત્વના સર્વજ્ઞાનનું કેન્દ્રસ્થ જ્ઞાન હોય તે સ્વાભાવિક છે. અધ્યાત્મજ્ઞાન સર્વજ્ઞાનનું કેન્દ્રસ્થ જ્ઞાન છે; અધ્યાત્મજ્ઞાન સર્વમાં રહેલાં એકનું જ્ઞાન છે. તેથી જ ભગવાન શ્રીકૃષ્ણ પોતાની વિભૂતિઓ ગણાવતાં અર્જુનને કહે છે -

અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્

ગીતા; ૧૦-૩૨

**'સર્વ વિદ્યાઓમાં હું અધ્યાત્મવિદ્યા છું.'**

આ સર્વોચ્ચ વિદ્યા અધ્યાત્મવિદ્યાનાં અનેક સ્વરૂપો છે. તેમાંનું એક સ્વરૂપ છે - યોગવિદ્યા.

યોગ એક પ્રકારની શારીરિક શિક્ષણની પદ્ધતિ છે; યોગ એક ચિકિત્સા પદ્ધતિ છે અથવા યોગ અસાધ્ય રોગોમાંથી મુક્ત થવાની વિદ્યા છે - આવી ધારણાઓ ખૂબ વ્યાપક પ્રમાણમાં વિસ્તરી રહી છે. કોઈ ઊંચાઈ વધારવા માટે, કોઈ વજન ઘટાડવા માટે, કોઈ બી.પી. ઘટાડવા માટે, કોઈ મોઢા પરના ખીલ મટાડવા માટે, કોઈ સુંદર ચહેરાની પ્રાપ્તિ માટે - આ અને આવા અનેક અને અવનવા હેતુઓની સિદ્ધિ માટે લોકો યોગ પ્રત્યે લગભગ દોડી રહ્યા છે, તેમ જોવા મળે છે.

યોગનાં શિબિરો, સેમિનારો, વર્ગો ખૂબ વ્યાપક પ્રમાણમાં ચાલી રહ્યા છે. બિલાડીના ટોપની જેમ યોગશિક્ષકો ફૂટી નીકળ્યા છે. સૌ પોતાની રીતે યોગ શીખવી રહ્યા છે. અનેક પ્રકારનાં નવાં નવાં આસનો અને પ્રાણાયામો પ્રયોજાઈ રહ્યાં છે અને તેમનો પ્રસાર પણ વધી રહ્યો છે. યૌગિક ક્રિયાઓનું શાસ્ત્રીય સ્વરૂપ લગભગ દબાઈ ગયું છે, એક ખૂણામાં હડસેલાઈ ગયું છે.

હવે કે જ્યારે પરિસ્થિતિ આવી છે, ત્યારે યોગ ખરેખર શું છે; તે સમજી લેવું ખૂબ આવશ્યક છે. કોઈ પણ વિદ્યા જ્યારે અતિ પ્રચાર પામે ત્યારે તે વિદ્યાનું મૂળ સ્વરૂપ ખોવાઈ જાય એવું જોખમ રહેલું છે. યોગવિદ્યા ઉપર પણ આવું જોખમ ઊભું થયું છે. યોગને આ જોખમમાંથી બચાવી લેવાની જવાબદારી યોગાચાર્યો અને યોગશિક્ષકોની છે. યોગવિદ્યાનો અનેકવિધ સ્વરૂપે વિકાસ થાય તો પણ તે પોતાનું મૂળભૂત યથાર્થ સ્વરૂપ ગુમાવી ન બેસે તેની કાળજી આપણે સૌએ રાખવી પડશે.

(ક્રમશઃ) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નખ | BENT |
| નટ | SKY |
| નભ | NAIL |
| નત | ORNAMENT |
| નથ | ACTOR |

### ઓળખાણ પડી?

સેવને ઘીમાં શેકી પાણી અને ખાંડ નાખી બનાવેલી એક વાનગીની ઓળખાણ પડી? કેસર નાખેલા ભાત તરીકે પણ ઓળખાય છે.



અ) માલપુઆ બ) ચિત્રાણા ક) પાયેશ ડ) બિરંજ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | રિ | ૨ શ્ર | ૩ મ | ■ | ૪ ફ | ૫ ના | ફા | તિ | ૬ યા |
| હે | ■ | ૭ મ | જા | ૮ લ | ■ | ડ | ■ | ■ | જ્ઞ |
| ૯ ચા | ૧૦ ર | ણ | ■ | પ્પ | ■ | ■ | ૧૧ ક | મા | વ |
| ૧૨ ન | ખ | ■ | ૧૩ ક | ન | ૧૪ ક | વ | ર્ણી | ■ | લક્ષ્ય |
| ■ | ૧૫ વા | ર | ■ | ૧૬ છ | તા | ■ | ૧૭ કા | ૧૮ ફી | ■ |
| ૧૯ વ | ળી | ■ | ૨૦ ખ | પ્પ | ર | ■ | ૨૧ ર | ક | ૨૨ મ |
| ડ | ■ | ૨૩ ક | ■ | ન | ■ | ૨૪ ર | ■ | ૨૫ ર | હે |
| ૨૬ વા | ઘ | ન | ૨૬અ ખ | ■ | ૨૭ બ | જે | ટ | ■ | ર |
| ન | ■ | ૨૮ ક | ર | ૨૯ ક | સ | ર | ■ | ૩૦ બા | બા |
| ૩૧ લ | ક | વો | ■ | ફ | ■ | ૩૨ જ | લ | પા | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | ■ | | ■ | ૮ | ૯ | | ■ | |
| ૧૦ | | ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| | ■ | | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૫-અ | ■ | |
| | ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | | ■ | |
| ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | | ■ | ૨૨ | ■ |
| ■ | | ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | | ■ | | ■ | ૨૮ | | ■ | |
| | ■ | ■ | ૨૯ | ■ | ૩૦ | | | ■ | |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. ઊથલપાથલ, ફેરબદલી (૬)
૫. સારું, ઉત્તમ (૩)
૭. સૂત્રોચ્ચાર (૨)
૮. જાંઘ, ઉરુ (૩)
૧૦. મિષ્ઠાન (૪)
૧૨. નળ અહીં ઊંધું લખાયું છે (૨)
૧૩. ડર, બીક (૨)
૧૫. રુચિ, ગમવું તે (૨)
૧૬. જવું તે (૩)
૧૮. અવાજ, ધ્વનિ (૨)
૧૯. બીજાની સ્ત્રી (૪)
૨૧. બજાર, દુકાન (૨)
૨૩. અંતઃકરણ, ચેતના (ઉ.) (૩)
૨૫. ધરતી, પૃથ્વી (૩)
૨૭. એક ધાતુ (૩)
૨૮. હું તમને માન આપું (૨)
૩૦. --- પડે ને સૂરજ ઊગે (૩)
૩૧. અમુક સમયની અંદર (૫)
૩૨. સરખાપણું, સામ્ય (૪)

**ઊભી ચાવી**

૧. માપ્યા વિના, ગમે તેમ બોલવું (૬)
૨. છોકરીઓ સ્કૂલમાં પહેરે (૩)
૩. બિલકુલ, છેક, નર્યું (૩)
૪. રિસાવાના સ્વભાવવાળું (જો.છૂ.) (૩)
૫. કાપો, આંકો, સમજ (૨)
૬. યોગ્ય સમયે (૫)
૯. તરવરાટ (૫)
૧૧. વેશ્યા, ગણિકા (૪)
૧૪. આલાપ, ધૂન, તોફાન (૨)
૧૫-અ. જાડી મોટી ચાદર (૨)
૧૭. બિમાર-એક ગુજરાતી શાયર (૩)
૨૦. ભૂંડી હાર (૩)
૨૧. પરાજય (૨)
૨૨. કિંમત, લાગણી (૨)
૨૪. માછલી (૨)
૨૫. સગી મા ના હોય તે (૪)
૨૬. દોષ રહિતતા (૪)
૨૭. ઉગ્ર, આકરું, તેજ (૩)
૨૮. રહેઠાણ, ઘર (૩)
૨૯. પડછાયો, ઓથ, અસર (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'મારી આતુરતાનો અંત આવ્યો' વાક્યમાં 'આતુરતા' શબ્દનો અર્થ જણાવો.

અ) આશ બ) અપેક્ષા ક) ઉત્કંઠા ડ) આળસ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PEDOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પ્રવાસ બ) સ્વભાવ ક) ખેતી ડ) જમીન

### માતૃભાષાની મહેક

હાથ એટલે પંજાવાળો અવયવ જેનાથી લખવા વગેરે ક્રિયાઓ કરવામાં આવે છે. હસ્ત, કર. બાહુ, પાણિ એના પર્યાયવાચી શબ્દો છે. એક હાથે તાળી ન પડે મતલબ કે બીજાની મદદની જરૂર પડે. હાથ ઉગામવો એટલે મારવા તૈયાર થવું. હાથ કરડવા એટલે સ્વાદિષ્ટ પદાર્થનો સ્વાદ મોઢામાં રહી જવો.

### ઈર્શાદ

ચહેરો ઉતારું ને મ્હોરાને પહેરું,
મ્હોરું પહેરીને કેમ જીવવું જી રે ?

- સુરેશ દલાલ

### સુડોકુ-૮૦૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | | | | | | |
| ૭ | | | | | | ૧ | ૪ | |
| | ૮ | | ૩ | | | ૯ | ૨ | ૭ |
| ૩ | ૭ | ૬ | | ૨ | | | | |
| | | | | ૮ | | | | |
| | | | | ૯ | | ૨ | ૩ | ૬ |
| ૧ | ૫ | ૭ | | | ૪ | | ૯ | |
| | ૪ | ૩ | | | | | | ૨ |
| | | | | | | ૪ | ૫ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૫ | ૮ | ૪ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૨ | ૪ | ૭ | ૯ | ૫ | ૩ | ૮ | ૬ | ૧ |
| ૮ | ૩ | ૧ | ૨ | ૭ | ૬ | ૪ | ૫ | ૯ |
| ૪ | ૧ | ૨ | ૬ | ૩ | ૮ | ૫ | ૯ | ૭ |
| ૫ | ૬ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૨ | ૮ |
| ૩ | ૭ | ૮ | ૫ | ૯ | ૨ | ૬ | ૧ | ૪ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૮ | ૬ |
| ૭ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૪ | ૨ |
| ૯ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૫ |

### માઈન્ડ ગેમ

ગુજરાતના 'નાયગ્રા ફોલ' તરીકે ખ્યાતિ મેળવનાર સૌંદર્યથી ખીલી ઊઠતો ચીમેર ધોધ કયા જિલ્લામાં સ્થિત છે એ જણાવશો?

અ) વડો બ) કચ્છ
ક) સાબરકાંઠા ડ) ડાંગ

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખપ | NEED |
| ખર | DONKEY |
| ખટ | SIX |
| ખસ | ITCH |
| ખડ | GRASS |

માઈન્ડ ગેમ
Amphibians


ઓળખાણ પડી?
મખાણા

ગુજરાત મોરી મોરી રે
જંતુ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
સગવડ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ખુશરૂ કાપડિયા (૬) હર્ષા મહેતા (૭) ભારતી બુચ (૮) મુલરાજ કપૂર (૯) નૂતન વિપીન (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મહેશ દોશી (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) ભાવના કર્વે (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) નંદકિશોર સંજાણવાળા (૨૫) નયના ગિરીશ મિસ્ત્રી (૨૬) જગદીશ ઠક્કર (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નિતીન બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અલકા વાણી




**પસ્તાવો તો નહીં, પણ નિરાશા જરૂર થઈ છે. હું જે શોધવા આવ્યો છું તે મને અહીં મળશે ખરું?**

'પાંચેક મિનિટ પછી મારે તમને પરાત્પર લકુલેશ પાસે હાજર કરવાનો આદેશ છે.' નિકુંભઆનંદ બોલ્યો.

મેં આકાશ તરફ નજર કરી. છ-સાત ગીધ ચોકની વચ્ચોવચ્ચના આકાશ પર ઘૂમી રહ્યાં હતાં અને નીચે હજી પેલા અઘોરીઓની તરસ છિપાઈ ગઈ હોય એમ લાગતું ન હતું.

ફક્ત થોડા જ કલાકમાં મેં અહીં જે જોયું તેનાથી મારી સ્વસ્થતા ખોવાઈ ગઈ હતી. અચાનક બે દિવસનો થાક પણ દેખાવા લાગ્યો. શરીર તૂટવા લાગ્યું અને નિરાશાએ જાણે મને ઘેરી લીધો હોય એમ લાગ્યું. આંખ પરના પોપચાં ભારે બનીને આંખ પર ઢળવાં લાગ્યાં. મેં નિકુંભઆનંદને કહ્યું:

'મને દસેક મિનિટ એકાંત જોઈએ, સ્વસ્થ થવા.'

એ મને મારા રૂમ પર દોરી ગયો. માટીના ઘડામાંથી પાણી લઈ મેં મારી આંખો પર છાંટ્યું અને દરવાજો બંધ કરી મનને એકાગ્ર અને સ્વસ્થ કરવા યોગમાં બેઠો.

દસ-બાર મિનિટ પછી સ્વસ્થતા પાછી આવી હતી. મને લાગ્યું હતું કે હવે હું પરાત્પર લકુલેશને મળી શકીશ.

હું અને નિકુંભઆનંદ વિશાળ વરંડામાં થઈને જ એ મકાનના મધ્યભાગ તરફ ચાલ્યા. યજ્ઞકુંડ પાસે હજી અઘોરીઓની એ ભીષણ ધમાલ ચાલુ જ હતી. યજ્ઞનો અગ્નિ હવે બરાબર પ્રગટી ચૂક્યો હતો અને એવી જ્વાળા અઘોરીઓનાં ટોળાંની ઉપરથી પણ દેખાઈ રહી હતી. વરંડાની બાજુમાં આવેલા મોટાભાગના ઓરડા બંધ હતા. જે મોટો ઓરડો પરાત્પર માટે હતો તેની નજીક આવ્યા તે પહેલાંના ઓરડામાં યજ્ઞ માટે સમિધ ભર્યું હતું. મેં એ સમિધના ઢગલામાંથી થોડા લાકડાના ટુકડા લઈ લીધા.

નિકુંભઆનંદ આ જોઈ હસીને બોલ્યો: 'અબ આપ પૂરે સ્વસ્થ નજર આતે હો.'

વેદકાળમાં શિષ્યો જ્યારે ગુરુ પાસે જતા ત્યારે હાથમાં સમિધા લઈને જતા. સમિધા એટલે યજ્ઞમાં હોમવા માટે સૂકાયેલી વનસ્પતિનું લાકડું. આ સમિધા વિદ્યાર્થીની પ્રદિપ્ત જિજ્ઞાસાનું પ્રતીક ગણાતી.

એ ઓરડામાં પ્રકાશ ઓછો હતો. એક ખૂણામાં અગ્નિ પ્રગટી રહ્યો હતો એટલે થોડો ધુમાડો હતો. દરવાજાની સામે દીવાલથી થોડે આગળ એક ઊંચા આસનના વ્યાઘ્રચર્મ પર પરાત્પર બેઠા હતા. એમની આંખો બંધ હતી. એમણે જે રીતે પગને વાળ્યા હતા એ એક વિશિષ્ઠ યોગ મુદ્રા હતી. સામાન્ય રીતે આપણે એમ બેસી ન શકીએ. મેં ક્યારેક હઠયોગીઓને એમ બેસતા જોયા હતા ખરા. એમની બાજુમાં જ બાબા ભૈરવનાથ બેઠા હતા. જમીન પર એક મોટો જાડો કાગળ પાથરીને એના પર એ કોઈ યંત્રની રચના કરી રહ્યા હતા. યંત્ર ખૂબ જ અટપટું અને ભૂમિતિના અનેક આકારના સંયોજનથી બનાવ્યું હોય એમ લાગતું હતું.

મેં ફરીથી પરાત્પર તરફ જોયું. એમનો વર્ણ સફેદ હતો. દાઢી અને જટાના વાળ પણ સફેદ હતા. કપાળ પરની ઊંડી અને ઘણી રેખાઓ એમની મોટી વય દેખાડતી હતી. એ બંને સિવાય અન્ય ત્રણ અઘોરી એક ખૂણામાં બેઠા કંઈક વાટી રહ્યા હતા. કોઈ જડીબુટ્ટી યા તો વનસ્પતિની વિચિત્ર વાસ ત્યાંથી આવી રહી હતી. ભૈરવનાથે મને ઈશારો કરી બેસવા કહ્યું. હું અને નિકુંભઆનંદ પરાત્પરની બરાબર સામે બેસી ગયા. બહાર થતાં કોલાહલ છતાંય એ ઓરડાનું વાતાવરણ એક અદ્ભુત શાંતિમાં ઘેરાયું હતું.

થોડી જ વારમાં પરાત્પર લકુલેશ પ્રત્યે કોઈ અગમ્ય ખેંચાણ થતું હોય એમ મેં અનુભવ્યું. એ એમની પ્રબળ માનસશક્તિથી મારા પર પ્રભુત્વ જમાવવા ઈચ્છતા હોય એમ મને લાગ્યું. પહેલાં તો એ ખેંચાણનો પ્રતિકાર કરવાની ઈચ્છા મને થઈ આવી, પણ બીજી જ ક્ષણે મને એમની સાથે તાદાત્મ્ય સાધવાની ઈચ્છા થઈ આવી. મારે એ અનુભવ લેવો હતો એટલે મેં એમના એ આકર્ષણને અનુકૂળ થવાની શરૂઆત કરી.

બે-ચાર ક્ષણમાં જ વાતાવરણમાં શાંતિ છવાઈ ગઈ. મારી આસપાસ કશું જ ન હોય એવો અનુભવ મને થયો. ચારે બાજુ અને ઉપર નીચે પણ અંધકાર સિવાય જાણે કશું જ નહોતું. ન અવાજ, ન પ્રકાશ, ન કાળનું બંધન. મારા માટે એ અનુભવ કંઈ નવો નહતો. એ પછી થોડા સમયે ભૂમિતિના આકારનાં વિચિત્ર યંત્રો મારી આસપાસ રચાવા લાગ્યાં. એ રેખાઓ મારી નજીક અને વધુ નજીક આવવા લાગી. એમનાં એ યંત્રોની જાળમાં ફસાવાની જરા પણ ઈચ્છા ન હોવાથી મેં ફરીથી મારી પ્રતિકાર શક્તિને કામે લગાડી. આકર્ષણ તૂટ્યું તેવી જ મેં આંખો ખોલી નાખી. આ યંત્રજાળથી ચેતવવા બદલ મેં મનોમન સ્વામી શિવાનંદનો આભાર માન્યો. એમણે જબલપુરથી માંડલા જતાં જીપમાં જ અઘોરીઓનાં ચમત્કારિક યંત્રોના બંધનની વાત કરી હતી.

મેં આંખ ખોલી કે તરત જ પરાત્પરે પણ આંખો ખોલી. ક્ષણભર અમે બંને એકબીજાને તાકતા રહ્યા. મેં આગળ ઝૂકીને એમના પગ પાસે સમિધાનો ઢગલો કર્યો. એમણે ધીર ગંભીર અવાજે પૂછ્યું:

'કઈ જિજ્ઞાસાથી અહીં આવ્યા છો?'

'આપ મારી સમિધા સ્વીકારો છો?' મેં પૂછ્યું.

'અવશ્ય.' એમણે ચહેરાની તંગ રેખાઓને કંઈ ઢીલી કરતાં કહ્યું.

'હું મારા જ્ઞાનને ચકાસવા આવ્યો છું અને આપની પાસેથી જ્ઞાન લેવા આવ્યો છું.' મેં નમ્રતાથી કહ્યું, પછી ઉમેર્યું:

'જીવન રહસ્યને જાણવું એ જ મારી જિજ્ઞાસા છે!'

સ્વામી શિવાનંદે કહ્યું હતું કે 'તમે જીવનરહસ્યને જાણ્યું છે!'

એમણે આશ્ચર્યના ભાવ સાથે પૂછ્યું :

'આ મારા મિત્ર સ્વામીએ કંઈક મારી વધુ પડતી પ્રશંસા આપની સામે કરી હશે.'

મેં કહ્યું:

'જીવનના રહસ્યને જ હું અંતિમ સત્ય માનું છું અને સત્ય હંમેશાં આપણાથી બે કદમ આગળ ચાલે છે.'

'સત્ય અંતિમ નથી હોતું. છેક છેલ્લે જ પામી શકાય એવું સત્ય તો સનાતન છે. સત્ય સત્ય જ છે.' એ ચર્ચામાં ઘસડાયા એટલે મને આનંદ થયો :

'સત્ય જ્ઞાનથી જ પામી શકાય છે અને તમે જે વાત કરો છો તે હકીકતની - પદાર્થની કરો છો.'

એ કંઈક ગૂંચવાયા અને પૂછી બેઠાઃ

'કૈસે?'

'હજારો વર્ષ પહેલાં આપણે આ પૃથ્વીને સ્થિર અને બ્રહ્માંડનું કેન્દ્ર માનતા હતા. સૂર્ય-તારાઓને આપણે આપણી આસપાસ ઘૂમતા અનુભવતા હતા. હકીકતમાં તો ત્યારે પણ સૂર્યની આસપાસ પૃથ્વી અને અન્ય ગ્રહો ઘૂમતા હતા. સૂર્ય પણ બ્રહ્માંડની એક રજકણની જેમ ક્યાંક ફેંકાઈ રહ્યો છો, પણ પૃથ્વીને કેન્દ્રમાં રાખીને વિચારતા માનવી માટે એ ત્યારના જ્ઞાન પ્રમાણે સત્ય જ હતું. આજના આપણા જ્ઞાન પ્રમાણે પૃથ્વી, સૂર્ય, નિહારિકાઓ, વિશ્વો અને બ્રહ્માંડની ગતિ પણ સત્ય છે, પણ કાલ વધુ જ્ઞાન મળતાં એ કદાચ અસત્ય પણ પુરવાર થાય માટે સત્ય, સત્ય હોવા છતાં અજ્ઞાનના કારણે આપણે એને પામી શકતા નથી. બીજા શબ્દોમાં કહું તો સત્યનું જ્ઞાન એ જ અંતિમ સત્ય હોઈ શકે.'

એમને સાંભળવાને બદલે એમને હું સંભળાવી રહ્યો છું એનું ભાન થતાં જ અટક્યો અને કહ્યું:

'એટલે જ એ અંતિમ સત્યના જ્ઞાનની શોધમાં તમારી પાસે મારી સમગ્ર જિજ્ઞાસા લઈને આવ્યો છું.'

'પ્રશ્ન પૂછો. હું જવાબ આપીશ. જિજ્ઞાસુઓએ હંમેશાં સવાલ પૂછવા જોઈએ.' એમણે ધીર ગંભીર અવાજે કહ્યું.

'તમારા મત પ્રમાણે બ્રહ્માંડ, વિશ્વ, સૂર્યમંડળ અને આ પૃથ્વી પર જીવનની ઉત્પત્તિ કયા હેતુથી થઈ છે?'

'વૃદ્ધિ પામવા માટે, વિસ્તરવા માટે.'

'વધુ સ્પષ્ટતા ઈચ્છું છું. શાની વૃદ્ધિ, શાનો વિસ્તાર?'

'આ સૃષ્ટિ ભોગપ્રધાન છે. અહીં ભોગ ઉપભોગનો જ વિસ્તાર શક્ય છે. બ્રહ્માંડના મૂળ જડ પદાર્થને જ્યારે ચેતનાએ ભોગવ્યું ત્યારે જ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. સૂર્યે પૃથ્વીને ભોગવી ત્યારે જ આ પૃથ્વી પર જીવન ઉત્પન્ન થયું. ચેતના જડને ભોગવે એ જ આ સૃષ્ટિ - સમગ્ર બ્રહ્માંડનો મૂળ હેતુ છે. ભોગથી જ કાળ વિસ્તાર પામે છે અને ભોગથી દ્રવ્ય અને ચેતના પણ વિસ્તાર પામે છે. અગ્નિ સમિધને ભોગવે છે તેમ પુરુષે પ્રકૃતિને ભોગવવી જોઈએ.. આ વિશ્વમાં એક માત્ર કાળ સત્ય છે. કાળના ક્ષયથી જ ભોગની વૃદ્ધિ થાય છે. સુજ્ઞોએ એટલે જ આ કાળને ભોગવવો જોઈએ.'

'કાળને સત્ય તરીકે કેવી રીતે ઓળખી શકાય?' મેં પૂછ્યું.

'ક્ષણના સ્વરૂપે દરેક ક્ષણ એ કાળનું સૂક્ષ્મતમ રૂપ છે અને પ્રત્યેક ક્ષણ સત્ય છે.'

'કાળને ભોગવવાથી શું પ્રાપ્ત થાય છે?'

'પ્રત્યક્ષ રીતે શક્તિ અને પરોક્ષ રીતે મુક્તિ'

'વિસ્તારથી સમજાવવાની પ્રાર્થના કરું છું!' મેં નમ્રતાથી કહ્યું.

'કાળનું પ્રાકૃતિક અને ભૌતિકરૂપ સ્ત્રી છે. સ્ત્રીને ભોગવવાથી જ પુરુષ વિસ્તાર પામે છે. વૃદ્ધિ પામે છે. એની શક્તિમાં અગણિત વધારો થાય છે એ શક્તિ જ આખરે પુરુષને મુક્તિ આપે છે. અર્થાત્ શક્તિવાનને જ મુક્તિ મળે છે.'

'આપ કંઈ શક્તિની વાત કરો છો?'

'પ્રકૃતિને ભોગવવાની શક્તિની. એ શક્તિ મંત્ર દ્વારા પ્રાપ્ત થાય છે. મંત્ર યોગ દ્વારા પ્રાપ્ત થાય છે. સ્ત્રી- પુરુષ સંભોગ એ સર્વશ્રેષ્ઠ યોગ છે. એ યોગ જેમ જીવનની શરૂઆત છે એવી જ રીતે મૃત્યુ એ એનો અંત છે.'

'સ્ત્રી પુરુષને ભોગવે કે પુરુષ સ્ત્રીને ભોગવે છે? .' મેં પૂછ્યું.

'હકીકતમાં બંને સ્ત્રી-પુરુષ ચેતનાઓ વિશ્વના જડ તત્ત્વને એટલે કે સ્ત્રી-પુરુષરૂપી શરીરને ભોગવે છે. આ શક્તિ પ્રાપ્ત કરવાનો સંયોગ છે.'

'મૃત્યુ પછી શક્તિઓનું શું થાય છે?'

'પ્રકૃતિમાં ફરી વિલીન થાય છે. અન્ય પુરુષ-ચેતના એને ભોગવીને ફરી પ્રાપ્ત કરે છે. કાળનું ચક્ર એમ જ ચાલ્યા કરે છે.'

મેં આગળ કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં. એમના જ્ઞાનમાં ગૂંચવાડાઓ સિવાય કશું હતું નહીં. અનંત પ્રશ્નો પૂછ્યા કરું છતાંય એ પોતાની માન્યતાઓના વર્તુળમાંથી બહાર નીકળશે નહીં એમ મને લાગ્યું. અંતે મેં કહ્યું:

'મારા માટે આજે આટલું પર્યાપ્ત છે એમ મને લાગે છે.'

એમણે ગર્વથી કહ્યું: 'જીવનનું સનાતન સત્ય મેં તને કહ્યું છે. આ પચાવવું મુશ્કેલ છે. તું અહીં આ શક્તિનો પ્રત્યક્ષ પરિચય કેળવે એમ હું ઈચ્છું છું.'

'એ જ મારો આશય છે. આપે સુવિધા આપી મને ઉપકૃત કર્યો છે એ બદલ હું આપનો ખૂબ આભારી છું.'

એ પછી એમણે મને કેટલાંક પ્રશ્નો મારા વિશે પૂછ્યા. મારા કેટલાંક અનુભવો મેં એમને સંભળાવ્યા અને મેં વિદાય લીધી.

એક પછી એક ઝડપથી બનતા બનાવો અને પરાત્પરની મુલાકાત પછી હું થાક્યો હતો. કંઈક શાંતિની અને શાંતિથી વિચારવાની જરૂર હતી. મેં નિકુંભઆનંદને કહ્યું:

'અહીં નજીકમાં મકાનની બહાર આપણે જંગલમાં ફરીએ એવી મારી ઈચ્છા છે.' એણે સમ્મતિ આપીઃ

'આપ અહીં થોભો. હું મારું ત્રિશૂળ લાવું છું.' એમ કહી એ ચાલ્યો ગયો. ત્યાંનું ભયાનક વાતાવરણ મને ગૂંગળાવતું હતું. લોહી-માંસની વિચિત્ર વાસ અને અઘોરીઓના ભયાનક ચહેરાઓ મને થયું કે મારું માનસિક સંતુલન ખોઈ બેસીશ.

પરાત્પરની મુલાકાતથી પણ મને સંતોષ થયો નહોતો. નિકુંભઆનંદ એનું ચમકતું અને વજનદાર ત્રિશૂળ લાવ્યો એટલે અમે બહાર નીકળ્યા. સંધ્યાકાળ થવાને હજી ઘણી વાર હતી, એટલે એકાદ-બે કલાક આમ ફરવામાં કોઈ વાંધો નહોતો. થોડીવાર સુધી અમે બંને કંઈ પણ બોલ્યા વગર ચૂપચાપ ચાલતા રહ્યા. પાંદડાંનો ખડખડાટ કે કોઈ પંખીનો અવાજ અથવા વાંદરાઓની ચિચિયારીઓ અને કૂદવાના અવાજ સિવાય ખૂબ જ શાંતિ હતી. થોડીવારે નિકુંભઆનંદે પૂછ્યુંઃ

'અહીં આવીને પસ્તાવો તો નથી થતો ને?'

'પસ્તાવો તો નહીં, પણ નિરાશા જરૂર થઈ છે. હું જે શોધવા આવ્યો છું તે મને અહીં મળશે ખરું?'

અમે એક તૂટેલા ઝાડના આડા પડેલા થડ પર બેઠા.

'નિરાશા શા માટે?' નિકુંભઆનંદે પૂછ્યું..

'જ્ઞાનનો પ્રકાશ મને તમારા પરાત્પરમાં જોવા મળ્યો નહીં.' મેં નિરાશ સ્વરે કહ્યું.

અમે બંને થોડીવાર હાથમાં પાંદડાંઓ લઈ તોડવાની રમત કરતા રહ્યા.

'નિકુંભજી, આપ વામમાર્ગી કૈસે બને? પૂછના તો નહીં ચાહિયે ફિર ભી પૂછ રહા હું આપકે પૂર્વાશ્રમ કે બારે મેં.'

'મૈં મેરે મા-બાપકા એક હી લડકા થા. મારો બાપ મોટો જમીનદાર હતો. એણે મને ભણાવી ડોક્ટર બનાવ્યો. કેટલાક પ્રસંગો એવા બન્યા કે જીવન પરથી, સંસાર પરથી, સમાજ પરથી, મારો વિશ્વાસ ઊઠી ગયો. હું શાંતિની શોધમાં રખડ્યો અનેક ગુરુઓ પાસે. આખરે મારી મુલાકાત બાબા ભૈરવનાથ સાથે થઈ. એમનામાં મને શક્તિનાં દર્શન થયા અને હું અઘોરી બન્યો.'

નિકુંભઆનંદ એના પૂર્વાશ્રમમાં એક ડોક્ટર હતો એ જાણી મને સુખદ આશ્ચર્યનો ધક્કો જ લાગ્યો:

'આપ સચમૂચ ડોક્ટર થે?' હું પૂછી બેઠો.

'સર્ટિફિકેટસ તો જલા દિયે વરના બતા દેતા આપકો!' એણે હસીને કહ્યું.

હું આ વાત આગળ વધારું એ પહેલાં જ એ ઊભો થયો અને કંઈક અવાજ સાંભળ્યો હોય એમ દૂર જોવા લાગ્યો. હું પણ ઊભો થયો. એક પ્રચંડ અને વિકરાળ દેખાવવાળા અઘોરીના બંને હાથમાં એક દસ-બાર વર્ષની આદિવાસી કન્યા હતી. એ બેભાન હોય તેમ અઘોરીના બંને હાથ પર લટકી રહી હતી. એ અઘોરી ઝડપથી અમારી તરફ આવી રહ્યો હતો અને એની સાથે જ એક આધેડ ઉંમરની સાધ્વી જેવી દેખાતી પ્રતિભાશાળી સ્ત્રી પણ આવી રહી હતી. સ્ત્રીએ ફક્ત એક ભગવું વસ્ત્ર ધારણ કર્યું હતું. વાળ છૂટા હતા અને ગળામાં રૂદ્રાક્ષની માળા હતી.

નિકુંભઆનંદ ધીમેથી પણ ઝડપથી બોલ્યો:

'વો અદિતિ હૈ. સબ અઘોરિયોંકી માતા. બલિદાન કે લિયે કન્યા લાઈ હૈ. ઔર વો હૈ બાબા વામદેવ મહાશક્તિવાન ઔર શાયદ સબસે અધિક પ્રતિભાશાલી.'

નિકુંભઆનંદના આ શબ્દોએ મારી બુદ્ધિ બહેર મારી ગઈ. આ અઘોરીઓ શું પેલી નિર્દોષ કન્યાનું બલિદાન આપી દેશે?

અઘોરી વામદેવ અને અદિતિ નજીક આવી પહોંચ્યાં. નિકુંભઆનંદે એમની સાથે મારો પરિચય કરાવ્યો. હું તો અપલક પેલા અઘેરીના હાથમાંની કન્યાને જ તાકી રહ્યો હતો. માતા અદિતિ કંઈ બોલી પણ એ મારી સમજમાં આવ્યું નહીં. હું અને નિકુંભઆનંદ પણ એ બંનેની સાથે જ પાછા ફર્યા. અમે પેલા મકાન પાસે પહોંચ્યાં.

ત્યારે સૂરજ ઢળવાની તૈયારીમાં હતો. વામદેવને અને અદિતિને જોઈને ઘણા અઘોરીઓ 'મા શક્તિ કી જય'નો જયઘોષ કરતા સામે આવવા લાગ્યા. સોએક જેટલા અઘોરીઓ જે રીતે ત્રિશૂળ ઉછાળી ઉછાળીને બૂમો પાડતા હતા એ દૃશ્ય જ મહાભયાનક હતું.

આખું ય સરઘસ ફરીથી પેલી યજ્ઞવેદી પાસે આવ્યું. ત્યાં એક ઘાસમાંથી બનાવેલી ચટાઈ બિછાવવામાં આવી. વામદેવે એના પર પેલી કન્યાને સૂવડાવી. થોડી જ વારમાં કેટલાક અઘોરીઓ માટીના ઘડામાં પાણી ભરી લાવ્યા. અદિતિ અને બીજી બે સ્ત્રીઓએ આગળ આવીને પેલી બેભાન કન્યાનાં વસ્ત્રો અને કોડી-મણકાનાં અલંકાર કાઢી નાખ્યા. ઘડામાંના પાણીથી એ છોકરીને સ્નાન કરાવવામાં આવ્યું. એ પછી એ કન્યાને એક લાલ વસ્ત્રમાં વીંટવામાં આવી.

પરાત્પરની મુલાકાત વખતે મેં જે ત્રણ અઘોરીને વનસ્પતિ વાટતા જોયા હતા તે એક પાંદડામાં એ વનસ્પતિનો વાટેલો લોંદો લઈને આવ્યા. એમાંથી કેટલોક ભાગ લઈને અદિતિએ એ છોકરીના શરીર પર ચોપડ્યો. એ પછી એણે એ છોકરીના થોડાક વાળ ખેંચી નાખ્યા. એ વાળ એણે વામદેવને આપ્યા. વામદેવે એ વાળ પેલા વનસ્પતિના બાકી રહેલા લોંદા સાથે ભેળવી દીધા. એ લોંદામાં જમીન પરથી સ્નાન કરાવતાં ભીની થયેલી થોડી માટી ભેળવી એણે ઢીંગલી જેવી પૂતળી તૈયાર કરી.

બધા જ અઘોરીઓ પણ જાણે આ પ્રયોગ પહેલી જ વાર જોઈ રહ્યા હોય એમ જરા પણ અવાજ કર્યા વગર સ્તબ્ધતાથી જોઈ રહ્યા હતા. એ ભયાનક ખામોશીને ચીસ પાડીને ચીરી નાખવાની મને ઈચ્છા થઈ આવતી હતી, છતાં હું લાચાર બની એ તમાશો જોઈ રહ્યો હતો.

ઢીંગલી તૈયાર થતાં જ વામદેવે પેલી કન્યાના ઉતારી નાખેલાં વસ્ત્રોમાંથી એક ચીરો ફાડી સાડીની જેમ પેલી ઢીંગલીને વીંટાળ્યો. ઢીંગલીને એણે યજ્ઞની નજીક વેદી પાસે મૂકી. છોકરી બેભાન હતી. એના શ્વાસના કારણે છાતી ઊંચી- નીચી થતી હતી. ફક્ત એ જ એની જીવિત હોવાની નિશાની હતી. વામદેવ ઢીંગલી અને કન્યાની સામે બેઠા. એ ખૂબ જ મોટેથી મંત્રો બોલતા હતા. મંત્રો એવા વિચિત્ર ભાષામાં બોલતા હતા કે તીવ્ર સ્વરો સિવાય કશું સમજાતું નહોતું. ત્યાં સુધી અન્ય અઘોરીઓ ચૂપચાપ ઊભા જ હતા. પરાત્પર લકુલેશ ક્યારે આવ્યા અને એ ટોળાંની આગળ આવી ઊભા રહ્યા એ પણ ખબર ન પડી.

થોડીવાર શાંતિ છવાઈ ગઈ. વામદેવે ઊભા થઈને એક અટપટું યંત્ર સાવ સહજતાથી રચી નાખ્યું. ત્રિકોણ, ચોરસ અને ગોળના આકારો એકબીજામાં ગુંથાયા હોય એવું એ યંત્ર હતું. દરેક અઘોરી અપલક આ ક્રિયા જોઈ રહ્યો હતો. મારા માથા પરથી પસીનો નીકળી કાન પાસે થઈ વહેવા લાગ્યો.

પગ ઠંડા પડી ગયા હોય એમ નિર્જીવ જેવા લાગતા હતા. ત્યાં ઊભેલા અનેક અઘોરીઓની હાલત પણ એવી જ હતી. એક દર્દનાક ચીસ પાડવાની ઈચ્છા થઈ આવતી હોવા છતાં ત્યાંની ભયાનક શાંતિ મારું ગળું દબાવી બેઠી હતી. જડ સ્તબ્ધતાના ભયાનક વજન નીચે અમે બધાં જ જાણે દબાઈ ચૂક્યા હોઈએ એમ સ્થિર પૂતળાંની જેમ ઊભા હતા.

અચાનક વામદેવે એક તીક્ષ્ણ હથિયાર પોતાના હાથમાં લીધું. બેએક ફૂટ લાંબું એ કોઈ સીધી તલવારના ભાગ જેવું હતું. પેલી ઢીંગલી ઉપર એણે એ હથિયારને હવામાં અધ્ધર કેટલીયે વાર સુધી તોળી રાખ્યું. મારું ગળું સુકાવા લાગ્યું હતું. આંખો બળવા લાગી હતી. મેં ચારે તરફ જોયું. કેટલાંક અઘોરીઓએ મશાલો પ્રગટાવી હતી. યજ્ઞના અગ્નિનો પ્રકાશ વામદેવના ચહેરા પર અને પેલી તીક્ષ્ણ ધાર પેલી ઢીંગલીને ફક્ત અડકાડી.

એ સાથે જ ભયાનક ચીસ પાડીને પેલી માસૂમ છોકરીએ પોતાની અસહ્ય પીડા વ્યક્ત કરી. વામદેવ ઢીંગલીના જુદે જુદે ઠેકાણે હથિયાર ભોંકતો રહ્યો અને પેલી છોકરી વેદનાની ચીસો પાડતી રહી.

આ ત્રાસદાયક દૃશ્ય કોઈ પણ માનવી માટે અસહ્ય હતું. મેં પાંચ વર્ષ અગાઉ આ જ રીતે જગજીતને તડપતો અને વેદનાની ચીસો પાડતો જોયો હતો. એ ચીસોને, એ વેદનાને હું આજ સુધી ભૂલાવી શક્યો નથી. એ માસૂમ છોકરી પર તો મારી નજર સામે જ સિતમ થઈ રહ્યો હતો. મને ચક્કર આવવા લાગ્યા. મેં બાજુમાં ઊભેલા નિકુંભઆનંદના ખભા પર હાથ મૂક્યો. અમે બંને ચૂપચાપ એ ટોળામાંથી બહાર નીકળી આવ્યા.

થોડીવાર પછી છોકરીની ચીસો સંભળાતી બંધ થઈ અને જંગલીઓના પણ રૂંવાડાં ઊભા કરી દે એવા જયઘોષથી વાતાવરણ ગાજી ઊઠ્યું.

'યહ લડકી કા બલિદાન કબ હોગા?' મેં ધ્રૂજતા અવાજે પૂછ્યું.

'પાંચ દિનકે બાદ અમાવાસ્યા કો.' નિકુંભઆનંદે પણ શુષ્ક અવાજે જવાબ આપ્યો.


થોડી જ વારમાં રાતનો અંધકાર છવાઈ ગયો. અઘોરીઓએ ચારેબાજુ મશાલો પ્રગટાવી હતી.. (ક્રમશઃ) ■


feedback@bombaysamachar.com


ફોકસ

અનુ આર.

# એવા ઈન્ડોર પ્લાન્ટ લગાવો જે ઘરની હવાને તરોતાજા રાખે







ઘરની બહારનું પ્રદૂષણ જ નહીં, ઘરની અંદરનું પ્રદૂષણ પણ આપણા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. ઘરના શૌચાલય, ડસ્ટબિન, ગેસ સ્ટવ, ડિટર્જન્ટ, ક્લીનર વગેરેમાંથી ઘણા પ્રકારના ઝેરી ગેસ ઉત્પન્ન થાય છે. આ સિવાય વધુ પડતી ગરમી અને ઠંડીને કારણે અને ઘરના દરવાજા અને બારીઓ લાંબા સમય સુધી બંધ રાખવાથી, બહારથી શુદ્ધ અને સ્વચ્છ હવા ઘરની અંદર ન આવવાને કારણે ઘરમાં પ્રદૂષણનું સ્તર વધે છે. આ સિવાય જો ઘરમાં કોઈ બીમાર પડે તો બીજાને પણ ચેપ લાગવાની શક્યતા વધી જાય છે. ઘરમાંથી પ્રદૂષણ દૂર કરવા માટે જગ્યા ભલે ગમે તેટલી નાની હોય, તેમ છતાં આપણે ઘરમાં એવા અનેક છોડ લગાવી શકીએ છીએ, જેનાથી ઘરમાં હવા તાજી રહી શકે. જેમ કે-

## મનીપ્લાન્ટ

મની પ્લાન્ટ એક એવો છોડ છે જે ખૂબ જ ઝડપથી વધે છે. તે ઘરની હવાને સ્વચ્છ રાખે છે અને ઘરમાં વપરાતા કેમિકલ્સની ખરાબ અસરને ઘટાડે છે. તેને માટી સિવાય પાણીમાં પણ લગાવી શકાય છે. એકવાર તે પાંગરવાનું શરૂ કરે પછી ખૂબ જ ફેલાય જાય છે. તમે તેને ઘરના કોઈપણ ભાગમાં લગાવી શકો છો. જો ઘરમાં કાચી જમીન હોય તો તેને જમીનમાં જ લગાવો. એકવાર પાંગરે પછી, તમે તેને ઘણી જુદી જુદી જગ્યાએ લગાવી શકો છો.

## સ્પાઈડર પ્લાન્ટ

સ્પાઈડર પ્લાન્ટ પણ ઝડપથી વિકસતો છોડ છે, જેના માત્ર એક છોડમાંથી ઘણા નવા છોડ મેળવી શકાય છે. આ છોડના પાંદડા એલર્જી પેદા કરતાં તત્વોને તરત જ કાબૂમાં રાખે છે. કાર્બન મોનોક્સાઇડને શોષીને, તેઓ ઘરની અંદરની હવાને પ્રદૂષણ મુક્ત બનાવે છે.

## એલોવેરા

એલોવેરા પ્લાન્ટ પણ ખૂબ જ ઝડપથી વિકસતો છોડ છે, જેનો ઉપયોગ ઔષધીય અને સૌંદર્ય સારવાર માટે થાય છે. એલોવેરાના એક છોડમાંથી નીકળતા અન્ય નાના છોડ ઘણી જગ્યાએ લગાવી શકાય છે. આ છોડ કેમિકલની અસરને સરળતાથી દૂર કરે છે. તેની જેલનો ઉપયોગ ત્વચા અને વાળની સુંદરતા માટે થાય છે. એલોવેરાનો છોડ ઘરે લગાવ્યા પછી બજારમાંથી એલોવેરા જેલ ખરીદવાની જરૂર પડતી નથી. તેના જાડા અને જેલ ભરેલા પાંદડાને નીચેથી કાપીને તેનું જેલ ત્વચા અને વાળ માટે વાપરી શકાય છે. આ છોડને પણ ઓછા પાણીની જરૂર પડે છે. તે નાના કૂંડામાં ખૂબ જ સરળતાથી લગાવી શકાય છે અને તે ખૂબ જ ઝડપથી વધે છે.

## સ્નેક પ્લાન્ટ

સ્નેક પ્લાન્ટના પાંદડાની કિનારી ધારદાર હોય છે. તે દેખાવમાં સુંદર લાગે છે. તેને મધર ઇન લોસ્ટન પણ કહેવામાં આવે છે. આ છોડમાં ઘરની હવામાં રહેલા હાનિકારક બેક્ટેરિયાને ખતમ કરવાની અદભુત ક્ષમતા છે. જો તેને બાથરૂમની આસપાસના વિસ્તારમાં રાખવામાં આવે તો તે ત્યાંની હવાને પણ સ્વચ્છ રાખે છે. તેને ઉગાડવા માટે તેના એક પાનને કાપીને તેના ત્રણ-ચાર ટુકડા કરી, નીચેથી ત્રિકોણ આકારમાં કાપીને તેને પાણીમાં રાખો. ૧૦ થી ૧૨ દિવસની અંદર, તેમાંથી નવા મૂળ ઊગવા લાગે છે, જેને પછીથી તમે મોટા વાસણોમાં ઉગાડી શકો છો.

## ઈંગ્લિશ આઈવી પ્લાન્ટ

બાથરૂમ અને રસોડું આપણા ઘરની એવી જગ્યાઓ છે જે પ્રદૂષણથી સૌથી વધુ પ્રભાવિત થાય છે. ઇંગ્લિશ આઇવી એ બાથરૂમ માટે યોગ્ય છોડ છે. ઘરની સફાઈ કરવા માટે વપરાતાં ઉત્પાદનોમાં વપરાતું કેમિકલ ફોર્માલ્ડીહાઈડને વધવા દેતું નથી. જો તેને બાથરૂમ સહિત ઘરના કોઈપણ ભાગમાં રાખવામાં આવે તો ત્યાંનો રૂમ સ્વચ્છ અને વ્યવસ્થિત બને છે.

## બાંબૂ પામ

બાંબૂ પામ એ ઝડપથી વિકસતો છોડ છે. જે ઘરમાં હાજર કેમિકલથી થતા ઝેરી તત્ત્વોને ખતમ કરે છે. જો તમારા ઘરની આબોહવાને પ્રદૂષણથી મુક્ત રાખવા માગો છો, તો આ છોડને ચોક્કસ લગાવો.

## પિસ લિલી

પિસ લિલી માત્ર ઘરની હવાને શુદ્ધ નથી કરતી, તે દેખાવમાં પણ ખૂબ જ સુંદર છે. જો આ છોડને ઘરના એવા ભાગોમાં રાખવામાં આવે કે જ્યાં સૂર્યપ્રકાશ ઓછો અથવા આવતો જ નથી, તો તે સરસ રીતે ખીલે છે. આ છોડ બાથરૂમમાં રાખવા માટે પણ યોગ્ય છે. કારણ કે તે કોસ્મેટિક્સ, હેર સ્પ્રે, ક્લીનર અને ફેબ્રિક સોફ્ટનરમાંથી મુક્ત થતા પ્રદૂષક તત્ત્વોને નિયંત્રણમાં રાખે છે. ■

# વૉલસ્ટ્રીટની મંદી પાછળ સેન્સેક્સ ઊંચી સપાટી સામે ૭૦૦ પોઇન્ટ તૂટ્યો, નિફ્ટી ૨૨,૫૦૦ની નીચે ધકેલાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વોલ સ્ટ્રીટ ફ્યુચર્સના ૪૦૦ પોઇન્ટ અથવા એકાદ ટકા જેટલા કડાકાએ સેન્ટિમેન્ટ બગડતા સપ્તાહના પહેલા સત્રમાં સુધારો આગળ વધવાની આશા પર પાણી ફરી વળ્યું હતું અને ઓઇલ-ગેસ શેરોની છેલ્લી ઘડીની વેચવાલીને કારણે સેન્સેક્સ અને નિફ્ટી ફરી સુધારો ગુમાવી નેગેટીવ ઝોનમાં સરી પડ્યા હતા. સત્ર દરમિયાન શેરબજારમાં સુધારો જોવા મળ્યો હતો પરંતુ એ જ સાથે ઊંચી સપાટી સામે લગભગ ૭૦૦ પોઇન્ટનો ઘટાડો પણ જોવા મળ્યો હતો.

સત્રને અંતે સેન્સેક્સ ૨૧૭.૪૧ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા ઘટીને ૭૪,૧૧૫.૧૭ પોઇન્ટના સ્તરે સ્થિર થયો, જેમાં તેના ૨૨ શેર ઘટાડા સાથે અને આઠ વધારા સાથે બંધ થયા હતા. ઇન્ડેક્સ ઊંચા મથાળે ખૂલ્યો હતો અને દિવસ દરમિયાન ૭૪,૭૪૧.૨૫ પોઇન્ટની ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો. જોકે, પ્રી-ક્લોઝ સત્રમાં વેચવાલીનું દબાણ વધી જવાથી બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૩૧૦.૩૪ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકા ઘટીને ૭૪,૦૨૨.૨૪ની નીચી સપાટીને અથડાયો હતો. એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૯૨.૨૦ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકા ઘટીને ૨૨,૪૬૦.૩૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી, ઇન્ડસઇન્ડ બેંક, ઝોમેટો, લાર્સન એન્ડ ટુબ્રો, ટાઇટન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ફાઇનાન્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, કોટક મહિન્દ્રા બેંક, ટેક મહિન્દ્રા અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા.

બીજી બાજુ, પાવર ગ્રીડ, હિન્દુસ્તાન યુનિલિવર, ઇન્ફોસિસ, નેસ્લે ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, આઇટીસી, સન ફાર્માસ્યુટિકલ્સ અને આઇસીઆઇસીઆઇ બેંક ટોચના વધનારા શેરોની યાદીમાં હતાં. ગ્લેનમાર્કે અમેરિકામાં કોન્સ્ટીપેશન ટ્રીટમેન્ટ મેડિસિન લોન્ચ કરી છે. સન ફાર્માએ અમેરિકા સ્થિત ચેકપોઇન્ટ થેરેપેટિક્સ ઇન્ક. ૩૫૫ મિલિયન ડોલરમાં હસ્તગત કરવાની જાહેરાત કરી છે.

ગેનસોલ એન્જિનિયરિંગના પ્રમોટરોએ ૨.૩૭ ટકા હિસ્સો વેચી નાંખ્યો છે. આ શેરમાં ચાર ટકાનો કડાકો હતો. ઝાઇડસ લાઇફસાયન્સને અમેરિકામાં એન્ટિફંગલ શેમ્પુના માર્કેટિંગ માટે યુએસએફડીએની પરવાનગી મળી છે. ભૂટાનમાં વીજળી સપ્લાઇ માટે જુનીપર ગ્રીન એનર્જીએ ૧૦૦ મેગાવોટનો સોલાર પ્લાન્ટ કાર્યરત કર્યો છે. ઝોમેટોના શેરધારકોએ કંપનીનું નામ બદલીને એટર્નલ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

વિશ્વબજારના પ્રતિકૂળ પવનો બજારના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચાડી રહ્યા છે, અમેરિકામાં બેરોજગારી દરમાં વધારો અને ટેરિફ અંગેની અનિશ્ચિતતા સૂચવે છે કે નજીકના ગાળા માટે અફડાતફડી ચાલુ રહેશે, એમ જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું અને સાથે કહ્યું હતું કે સ્થાનિક મેક્રો ડેટા રોકાણકારોને નીચા સ્તરે પટકાયેલા શેરો ટૂંકા ગાળામાં સાવધાની સાથે એકત્ર કરવાનું શરૂ કરવા તરફેણ કરી રહ્યા છે, જ્યારે લાંબા ગાળા માટે આકર્ષક લાગે છે.

એશિયન બજારોમાં, ટોક્યો, શાંઘાઈ, હોંગકોંગ અને સિઓલ મિશ્ર નોંધ પર બંધ થયા છે. યુરોપિયન બજારો મધ્ય સત્રના સોદામાં નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે વોલ સ્ટ્રીટમાં સકારાત્મક નોંધ જોવા મળી હતી.

દરમિયાન, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૨,૦૩૫.૧૦ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૨,૩૨૦.૩૬ કરોડના ઇક્વિટી શેર ખરીદીને એફઆઇઆઇ કરતા આગળ નીકળી ગયા હોવાની માહિતી એક્સચેન્જ ડેટા મારફત મળી હતી.



ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૪ ટકા વધીને ૭૦.૬૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. શુક્રવારે, બે દિવસની જીતનો સિલસિલો તોડીને, ૩૦ શેર ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૭.૫૧ પોઈન્ટ ઘટીને ૭૪,૩૩૨.૫૮ના સ્તરે બંધ થયો હતો. જોકે, એનએસઇનો વ્યાપક નિફ્ટી ૭.૮૦ પોઈન્ટ વધીને ૨૨,૫૫૨.૫૦ પર બંધ થયો હતો. સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહે શેરબજારમાં રિકવરી જોવા મળી હતી અને સેન્સેક્સ-નિફ્ટીએ લગભગ બે ટકાનો ઉછાળો નોંધાવ્યો હતો. સેન્સેક્સ ૧,૧૩૪.૪૮ પોઈન્ટ અથવા ૧.૫૪ ટકાના વધારા સાથે ૭૪,૩૩૨.૫૮ પોઈન્ટ પર જ્યારે નિફ્ટી ૪૨૭.૮૦ પોઈન્ટ એટલે કે ૧.૯૩ ટકાના વધારા સાથે ૨૨,૫૫૨.૫૦ પોઈન્ટ પર બંધ થયો.

સ્થાનિક બજારમાં આ વધારો એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ગયા અઠવાડિયે અમેરિકામાં ટેરિફ વોર અને વેપાર નીતિ અંગે અનિશ્ચિતતાને કારણે વૈશ્વિક બજારમાં ઉથલપાથલ અને અફડાતફડી ચાલુ રહી હતી. આ વધારાને કારણે શેરબજારના રોકાણકારોની સંપત્તિમાં લગભગ ૧૪ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે પાવર ગ્રીડ ૩.૧૨ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૯૯ ટકા, ઈન્ફોસિસ ૧.૦૧ ટકા, નેસ્લે ૦.૬૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૪૫ ટકા, આઈટીસી ૦.૩૧ ટકા, સન ફાર્મા ૦.૧૩ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૦૨ ટકા વધ્યા હતા. જ્યારે મુખ્યત્વે ઈન્ડસઈન્ડ બેન્ક ૩.૮૬ ટકા, ઝોમેટો ૨.૫૮ ટકા, લાર્સન ૨.૧૦ ટકા, ટાઈટન ૧.૮૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૯૭ ટકા, રિલાયન્સ ૦.૮૭ ટકા, કોટક બેન્ક ૦.૮૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૭૨ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૭૧ ટકા ઘટ્યા હતા. સોમવારના સત્રમાં માત્ર યુટિલિટીઝ અને એફએમસીજી ઈન્ડેક્સ વધ્યા, ઈન્ડસ્ટ્રિયલ્સ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો, માર્કેટ કેપમાં રૂ.૪.૪૪ લાખ કરોડનું ગાબડું જોવા મળ્યું હતું. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૭૪,૩૩૨.૫૮ના બંધથી ૨૧૭.૪૧ પોઈન્ટ્સ (૦.૦.૨૯ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૪.૪૪ લાખ કરોડ ઘટીને રૂ.૩૯૩.૮૫ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૪,૪૭૪.૯૮ ખૂલીને ઊંચામાં ૭૪,૭૪૧.૨૫ સુધી અને નીચામાં ૭૪,૦૨૨.૨૪ સુધી જઈને અંતે૭૪,૧૧૫.૧૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની આઠ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૨ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪૨૨૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૨૦૩ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૮૭૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૭૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૨૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૪૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૨.૧૧ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૮૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૩.૪૭ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં બીએસઈ યુટિલિટીઝ ૦.૫૧ ટકા અને એફએમસીજી ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૩૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૧૮ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૦૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૦૪ ટકા, રિયલ્ટી ૧.૯૪ ટકા, એનર્જી ૧.૭૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૬ ટકા, સર્વિસીસ ૧.૩૧ ટકા, ઓટો ૧.૨૧ ટકા, કોમોડિટીઝ ૦.૯૫ ટકા, કોમોડિટીઝ ૦.૯૫ ટકા, હેલ્થકેર ૦.૯૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૮૪ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૬૮ ટકા, આઈટી ૦.૫૩ ટકા, બેન્કેક્સ ૦.૪૮ ટકા, પાવર ૦.૪૧ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૩૬ ટકા અને ટેક ૦.૧૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૮૯.૮૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૬૩ સોદામાં ૧,૨૭૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૧,૨૮,૯૪૬ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૯૮,૧૮,૮૮૯.૪૫ કરોડનું રહ્યું હતું.

### ક્રૂડતેલના ભાવમાં ભારે ચંચળતા અને ટેરિફની અનિશ્ચિતતા

# ડૉલર સામે રૂપિયામાં એક મહિનાનો સૌથી મોટો ૩૯ પૈસાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ રહ્યું હોવા છતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ભારે ચંચળતાનું વલણ અને અમેરિકી ટેરિફની વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા વચ્ચે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં એક મહિનાનો સૌથી મોટો ૩૯ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો અને ૮૭.૩૪ના મથાળે બંધ રહ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ નરમાઈનું વલણ તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૦૩૫.૧૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૯૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૨૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૩૯ અને ઉપરમાં ૮૭.૧૬ની રેન્જમાં અથડાઈને અંતે ૩૯ પૈસા તૂટીને ૮૭.૩૪ના મથાળે બંધ રહ્યો હતો. ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત પાંચમી ફેબ્રુઆરીના રોજ ડૉલર સામે રૂપિયો ૩૯ પૈસા તૂટ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨૮ ટકા વધીને બેરલદીઠ ૭૦.૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૧૭.૪૧ પૉઈન્ટનો અને ૯૨.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ વૈશ્વિક સ્તરે અમેરિકાની ટેરિફની અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહી હોવાથી રૂપિયામાં ઑલ ફોલ ડાઉન જોવા મળ્યું હતું. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૫ ટકા ઘટીને ૧૦૩.૬૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નિરસ માગે સોનામાં ₹ ૧૨૭નો ઘટાડો, ચાંદીમાં ₹ ૯૦નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને સલામતી માટેની માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યા બાદ મક્કમ વલણ જોવા મળ્યું હતું, જ્યારે ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો.

જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે બન્ને કિંમતી ધાતુઓમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૬થી ૧૨૭નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૯૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૯ પૈસા તૂટ્યો હોવાથી સોનાની આયાત પડતર વધવાને કારણે ભાવમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે હાજરમાં ૯૯૫ ટચ સોનાના ભાવ આગલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૬ ઘટીને રૂ. ૮૫,૫૮૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૭ ઘટીને રૂ. ૮૫,૯૩૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી



ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ પણ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૯૦ ઘટીને રૂ. ૯૬,૬૩૪ના મથાળે રહ્યા હતા.


દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ટ્રેડ વૉરની ભીતિ હેઠળની સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૯૧૩.૦૯ ડૉલરની સપાટીએ મક્કમ રહ્યા હતા અને વયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ૨૯૨૦.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકાની વિદેશ વેપારની નીતિમાં અનિશ્ચિતતા વધી રહી હોવાથી આર્થિક વૃદ્ધિ મંદ પડવાના જોખમોમાં વધારો થઈ રહ્યો હોવાથી સોનામાં સલામતી માટેની માગને ટેકે તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ માર્કેટના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી એકાદ-બે મહિનામાં જ સોનાના ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટીએ પહોંચે તો નવાઈ નહીં.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે મેક્સિકો, કેનેડા અને ચીનની ટેરિફને ધ્યાનમાં લેતા અમેરિકી અર્થતંત્ર મંદીની ગર્તામાં સરી જશે કે નહીં તે અંગે ભાવી ભાખવાનું ટાળ્યું હતું. એકંદરે ટેરિફના અમલ અંગેના નિર્ણયોમાં દ્રઢતાના અભાવને કારણે અમેરિકા સહિતના ઈક્વિટી માર્કેટમાં રોકાણકારો અવઢવમાં મૂકાયેલા છે. તેમ છતાં ડૉનલ્ડ ટ્રમ્પની નીતિઓ આર્થિક વૃદ્ધિ મંદ પાડનારી તેમ જ ફુગાવમાં વૃદ્ધિ કરનારી હોવાનું જણાઈ રહ્યું હોવાથી રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગ પ્રબળ રહેતી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે, હવે રોકાણખારોની નજર આગામી બુધવારે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈ ઈન્ડેક્સનાં તેમ જ ગુરુવારે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. સામાન્યપણે રાજકીય જોખમો અને ફુગાવમાં થતી વૃદ્ધિના સંજોગોમાં સોનામાં હેજરૂપી માગ રહેતી હોય છે, પરંતુ ઊંચા વ્યાજદરના સંજોગોમાં વ્યાજની ઊપજ ન આપતી સોના જેવી અસ્ક્યામતોમાં માગ નબળી પડતી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં નરમાઈ, વેપાર પાંખાં



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકી ટેરિફની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને પાંખાં કામકાજો વચ્ચે નિકલ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર કોપર આર્મિચરમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૪૩૩ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૫૪૩ અને રૂ. ૯૦૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૭૫ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૮૩૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર કોપર આર્મિચરમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ સુધારા સાથે રૂ. ૮૧૯ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર અને બ્રાસની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ, લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં માલની ગુણવત્તા અને માગને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માલની ગુણવત્તા અને માગને ધ્યાનમાં લેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૯૦થી ૪૦૦૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૧૬થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૧૦માં અને રૂ. ૩૯૨૦થી ૪૦૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# દેશી-આયાતી તેલમાં ઘટ્યા મથાળેથી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૨૩ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સરસવના ભાવમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ, સન રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે એકમાત્ર સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૧૦ તથા ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા સંકલિત કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૦ માર્ચ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ગત ફેબ્રુઆરી મહિનાના ૩,૩૬,૯૮૦ ટન સામે ૨૫.૮૩ ટકા ઘટીને ૨,૪૯,૯૫૨ ટનના સ્તરે રહી હોવાનું જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, સિંગતેલના રૂ. ૧૪૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૫ અને સરસવના રૂ. ૧૩૫૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગેતલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૦૭૫થી ૪૧૭૫માં થયા હતા. તેમ જ આજે દેશભરમાં સરસવની અંજાજે ૧,૧૦,૦૦૦ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૧૦૦થી ૬૧૨૫માં, સરસવ એક્સ્પેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૮૧ અને રૂ. ૧૨૯૧માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦૧૫થી ૨૦૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કચ્છના અબડાસા અને લખપતમાં નર્મદાના પાણી પહોંચાડવાનું પ્રથમ તબક્કાનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભામાં ચર્ચા દરમિયાન કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં સિંચાઈ માટે નર્મદાના પાણી પહોંચાડવા અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં પાણી પુરવઠા રાજ્યપ્રધાન મુકેશ પટેલે જણાવ્યું કે નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકરફીટ પાણીના વિતરણ અન્વયે અલગ અલગ યોજના કાર્યરત છે, જે અંતર્ગત તબક્કા-૧ અને તબક્કા-૨ હેઠળ આયોજિત કરેલી ૦.૫૦૬ મિલિયન એકરફીટ નર્મદાના પૂરના વધારાના પાણીના વિતરણની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

તેમણે જણાવ્યું કે સારણ લિંક પાઈપલાઈનનું કામ આશરે રૂ.૭૨૦.૦૦ કરોડના ખર્ચે હાથ ધરાઈ છે. જેમાં બે પમ્પિંગ સ્ટેશન તથા ૭૨ કિ.મી. પાઈપલાઈનની કામગીરી થઈ રહી છે, જેનાથી રાપર તાલુકાનાં ૮ ગામના ૨૯૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ મળશે. આ યોજના અંતર્ગત અંદાજિત રૂ.૨૦૨૯.૦૦ કરોડના ખર્ચે ૬ પમ્પિંગ સ્ટેશન અને ૧૫૮ કિ.મી. પાઈપલાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. જેનાથી મુન્દ્રા, ભુજ, માંડવી અને અંજાર તાલુકાનાં ૪૭ ગામના ૩૮,૮૨૪ હેક્ટર વિસ્તારને અને ૨૫ સિંચાઈ યોજનાઓને તેનો લાભ મળશે.

જ્યારે નોર્ધન લિંક પાઈપલાઈનના પ્રથમ તબક્કામાં અંદાજિત રૂ. ૧૪૧૯ કરોડના ખર્ચે ચાર પમ્પિંગ સ્ટેશન અને ૧૦૬ કિ.મી. પાઈપલાઈનની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેનાથી ભુજ અને નખત્રાણા તાલુકાનાં ૨૨ ગામોના ૩૬,૩૯૨ હેક્ટર વિસ્તારની ૧૨ સિંચાઈ યોજનાઓને લાભ મળશે. સધર્ન લિંક પાઈપલાઈનના બીજા તબક્કામાં અંદાજિત રકમ રૂ.૧૩૬૮.૦૦ કરોડના ખર્ચે ૯ પમ્પિંગ સ્ટેશન અને ૨૧૨ કિ.મી. પાઈપલાઈનની કામગીરી થઈ રહી છે, જેનાથી માંડવી, નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાનાં ૨૮ ગામના ૩૬,૫૧૪ હેક્ટર વિસ્તારને લાભ થશે. જેમાં ૨૮ સિંચાઈ યોજનાઓનો સમાવેશ થાય છે, જ્યારે નોર્ધન લિંક પાઈપલાઈનના બીજા તબક્કામાં અંદાજિત રૂ. ૮૪૮.૦૦ કરોડના ખર્ચે પાંચ પમ્પિંગ સ્ટેશન અને ૧૨૦ કિ.મી. પાઈપલાઈનની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. જેનાથી નખત્રાણા અને લખપત તાલુકાનાં ૨૫ ગામના ૩૧,૬૮૧ હેક્ટર વિસ્તારને લાભ મળશે. જેનાથી ૧૩ સિંચાઈ યોજનાને લાભ મળશે. ■



રાજકોટમાં મકાનોનું ડિમોલીશન કરતાં પહેલાં પીડિત પરિવારોને વૈકલ્પિક જગ્યા આપવા બાબતે મ્યુનિ. કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજકોટ શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા ટ્રાફિક બ્રિગેડની સ્વયંસેવક તરીકે પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં વધી રહેલી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ૧૯ માર્ચે પોલીસ હેડ કવાર્ટર ખાતે ટ્રાફિક બ્રિગેડની સ્વયંસેવક તરીકે પસંદગી કરવામાં આવશે, જેમાં ખાસ કરીને પોલીસ ચોપડે ગુના ના નોંધાયા હોય તેવા ઉમેદવારોની પસંદગી કરાશે.

રાજકોટ ટ્રાફિક ડીસીપી પૂજા યાદવે જણાવ્યું હતું કે, ટ્રાફિક બ્રિગેડની પસંદગી માટે ઉમેદવારની વય ૧૮થી ૩૫ વર્ષ હોવી જરૂરી છે. જેમાં ધોરણ-૯ પાસ મહિલાઓ અને પુરૂષોની પસંદગી કરવામાં આવશે. પુરૂષની ઊંચાઇ પાંચ ફુટ પાંચ ઇંચ તથા મહિલાની ઊંચાઇ પાંચ ફૂટ કે તેથી વધુ હોવી જરૂરી છે. માનદ સેવા માટે ઈચ્છુક ઉમેદવારોને પોતાના અસલ પ્રમાણપત્રો સાથે ૧૯મી માર્ચે હાજર રહેવું પડશે.

તેમણે જણાવ્યું હતું કે, માનદ સેવા માટે ઇચ્છુક પુરુષ અને મહિલાઓએ પોતાની સાથે તમામ અસલ પ્રમાણપત્રો, પોતાના રહેઠાણનો પુરાવો સાથે બે ફોટોગ્રાફસ લઇને આવવાના રહેશે. જેઓની પ્રસંદગી થશે તેઓના ફોર્મ ગ્રાઉન્ડ ખાતે જ ભરવામાં આવશે.

રાજકોટ શહેર અને જિલ્લાના તેમ જ જેમના વિરુદ્ધ કોઇ ગુન્હો નોંધાયેલ ન હોય એવા ઉમેદવાર આ પ્રક્રિયામાં સામેલ થઇ શકશે. ■

# રાજકોટમાં ઉનાળાની શરૂઆતમાં જ ડેન્ગ્યૂ, ટાઈફોઈડ અને કમળાના દર્દીઓ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ઉનાળાની શરૂઆતમાં મહાનગર પાલિકાના ચોપડે ટાઇફોઇડ, ડેન્ગ્યૂ અને કમળાના દર્દીઓ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો છે. આ ઉપરાંત શરદી, ઉધરસ, તાવ અને ઊલટી સહિતના ૧૯૯૧ કેસ નોંધાતા રહેણાંક વિસ્તારોમાં ફોગિંગ સાથે દવાઓના છટકાવ સહિતની કામગીરી વાયુવેગે શરૂ કરી દેવાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મહાનગર પાલિકાના ચોપડે વિવિધ રોગોના ગત સપ્તાહના ૧૫૨૮ સામે ચાલુ સપ્તાહે ૧૯૯૧ કેસ નોંધાયા હતા. જેમાં શરદી- ઉધરસના ૯૦૧ કેસ, ઝાડા-ઊલટીનાં ૨૨૯, સામાન્ય તાવનાં ૮૫૨ કેસ નોંધાયા હતાં. સતત ત્રીજા સપ્તાહે ટાઇફોઇડ તાવના ત્રણ કેસ અને કમળાના વધુ ચાર કેસ તો ડેન્ગ્યૂના વધુ બે કેસ નોંધાયા હતાં. આ માત્ર સરકારી આરોગ્ય કેન્દ્રોના આંકડાઓ છે પણ નાના મોટા ખાનગી ક્લિનિકોને ધ્યાનમાં લેતા દર્દીઓનો આંકડો ૧૦ હજારથી વધુ હોવાની શક્યતાઓ છે.

મહાનગર પાલિકાના આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, તાપમાનમાં વધારો થતાં ઉનાળાનો અનુભવ શરૂ થયો છે. લોકોએ બહારનો ખોરાક લેવાથી દૂર રહેવાની સાથે ગરમ પાણીનું સેવન કરવું જોઈએ અને સામાન્ય સૂકી ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો જોઈએ. જો કોઈપણ પ્રકારે તબિયત વધુ લથડતી લાગે તો તરત જ આરોગ્ય કેન્દ્રો અથવા સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટર્સની સલાહ લઈ તે મુજબની દવા કરવી જોઈએ. મહાનગરપાલિકાના ૫૬ મેલેરિયા ફિલ્ડવર્કર, ૪૧૫ અર્બન આશા અને ૧૧૫ વી.બી.ડી વોલેન્ટિયર્સ દ્વારા તા. ત્રણ ફેબ્રુઆરીથી લઈ નવ માર્ચ સુધીમાં ૨૦,૨૫૩ ઘરોમાં પોરાનાશક કામગીરી કરાઈ હતી.૫૮૯ ઘરમાં ફોગીંગની કામગીરી કરાઈ હતી. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારમાં વહિકલ માઉન્ટેન ફોગિંગ મશીન ફોગિંગ કામગીરી થઈ રહી છે.શહેરમાં મચ્છર ઉત્પતિ સબબ બાંધકામ સાઇટ, સ્કૂલ, કોલેજો સહિત કુલ ૧૬૭ પ્રિમાઈસીસમાં તપાસ કરાઈ હતી. જેમાં રહેણાકમાં ૧૩૩ તો કોર્મશિયલમાં કુલ ૪૧ આસામીઓને નોટીસ ફટકારાઈ હતી. ■



જૂનાગઢ પવિત્ર દામોદર કુંડ ખાતે રાળ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે મોટી સંખ્યામાં વૈષ્ણવો હાજર રહ્યા હતા. (તસવીર-હરેશ સોની, જૂનાગઢ)

# રાજકોટમાં પીપીપી યોજનાના નામે ગરીબોનાં મકાનો તોડી પાડવામાં આવતાં હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં પીપીપી યોજનાના નામે ગરીબોના મકાનો તોડી પાડવામાં આવતા હોવાનો આરોપ લગાવી કોંગ્રેસે મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરને લેખિતમાં રજૂઆત કરી હતી. જેમાં પીપીપી યોજના માટે લોકોના મકાન તોડવાની કાર્યવાહી બિલ્ડર કે શાસકોના દબાણ હેઠળ નહીં કરવાની માગ કરી હતી.

આ અંગે કોંગ્રેસના આગેવાનોએ રાજકોટ મહાનગર પાલિકાના કમિશ્નરને રજૂઆત કરતા જણાવ્યું હતું કે, પોતાના ઘરોમાં વીસ પચ્ચીસ વારની જગ્યા પર રહેતા ઝૂંપડપટ્ટીવાસીઓને પોતાના અધિકાર માટે હેરાનગતિ ન કરવી જોઇએ. વર્ષોથી કોઈ સ્થળે જ રહેતા હોય તેવા ગરીબોનાં ઝૂપડાં વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના પાડવા જોઈએ નહીં. પીપીપી યોજનામાં નિયમ અનુસાર સંપૂર્ણ કામગીરી બિલ્ડરોએ પોતાની રીતે કરવાની હોય છે. ત્યારે આ કામમાં મહાનગર પાલિકાનાં અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારનો સહકાર ન અપાય તેવી માગ કરાઈ હતી.

કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે, મહાનગર પાલિકામાં ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવામાં આવી છે.વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વગર કોઈનું ઝૂંપડું પડવું ન જોઈએ.

આગામી દિવસોમાં આ મામલે કલેક્ટરને પણ રજૂઆત કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનરે ખાતરી આપી હતી કે નિયમ મુજબ જ કાર્યવાહી થશે. બિલ્ડર કે શાસકોના દબાણ હેઠળ કામગીરી કરવામાં આવશે નહીં. ■

# હિટવેવની આગાહી વચ્ચે ભુજમાં અંગ દઝાડતો તાપ, સર્વાધિક ૪૦.૫ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હોળી અને ધુળેટી પર્વના શરૂ થઇ ચૂકેલા કાઉન્ટડાઉન વચ્ચે અંગ દઝાડતો તાપ સમગ્ર રાજ્યની સાથે કચ્છને અકળાવી રહ્યો છે. જિલ્લા મથક ભુજ રાજ્યમાં સર્વાધિક ૪૦.૫ ડિગ્રી મહત્તમ સાથે સૌથી ગરમ શહેર રહ્યું હતું. શહેરનો અલ્ટ્રા વાયોલેટનો ઇન્ડેક્સ પણ ૯ આસપાસ નોંધાયો હતો. કંડલામાં મહત્તમ ૩૮ ડિગ્રી,ગાંધીધામ વિસ્તારમાં પણ ૩૯ ડિગ્રી, શિયાળામાં બરફનો ગોળો બની જતાં નલિયામાં ૩૯.૫ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હિટવેવનું મોજું ફરી વળશે તેવી આગાહી કરી છે. દરમ્યાન,આકરા ઉનાળાની શરૂઆત સાથે જ રણપ્રદેશ કચ્છના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બની રહી છે. ખાસ કરીને ખેતી-પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા નખત્રાણા જેવાં ગામોમાં અત્યારથી જ પાણીની પરાયણ સર્જાતા ગામના લોકો તેમજ પશુઓ પાણી માટે રીતસર વલખાં મારી રહ્યા છે. આગામી દિવસોમાં પાણીની સમસ્યા વિકટ બને તેવું અત્યારથી જ લાગી રહ્યું છે. ■

# સસ્તા સોનાના નામે લોકો સાથે ઠગાઈ કરતી ભુજની ઠગ સિન્ડિકેટ સામે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સોશિયલ મીડિયા પર શુદ્ધ છતાં બજાર ભાવ કરતાં એકદમ સસ્તા ભાવના સોનાના નામે દેશભરના લોકો સાથે છેલ્લાં પાંચ વર્ષથી લાખ્ખો રૂપિયાની ઠગાઈ અને લૂંટ આચરતાં રહેતા ભુજના પિતા-પુત્રોની ભેજાબાજ ત્રિપુટી સહિત ચાર રીઢા શખ્સો પર પશ્ચિમ કચ્છ પોલીસે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામ્યું હતું. સ્થાનિક ગુન્હાશોધક શાખાએ આ ઠગ ત્રિપુટી સામે નોંધાયેલાં ગુનાઓની વિગતો એકત્ર કરીને તેમની સામે ગુજરાત કંટ્રોલ ઑફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

પોલીસે સિકંદર ઊર્ફે સિકલો ઊર્ફે મૌલાના, જુસબ ઈસ્માઈલ સોઢા, મહમદ હનીફ ઊર્ફે મીઠીયો ઊર્ફે મીઠુ નુરમામદ સોઢા અને તેના બે પુત્રો ઝાકીર ઊર્ફે ઝાકીરીયો અને અમીન (તમામ રહે. રહીમનગર, ખારી નદી રોડ, ભુજ) વિરુદ્ધ ભુજ એ ડિવિઝન પોલીસ મથકે સરકાર તરફે ફરિયાદ નોંધાવી હતી.

સિકલા સામે ભુજ એ અને બી ડિવિઝન, માનકૂવા, પોરબંદર, ડાંગ આહવા સહિતના પોલીસ મથકોમાં ૧૦ ગુના નોંધાયેલાં છે. મીઠીયા સામે ભુજ, માંડવી અને માધાપરમાં ત્રણ ગુના, તેના પુત્ર ઝાકીર સામે ત્રણ અને અમીન સામે બે ગુના નોંધાયેલાં છે. સિકલો ઉર્ફે સિકંદર હાલ ઠગાઈના ગુનામાં પાલારા જેલમાં જ્યુડીસિયલ કસ્ટડીમાં કેદ છે. મીઠીયા અને તેના બે પુત્રોની ધરપકડ કરવા એલસીબીએ તજવીજ હાથ ધરી છે. ■

# ભુજમાંથી પાંચ હજાર લિટર શંકાસ્પદ પેટ્રોલિયમ પદાર્થ પુરવઠા વિભાગે જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુખ્ય મથક ભુજના અરિહંત નગરમાં પુરવઠા વિભાગે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી બાયોડીઝલ મનાતો ૫૦૦૦ લિટર શંકાસ્પદ તૈલી પદાર્થનો જથ્થો અને એક ટેન્કર મળી સાડા ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ પદાર્થના પૃથક્કરણ કરવા હેતુ ગાંધીનગર મોકલવામાં આવ્યો છે. જિલ્લા પુરવઠા અધિકારીએ આ કાર્યવાહી અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, મોડી રાત્રે ભુજની ભાગોળે સ્થિત અરિહંત નગર ખાતે પર્યાવરણ માટે અત્યંત હાનિકારક મનાતાં બાયોડીઝલનું ગેરકાયેદે વેચાણ થઈ રહ્યું હોવા અંગે મળેલી બાતમીના આધારે સ્થળ પર દરોડો પાડી, સ્થળ પર સંગ્રહિત કરાયેલો શંકાસ્પદ પેટ્રોલિયમનો આ જથ્થો મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા ૫૦૦૦ લિટર જેટલા જથ્થાની કિંમત ૪.૫૦ લાખ જેટલી આંકવામાં આવી છે, તો છ લાખની કિંમતનું ટેન્કર કે જેમાં આ શંકાસ્પદ જથ્થો સંગ્રહિત કરાઈ રહ્યો હતો, તેને પણ કબજે લઈ કુલ ૧૦.૫૦ લાખનો મુદ્દામાલ ભુજ એ ડિવિઝન પોલીસના હવાલે કરાયો હતો.

શંકાસ્પદ પેટ્રોલિયમ પદાર્થના પૃથક્કરણ અહેવાલ આવ્યા બાદ જ તે બાયોડીઝલ છે કે અન્ય પેટ્રોલિયમ પદાર્થ એ સ્પષ્ટ થશે. પુરવઠા વિભાગની આ કામગીરી દરમ્યાન સ્થળ પર મળી આવેલા એક શખ્સે પુરવઠા વિભાગના કર્મીઓને જણાવ્યું હતું કે, ભારે વાહનોમાં તેઓ આ પદાર્થનો ઈંધણ તરીકે ઉપયોગ કરતા હતા. પુરવઠા વિભાગની આ કાર્યવાહીથી બાયોડીઝલનો ગેરકાયેદે વેપલો કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. ■

# અંજારના ગંગા નાકેથી ૪૯૨ ગ્રામ માદક પદાર્થ ગાંજા સાથે ત્રણ યુવકો ઝડપાયાઃ ૧.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાંથી લગભગ દરરોજ માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં પૂર્વ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા અંજાર શહેરના પ્રવેશદ્વાર સમા સિધેશ્વર તળાવ પાસેના ગંગાનાકા વિસ્તારમાંથી ત્રણ શખ્સોને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા.

પૂર્વ બાતમીના આધારે એસઓજીએ હાથ ધરેલી કાર્યવાહીમાં શેખટીંબા ગરાસીયા ફળિયાના રહેવાસી એવા આદમ ઉર્ફે અધુડો બાફણ (૩૨), અલ્લારખા નોડે (૨૧) અને મોહમદ અબ્દુલ કકલ (૨૦)ની ધરપકડ કરી હતી. યુવકો પાસેથી પોલીસે ૪૯૨ ગ્રામ ગાંજો કિંમત રૂ.૪,૯૨૦, ત્રણ મોબાઈલ ફોન કિંમત રૂ.૨૦,૦૦૦, એક મોટરસાઇકલ કિંમત રૂ. ૧ લાખ અને રોકડ રૂ. ૪,૧૫૦ મળી કુલ રૂ. ૧,૨૯,૦૭૦નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. પોલીસે આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ માટે અંજાર પોલીસને સોંપવામાં આવ્યા છે. ■

# ભાવનગરના શિહોરમાં ૮૦ વર્ષની વૃદ્ધાની ગળુ દબાવી હત્યાઃ દુષ્કર્મની પણ આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના શિહોરમાં એક આશરે ૮૦ વર્ષિય વૃદ્ધાનું ગળું દબાવી હત્યા કરવામાં આવી હોવાનો બનાવ બનવા પામ્યો હતો. આ બનાવ અંગે શિહોર પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હત્યાની કલમ હેઠળ ગુન્હો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. તેમજ વૃદ્ધા સાથે દુષ્કર્મ થયું હોવાની આશંકાને પગલે પોલીસ દ્વારા મેડિકલ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

પોતાના ઘરમાં એકલાં રહેતા એક ૮૦ વર્ષિય વૃદ્ધા ગત શનિવારે સાંજે પોતાના ઘરના દરવાજા ખુલ્લા રાખીને સુતાં હતાં. જો કે, લાંબા સમય સુધી વૃદ્ધા બેશુદ્ધ અવસ્થામાં પડ્યા રહેતાં અને કંઈ બોલતા નહીં હોવાથી પાડોશીઓને શંકા ગઈ હતી. પાડોશીઓએ ઘરે જઈ બેશુદ્ધ અવસ્થામાં સુતેલાં વૃદ્ધાને જગાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારે જહેમત છતાં તેમણે કોઈ પ્રતિસાદ ન કરતાં પાડોશીઓ તથા વૃદ્ધાની દેખરેખ રાખતા લોકોને બોલાવી સારવાર અર્થે શિહોર સરકારી દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે તપાસીને ૮૦ વર્ષીય વૃદ્ધાને મૃત જાહેર કર્યાં હતા. જો કે, વૃદ્ધાના મૃતદેહની તપાસ કરતાં તેમના ગળા પર લિસોટાના નિશાન તથા કાનમાંથી લોહીના નિશાન મળી આવ્યા હતા. તેંમનું ગળું દબાવીને હત્યા થઈ હોવાનું ખુલ્યું હતું. ઉપરાંત, વૃદ્ધાની અન્ય તપાસમાં તેમના પર દુષ્કર્મ થયાની પણ શંકા વ્યક્ત થતાં પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે ભાવનગર સર ટી.હોસ્પિટલમાં ખસેડયો હતો. સિહોર પોલીસે અજાણ્યા હત્યા વિરુદ્ધ હત્યા સહિતની કલમ અન્વયે ગુનો નોંધ્યો હતો. અને તપાસ શરૂ કરી હતી. જયારે આ બનાવે શિહોર પંથકમાં ભારે ચકચાર મચાવી હતી. ■

# સાબરકાંઠાના પ્રાંતીજ તાલુકાના યુવકનું અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસવા જતાં મોત નીપજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં અમેરિકન સરકારે ગેરકાયદે ઘૂસેલા ભારતીયોને ડિપોર્ટ કર્યા હતાં. તેમાં ઘણા ગુજરાતીઓ હતાં. તે છતાંય હજી ઘણા લોકો આ પ્રકારે અમેરિકામાં ઘૂસવા પ્રયાસો કરી રહ્યાં છે. સાબરકાંઠાના પ્રાંતીજ તાલુકાના મોયદ ગામના યુવકનું અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસવા જતાં મોત નીપજ્યું હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી. ડાયાબિટીસની દવાઓ ખૂટી જતાં આ યુવક બેભાન થઈ કોમામાં સરી પડ્યો હતો. તેને નિકારગુઆમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. તેની પત્ની અને સગીર પુત્ર નિકારગુઆમાં જ અટવાયા હોવાનું પણ જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રાંતીજ તાલુકાના મોયદ ગામમાં રહેતા દિલીપભાઈ પટેલ પરિવાર સાથે ત્રણ મહિના પહેલા ઘરેથી નીકળ્યા હતા. તેમની માતાના જણાવ્યા પ્રમાણે તેમનો પુત્ર પરિવાર સાથે ફરવા જવાનું કહીને નીકળ્યો હતો, પરંતુ ક્યાં જવાનો છે તે કહ્યું નહોતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે દિલિપભાઈએ નિકારગુઆ થઈને અમેરિકા પહોંચવા માટે એજન્ટ મારફતે ગોઠવણ કરાવી હતી. મોયદના સરપંચે પણ તેમને સંપૂર્ણ જાણકારી નહીં હોવાનું જણાવ્યું હતું.

આ અંગે મોયદ ગામના સરપંચ ધનરાજસિંહ રાઠોડે મીડિયાને કહ્યું હતું કે, અમારા ગામમાં સાડા ત્રણ હજાર જેટલી વસ્તી છે, જેમાંથી પાટીદાર સમાજના ૫૦ ટકા લોકો અમેરિકામાં સ્થાઈ થયાં છે. દિલીભભાઈના કેસ અંગે તેમણે કહ્યું હતું કે, ગામમાં લોકો એવી ચર્ચાઓ કરે છે કે, તેઓ અમેરિકા ફરવા ગયા હતા અને ત્યાં તેઓ મૃત્યુ પામ્યા છે. આ બાબત અંગે વધુ કોઈપણ પ્રકારની જાણકારી મારી પાસે નથી.

ગામના સૂત્રો એવું પણ જણાવી રહ્યાં છે કે, દિલીપભાઈને ડાયાબિટિસ હોવાથી તેમની પાસે દવાઓનો અભાવ હોવા મુદ્દે એજન્ટ પણ શંકાના દાયરામાં છે. એજન્ટે દોઢ માસ સુધી યુવકના પરિવારને જોખમી સ્થિતિમાં રાખ્યા હોવાની પણ ચર્ચાઓ છે. મૃતકનો પરિવાર પણ મૌન ધારણ કરીને બેઠો છે. મૃતકની પત્ની અને સગીર પુત્ર પણ નિકારગુઆમાં અટવાયા હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે. ■

# અમદાવાદમાં એક સપ્તાહમાં ત્રણ પોલીસ કર્મચારીના હાર્ટ ઍટેકને કારણે મોત નિપજયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાર્ટ ઍટેકથી મોત થવાની ઘટનાઓ સતત વધી રહી છે. અમદાવાદમાં એક જ સપ્તાહમાં ત્રણ પોલીસકર્મીના હાર્ટ ઍટેકના કારણે મોત થતાં સમગ્ર પોલીસ બેડામાં શોકનો માહોલ છવાયો હતો. સતત કામના તણાવ અને અનિયમિત જીવન શૈલીના કારણે ગંભીર બીમારી અને શારીરિક માનસિક અસર થતી હોય છે તેવા સમયે દિવસ રાત કામ કરતા પોલીસ જવાનોને પણ તેની અસર થઈ રહી હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ નરેશ પટણીને સોમવારે વહેલી સવારે ચાલુ ફરજે હાર્ટ ઍટેક આવતાં તેમનું મોત નિપજ્યું હતું. નરેશ પટણી એકદમ શાંત સ્વભાવના તેમ જ ઉદાર જીવના હતા. નરેશ પટણી અચાનક મૃત્યુ થતા તેમના પરિવાર સહિત ક્રાઇમ બ્રાંચના અધિકારીઓમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

થોડા દિવસ પહેલા શહેરના ગોમતીપુર હેડક્વાર્ટરમાં પરેડ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ અર્જુન સિંહનું હાર્ટ એટેકથી નિધન થયું છે. અર્જુનસિંહને પરેડ દરમિયાન છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો, જેના કારણે તે ઢળી પડ્યા હતા. અર્જુનસિંહને અન્ય પોલીસ કર્મચારીઓએ તરત સીપીઆર આપીને જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમનું મોત નિપજયું હતું. ત્યાર બાદ ગાંધીનગર ડી.જી. ઑફિસમાં ફરજ બજાવતા પીઆઇ આર.એલ.ખરાડીનું પણ હાર્ટ ઍટેકના કારણે અવસાન થયુ હતું. ■